gujaratvandan.com



પરિણીતિની નિખાલસતા- હું ફિલ્મી હસ્તીઓ માટે કોફીનો ઓર્ડર કરતી હતી... વોટ્સ રોંગ..?! નથીંગ...

પેજ 11


નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 5 મે, 2024

ચૈત્ર વદ -12, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 08 | અંક : 01 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12


**સુવિચાર**

અસફળ વ્યક્તિ સાથે બેસવાનું રાખશો તો, તેની પાસેથી અહંકાર નહીં અનુભવ મળશે ..!!!!!

### રૂપાલા ફેક્ટરની વચ્ચે 25 બેઠકો માટે ભાજપ અને કોંગ્રેસ-આપ વચ્ચે સીધી ટક્કર

## શું ગુજરાતમાં ભાજપ હેટ્રીક નોંધાવશે..?

■ નો વેવના રાજકીય વાતારણમાં 19 મહિલાઓ સહિત 266 ઉમેદવારો મેદાનમાં....

ગુજરાત | વંદન

ગુજરાતમાં 18મી લોકસભાની 26માંથી 25 બેઠકો પર જાહેર પ્રચાર પડઘમ 5મેના સાંજથી શાંત થઇ જશે. 7મી મેના રોજ મતદાન પહેલાં ભાજપ, કોંગ્રેસ અને આપ પાર્ટીના ઉમેદવારો અને કાર્યકરો મતદારોનો ડોર ટુ ડોર સંપર્ક કરીને મતદાન માટે વિનવશે. 26માંથી એક બેઠક ભાજપે બિનહરિફ જીતીને ખાતુ ખોલાવ્યું છે. પણ ગઇ વખતની જેમ તમામ 26 બેઠકો સતત ત્રીજી વખત જીતીને ભાજપ હેટ્રીક નોંધાવશે કે કેમ તેની વ્યાપક રાજકીય ચર્ચા થઇ રહી છે. તો મતદાનના દિવસે હીટવેવની આગાહીથી મતદાન પર અસર થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

કેમ કે આ વખતે ભાજપની સામે રૂપાલા ફેક્ટર છે અને તેના પગલે ક્ષત્રિય સમાજની નારાજગી છે. ગુજરાતમાં નારાજ ક્ષત્રિય સમાજની નારાજગી કેટલી અને કેવી પડી એ તો પરિણામના

...અનુસંધાન પેજ નં. 6 પર

### 7મીએ હીટવેવની વચ્ચે ખરાખરીનો જંગ

#### ક્ષત્રિયો દ્વારા ભાજપ સામે વિરોધ-પાર્ટ 2

ગુજરાતમાં લોકસભા ચૂંટણીમાં હવે ક્ષત્રિયોએ ભાજપ સામે વિરોધ કરવાનું એલાન કર્યું છે. તેમનું કહેવું છે કે તેઓ તમામ 26 સીટ પર ભાજપનો વિરોધ કરશે.



રાજકોટના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાના એક નિવેદન બાદ ગુજરાતમાં ક્ષત્રિયોએ વિરોધ નોંધાવ્યો હતો અને તેમની માગ હતી કે રૂપાલાની ટિકિટ રદ કરવામાં આવે. જોકે ભાજપે તેમની ટિકિટ રદ નથી કરી અને રૂપાલાએ ફૉર્મ પણ ભરી દીધું છે.

એવામાં હવે ક્ષત્રિય-રાજપૂત સમાજે ભાજપનો વિરોધ કરવા નવી રણનીતિ અપનાવી છે.અમદાવાદમાં ગુજરાત રાજ્યની રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિની બેઠક મળી હતી. જેમાં નિર્ણય લેવાયો હતો કે હવે તમામ 25 બેઠકો પર ભાજપની વિરુદ્ધમાં મતદાન કરાવવામાં આવશે. અગાઉ ક્ષત્રિય સમાજે વિવિધ જિલ્લાઓમાં વિરોધ કર્યો છે.

#### અમદાવાદ બેઠક પર સૌથી વધુ ઉમેદવાર

રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીના જણાવ્યા



પ્રમાણે, લોકસભાની 25 બેઠકો માટે 266 અને વિધાનસભાની પાંચ બેઠકો માટે 24 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.. લોકસભાની અમદાવાદ બેઠક ઉપર સૌથી વધુ 18 ઉમેદવારો સ્પર્ધામાં છે જ્યારે સૌથી ઓછા ત્રણ ઉમેદવારો બારડોલી બેઠક પર રહ્યાં છે. એવી જ રીતે વિજાપુર વિધાનસભાની બેઠકમાં સૌથી વધુ આઠ ઉમેદવારો અને સૌથી ઓછા બે ઉમેદવારો વાઘોડિયા બેઠક પર ચૂંટણી લડી રહ્યાં છે.

#### જ્યારે આખા દેશમાં ભાજપને માત્ર એક બેઠક મળી અને તે પણ ગુજરાતમાં

31 ઑક્ટોબર-1984માં ઈંદિરા ગાંધીની હત્યા થઈ. ત્યારબાદ



યોજાયેલી ચૂંટણીમાં ભાજપે 224 બેઠક લડી, જેમાં 100 કરતાં વધુ બેઠક પર પાર્ટી બીજા ક્રમે હતી અને તેને 7.75 ટકા જેટલા મત મળ્યા હતા. પરંતુ પાર્ટીનો આખા ભારતમાં માત્ર બે બેઠક પર જ વિજય થયો હતો. જેમાંની એક ગુજરાતની મહેસાણાની બેઠક ઉપરથી ડૉ. એ. કે. પટેલની હતી. તેમણે કૉંગ્રેસના સાગરભાઈ રાયકાને લગભગ 44 હજાર મતે પરાજય આપ્યો હતો. જે કુલ માન્યમતના આઠ ટકા જેટલા હતા.એ ચૂંટણીઓમાં કોંગ્રેસને 400 કરતાં વધુ બેઠકો મળી હતી.

#### 19 મહિલાઓ પણ ચૂંટણી જંગના મેદાનમાં

ગુજરાતમાં લોકસભાની 25 બેઠકોની ચૂંટણીમાં 19 મહિલાઓ સાથે કુલ 266 તેમજ વિધાનસભાની પાંચ બેઠકોમાં 24 ઉમેદવારો મેદાનમાં રહ્યાં છે. ઉમેદવારી પત્રોની ચકાસણી અને ફોર્મ પાછા ખેંચાયા પછી આખરી ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે.

#### એક બેઠક બિનહરિફ થઇ

સુરત લોકસભા બેઠક પર કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણી, બસપા ઉમેદવાર પ્યારેલાલ ભારતી અને અન્ય ત્રણ નાની પાર્ટીઓના ઉમેદવાર તથા ચાર અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ પાછા ખેંચતા ભાજપ ઉમેદવાર મુકેશ દલાલની બીનહરીફ જીત થઈ છે.

**4 જૂનના રોજ પરિણામ** | ઉલ્લેખનીય છે કે, .દેશભરમાં સાત તબક્કામાં ચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે. 7 મેના રોજ ગુજરાતની 26 બેઠક પર મતદાન થશે, જ્યારે 4 જૂને પરિણામ જાહેર થશે.

## નિજ્જર હત્યા કેસમાં મોટો ધડાકો : ત્રણ ભારતીયોની ધરપકડથી હલચલ મચી

■ ભારત-કેનેડા વચ્ચે રાજદ્વારી વિવાદ વધવાની શક્યતા

ગુજરાત | વંદન



ખાલિસ્તાની શીખ નેતા હરદીપ સિંહ નિજ્જરના હત્યા કેસમાં ત્રણ શંકાસ્પદ વ્યક્તિોની ધરપકડ કરવામાં આવી છે. શુક્રવારે સવારે કેનેડાની પોલીસ ત્રણ ભારતીય નાગરિકોને કસ્ટડીમાં લઈ ગઈ હતી. ઉલ્લેખનીય છે કે નિઝરની હત્યા બ્રિટિશ કોલંબિયાના સુરેના એક ગુરુ નાનક શીખ ગુરુદ્વારામાં એક વર્ષ પહેલા ગોળી મારીને કરવામાં આવી હતી.

સૂત્રોએ માહિતી આપતા જણાવ્યું હતું કે શંકાસ્પદો કેનેડામાં સ્ટુડન્ટ વિઝા પર આવ્યા હતા પરંતુ તેમણે ભારતીય ગુપ્તચરની સુચના મુજબ તે સમયે નિજ્જર હત્યા કરી હતી. બ્રિટિશ કોલંબિયાની કોર્ટના રેકોર્ડ મુજબ કરનપ્રિત સિંહ(28), કમલપ્રિત સિંહ(22) અને કરન બરાર(22) પર હત્યા અને નિઝરની હત્યા માટેનું ષડયંત્ર રચવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ ગુનો સુરે અને એડમિન્ટનમાં બન્યો હતો, જ્યાં આ તમામ વ્યક્તિઓ રહેતા હતા. આ હત્યા કેસમાં અન્ય લોકો પણ સંડોવાયેલા હોવાની વાત પોલીસ કરી રહી છે.

પોલીસ કમિશનર ડેવિડ ટેબોલે જણાવ્યું હતું કે હજી પણ આ મામલે તપાસ ચાલી જ રહી છે. આ કેસમાં બીજા કેટલાક પાસાઓની પણ તપાસ



કરવામાં આવી રહી છે. હાલ એ બાબતે પણ તપાસ ચાલી રહી છે કે આ પ્રકરણમાં ભારતની સંડોવણી છે કે કેમ. ટેબોલે વધુમાં જણાવ્યું હતું કે હાલ કેનેડાની પોલીસ આ મામલે ભારત સાથે પણ કોઓર્ડિનેશન કરી રહી છે.

ધ વર્લ્ડ શીખ ઓર્ગેનાઈઝેશને આ ધરપકડના વખાણ કર્યા છે. ઉલ્લેખનીય છે કે ભારત સરકાર અને ક્રિમિનલ ગેંગ વચ્ચે મિલિભગત હોવાના સવાલો આ હત્યાના કારણે સર્જાયા હતા. એવા પણ આક્ષેપો કરવામાં આવી રહ્યાં છે કે ખાલીસ્તાન ચળવળને સમર્થન કરવા બદલ ભારત સરકારે નિજ્જરની હત્યા કરાવી હોય તેવું પણ બની શકે. નોંધનીય છે કે નિજ્જર દ્વારા ભારતમાંથી શીખ બહુમતી ધરાવતા પંજાબને આઝાદ



કરવાની વાતનું સમર્થન કરવામાં આવ્યું હતું.


ગત સપ્ટેમ્બરમાં વડાપ્રધાન જસ્ટીન ત્રુડોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આગળી ચીંધતા કહ્યું હતું કે આ કેસમાં ભારતીય એજન્ટ્સ સંડોવાયેલા હોવાની ચોક્કસ માહિતી આ અંગેની તપાસ કરતા પ્રાપ્ત થઈ છે. જોકે આ વાતને ભારતે નકારી હતી. બાદમાં આ જ મુદ્દે ભારે ઘર્ષણ થયું હતું અને ઓટાવા અને નવી દિલ્હીએ એકબીજાના રાજદ્વારીઓને એકબીજાને ત્યાંથી કાઢી મૂક્યા હતા.

કેનેડાના અધિકારીઓ હાલ એ અંગેની તપાસ કરી રહ્યાં છે કે ખાલીસ્તાનને અલગ કરવા અંગેની ચળવળને દબાવી દેવાના ભાગરૂપે નિજ્જરની ...અનુસંધાન પેજ નં. 6 પર

### ન્યૂઝ બ્રિફ

#### શાહરૂખ ખાને ફિલ્મોમાંથી લીધો બ્રેક

શાહરૂખ ખાને ગયા વર્ષે પઠાણ જવાન અને ડેન્કી



સાથે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. હવે તે પોતાની આગામી ફિલ્મોના શૂટિંગ પહેલા થોડો બ્રેક લેવા માંગે છે. તાજેતરમાં શાહરૂખ ખાને પોતે આ વાતનો ખુલાસો કર્યો છે. IPL 2024માં વ્યસ્ત કિંગ ખાને જણાવ્યું કે તે શા માટે બ્રેક લેવા માંગે છે.સિનેમાના બાદશાહ શાહરૂખ ખાને ગયા વર્ષે 2023માં શાનદાર કમબેક કર્યું હતું. પાંચ વર્ષ પછી, શાહરૂખે ફિલ્મ 'પઠાણ' સાથે પુનરાગમન કર્યું .

#### પીએમ મોદી આજે અયોધ્યામાં રામલલાના દર્શન કરશે



લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાન પહેલા એટલે કે 5 મેના રોજ પીએમ મોદી અયોધ્યાની મુલાકાત લેશે. અહીં તેઓ ફૈઝાબાદ લોકસભા ક્ષેત્રથી ભાજપના ઉમેદવાર લલ્લુસિંહના સમર્થનમાં રોડ શો કરશે. પીએમ મોદી રામ મંદિરમાં જઈને રામલલાના દર્શન કરી પૂજા કરશે. પીએમ મોદીની અયોધ્યા મુલાકાતને યાદગાર બનાવવા માટે ભાજપે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

#### ગદર્ભ પર સવાર થઇ ઉમેદવારી કરવા પહોંચ્યા ઉમેદવાર....

ચૂંટણી દરમિયાન, ઉમેદવારોને તેમના સમર્થકો સાથે



નામાંકન ભરવા માટે રેલી કાઢતા જોયા હશે. બિહારના ગોપાલગંજમાં એક અપક્ષ ઉમેદવાર ગધેડા પર બેસીને ઉમેદવારી નોંધાવવા પહોંચ્યા હતા. લોકસભા ચૂંટણી માટે અપક્ષ ઉમેદવાર સત્યેન્દ્ર ગધેડા પર બેસીને રિટર્નિંગ ઓફિસરની ઓફિસે પહોંચ્યા હતા. ઉમેદવારને ગધેડા પર સવારી કરતા જોવા માટે લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી.

### ત્રીજો તબક્કો: 95 ઉમેદવારો અને 1351 ઉમેદવારોનું ભાવિ કેદ થશે

ગુજરાત | વંદન

લોકસભા ચૂંટણી 2024ના ત્રીજા તબક્કા હેઠળ 7 મેના રોજ મતદાન થવાનું છે. આ સમયગાળા દરમિયાન, 12 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની 95 લોકસભા બેઠકો પર મતદાન થશે. ત્રીજા તબક્કામાં 1351 ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ થશે.

ત્રીજા તબક્કા હેઠળ આસામમાંથી 4, બિહારમાંથી 5, છત્તીસગઢમાંથી 7, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાંથી 2, ગોવામાંથી 2, ગુજરાતમાં 25, જમ્મુ-કાશ્મીરમાંથી 1, કર્ણાટકમાંથી 14, મધ્યપ્રદેશમાંથી 9 , મહારાષ્ટ્રની 11, ઉત્તર પ્રદેશની 10 અને પશ્ચિમ બંગાળની 4 લોકસભા બેઠકો પર મતદાન થશે. આમાં મધ્યપ્રદેશના 29-બેતુલ (અનુસૂચિત



જનજાતિ માટે અનામત) સંસદીય મતવિસ્તારમાં મુલતવી રાખવામાં આવેલી ચૂંટણીમાં ઉભા રહેલા 8 ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે. દેશમાં 7 તબક્કામાં સામાન્ય ચૂંટણી યોજાઈ રહી છે. લોકસભા ચૂંટણી 2024 ના ત્રીજા તબક્કાના મતદાન માટે કુલ 2963 નામાંકન દાખલ કરવામાં આવ્યા હતા. તમામ નામાંકનોની ચકાસણી બાદ 1563 નામાંકન માન્ય જણાયા હતા.

### ઓડિશામાં કોંગ્રસના મહિલા ઉમેદવારે કહ્યું : સોરી, હું ચુંટણી નહીં લડું

ગુજરાત | વંદન

ઈન્દોર બાદ કોંગ્રેસને વધુ એક મોટો ઝટકો



લાગ્યો છે. કોંગ્રેસના ઉમેદવાર સુચારિતા મોહંતીએ ઓડિશાના પુરીમાં ચૂંટણી લડવાનો ઈન્કાર કરી દીધો છે. મોહંતીએ આરોપ લગાવ્યો છે કે પાર્ટી કોઈપણ પ્રકારની આર્થિક મદદ કરી રહી નથી. સુચારિતા મોહંતીએ કહ્યું કે પાર્ટી ફંડિંગ વિના ચૂંટણી પ્રચાર કરવો મારા માટે શક્ય નથી, તેથી મેં ચૂંટણી લડવાની ના પાડી છે. હું ટિકિટ પરત કરું છું. ઉલ્લેખનીય છે કે સંબિત પાત્રા અહીંથી ભાજપના ઉમેદવાર છે.

### મસૂરી-દેહરાદૂન રોડ પર કાર ખીણમાં પડતા 5 મોત, 1 ઘાયલ

■ અકસ્માતમાં ચાર યુવક અને એક યુવતીનો સમાવેશ

ગુજરાત | વંદન

ઉત્તરાખંડના દેહરાદૂનમાં એક મોટો રોડ અકસ્માત થયો છે. મસૂરી-દેહરાદૂન રોડ પર ઝરીપાની પાસે એક ફોર્ડ એન્ડેવર એસયુવી નિયંત્રણ બહાર નીકળી ગઈ અને પહાડ પરથી નીચે પડી. વાહનમાં ચાર યુવકો અને બે યુવતીઓ સહિત કુલ 6 લોકો મુસાફરી કરી રહ્યા હતા, જેમાંથી 5ના મોત થયા હતા અને 1 યુવતી ગંભીર રીતે ઘાયલ હોવાનું કહેવાય છે. સ્થાનિક લોકો અને રાહદારીઓ પાસેથી અકસ્માતની માહિતી મળ્યા બાદ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, શનિવારે સવારે લગભગ 5 વાગ્યાની આસપાસ



ચુનાખલ-ઝારીપાની રોડ પર કમલ કોટેજ પાસે, ફોર્ડ એન્ડેવર વાહન નિયંત્રણ બહાર નીકળી ગયું અને પહાડ પરથી નીચે રોડ પર પડી ગયું.

પોલીસે જણાવ્યું હતું કે વાહન, જેમાં છ લોકો મુસાફરી કરી રહ્યા હતા, તે ઉપરની લેનમાંથી નીચે રોડ પર ઊંધી પડી ગઈ હતી. તમામ દેહરાદૂનની શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ હોવાનું કહેવાય છે. અકસ્માત બાદ એસયુવીમાં મુસાફરી કરી રહેલા ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

...અનુસંધાન પેજ નં. 6 પર

### સિદ્ધુ મૂસેવાલાની સુરક્ષા ઘટતા જ હત્યારાઓ ફાવ્યાં

■ પંજાબ સરકારની સુપ્રીમમાં મહત્ત્વપૂર્ણ કબૂલાત

ગુજરાત | વંદન

સુપ્રીમ કોર્ટમાં પંજાબ સરકારે



સ્વીકાર્યું છે કે પંજાબી સિંગર સિદ્ધુ મૂસેવાલાની હત્યા સુરક્ષામાં ઘટાડો કરવાને લીધે થઈ હતી. પંજાબ સરકારના વકીલ એડવોકેટ જનરલ ગુરમિન્દર સિંહ ગેરીએ સુપ્રીમકોર્ટમાં દાખલ સોગંદનામામાં આ વાત સ્વીકારી હતી. ટોચની કોર્ટમાં કબૂલાતનામા બાદ મૂસેવાલાના પિતા બલકૌર સિંહે સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા. શિરોમણી અકાલી દળે પણ સિંગરની હત્યા મામલે સરકારને ઘેરી હતી. અહેવાલ અનુસાર મૂસેવાલાના પિતા બલકૌર સિંહે કહ્યું કે સરકારે તેના કબૂલાતનામા બાદ એ લોકો સામે FIR કરવી જોઈએ જેમના કારણે સુરક્ષામાં ઘટાડો કરાયો હતો.

આ મામલે સિદ્ધુ મૂસેવાલાના પિતા બલકૌર સિંહે કહ્યું કે જવાબદાર લોકો સામે કાર્યવાહી થવી જોઈએ. સત્ય તો સામે આવી જ જાય છે. આ હત્યામાં

...અનુસંધાન પેજ નં. 6 પર

### ચેસના ખેલાડીએ રાહુલને ફેંક્યો પડકાર

■ 'રાયબરેલીમાંથી પહેલા જીત તો નોંધાવો..

ગુજરાત | વંદન

કોંગ્રેસના નેતાઓ 'નિષ્ણાત ચેસ પ્લેયર' રાહુલ ગાંધીના અમેઠીને બદલે રાયબરેલીથી ચૂંટણી લડવાના નિર્ણયને એક મોટી રાજકીય ચાલ તરીકે રજૂ કરી રહ્યા છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે રાહુલ ગાંધીનું આ પગલું વિરોધીઓને હરાવી દેશે, પરંતુ વાસ્તવિક જીવનમાં ચેસ ચેમ્પિયન એવા રશિયન ગ્રાન્ડમાસ્ટર ગેરી કાસ્પારોવે રાહુલ ગાંધીનું નામ લીધા વિના તેમને સલાહ આપી છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટના જવાબમાં ગેરી કાસ્પારોવે લખ્યું




છે કે, 'ટોચના પદ માટે પડકાર આપતા પહેલા તમારે તમારી પરંપરાગત બેઠક રાયબરેલીથી જીતવું પડશે.'

કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીના મનપસંદ ચેસ ખેલાડી ગેરી કાસ્પારોવે 'ટોચના સ્તરે પડકાર આપતા પહેલા રાયબરેલીમાં જીત તો મેળવો' કહીને રમત પ્રત્યેના તેમના શોખ અંગે પ્રતિક્રિયા આપી છે. આ 61 વર્ષીય ભૂતપૂર્વ મહાન રશિયન ખેલાડીએ 2005માં સ્પર્ધાત્મક ચેસમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. તે 'X' પર યુઝરની પોસ્ટનો જવાબ આપી રહ્યો હતો. કોંગ્રેસે તાજેતરમાં જ લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન રાહુલ ગાંધી તેમના મોબાઈલ ફોન પર ચેસ રમતા હોવાનો વીડિયો પોસ્ટ કર્યો હતો. આ વીડિયોમાં, ગાંધીએ કાસ્પારોવને તેમનો પ્રિય ચેસ ખેલાડી ગણાવ્યો હતો અને રમત અને રાજકારણ વચ્ચે સમાનતા દર્શાવી હતી.

### ચીનના ઈશારે નેપાળ ફરી ભારતની વિરુદ્ધમાં

ગુજરાત | વંદન

નેપાળ ભારતના પાંચ રાજ્યો સિક્કિમ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સાથે



1850 કિલોમીટરથી વધુની સરહદ ધરાવે છે. તેમજ ભારત અને નેપાળ વચ્ચે લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાની વિસ્તારને લઈને ઘણા વર્ષોથી વિવાદ ચાલી રહ્યો છે. એવામાં નેપાળે શુક્રવારે 100 રૂપિયાની નવી નોટ છાપવાની જાહેરાત કરી હતી. જેમાં નેપાળ આ ત્રણ વિવાદિત વિસ્તાર લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાની નેપાળના નકશામાં સામેલ કરશે, જેના પર ભારત પોતાનો દાવો કરી રહ્યું છે.

માહિતી અને સંચાર મંત્રી રેખા શર્માએ કેબિનેટના નિર્ણય અંગે માહિતી આપતા કહ્યું હતું કે, "25 એપ્રિલ અને 2 મેના ...અનુસંધાન પેજ નં. 6 પર

#### વાંકી નજરે... 

સૌજન્યથી...




### ભારતમાં અસ્થામાને કારણે દર વર્ષે 2 લાખ લોકોના મોત

■ વહેલું નિદાન અને સારવાર કરવી ખૂબ જ જરૂરી

ગુજરાત | વંદન

ભારતમાં દર વર્ષે 2 લાખ લોકો અસ્થમાના કારણે મૃત્યુ પામે છે. એવામાં ડોક્ટર્સ કહેવું છે કે હવે એવી સારવારો છે જે એટલી અસરકારક અને સલામત છે કે જેથી વ્યક્તિ લગભગ સામાન્ય જીવન જીવી શકે છે. તેના માટે વહેલું નિદાન અને સારવાર કરવા ખૂબ જ જરૂરી છે.

ગ્લોબલ બર્ડન ઑફ ડિસીઝ 2021ના રિપોર્ટ મુજબ, વૈશ્વિક સ્તરે અસ્થમાના કારણે થતા મૃત્યુમાં ભારતનો હિસ્સો 46 ટકા છે. જે વર્ષ 2019ના રિપોર્ટ કરતાં 43 ટકા વધુ છે. જો તાજેતરના રિપોર્ટ ધ્યાનમાં લેવામાં આવે તો ભારતમાં અસ્થમાના 90 ટકાથી વધુ દર્દીઓ શ્વાસમાં લેવાતી કોર્ટીકોસ્ટેરોઈડ્સનો ઉપયોગ કરતા નથી. તેમજ તેઓ માત્ર બ્રોન્કોડિલેટર દવાઓ મૌખિક રીતે અથવા શ્વાસ દ્વારા લે છે, જે વધુ પીડા અને મૃત્યુનું કારણ બને છે.

અસ્થમા એ અનુવાંશિક રોગ છે જે પરિવારોમાં ચાલે છે, પરંતુ વાયુ પ્રદૂષણના કારણે સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. શ્વાસની તકલીફ એ સામાન્ય લક્ષણ હોવા છતાં, ઉધરસ, વહેતું નાક, છીંક જેવા અન્ય સામાન્ય



લક્ષણો છે. અસ્થમાના દર્દીઓ વારંવાર ઉધરસની ફરિયાદ કરે છે, જે રાત્રે વધુ સામાન્ય છે, જેના કારણે તેઓ જાગી જાય છે અને સખત કામ કરતી વખતે શ્વાસ લેવામાં તકલીફ પડે છે.

બાળકો સામાન્ય રીતે જલ્દી અસ્થમાથી પીડાઈ શકે છે. હકીકતમાં અસ્થમાના 50 ટકા દર્દીઓ તો બાળકો છે. જો કે, સ્પિરૉમેટ્રીની ઍક્સેસના અભાવને કારણે ભારતમાં અસ્થમાનું નિદાન ઓછું થાય છે. ગ્લોબલ અસ્થમા નેટવર્ક અભ્યાસ, જે 6-7 વર્ષની વયના 20,084 બાળકો, 13-14 વર્ષની વયના 25,887 બાળકો અને ભારતમાં નવ જુદા જુદા સ્થળોએથી 81,296 માતા-પિતા પર હાથ ધરવામાં આવ્યો હતો, તેમાં જાણવા મળ્યું હતું કે 82 ટકા કિસ્સાઓમાં અસ્થમાનું નિદાન ઓછું થયું હતું. ગંભીર અસ્થમા ધરાવતા લોકોમાં પણ, 70 ટકાનું નિદાન થયું નથી.

### રાજસ્થાનના કેબિનેટ મંત્રીને જાનથી મારવાની મળી ધમકી

■ ઈન્સ્ટાગ્રામ દ્વારા આપવામાં આવી ધમકી

ગુજરાત | વંદન

રાજસ્થાનના કેબિનેટ મંત્રી બાબુલાલ ખરાડીને સોશિયલ મીડિયા પર જાનથી મારી નાખવાની ધમકી મળી છે. મંત્રી બાબુલાલ ખરાડીને સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર કોમેન્ટમાં જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. રાજસ્થાનના એક કેબિનેટ મંત્રીને ફરી એકવાર જા ન થ ીમારી નાખવાની ધમકી મળી છે. આ ધમકી ઈન્સ્ટાગ્રામ પરની ટિપ્પણીઓમાં જોવા મળી હતી. કેબિનેટ મંત્રી બન્યા બાદ ખરાડીને બીજી વખત સોશિયલ મીડિયા પર ધમકી મળી છે. જોકે, પહેલીવાર પોલીસે ધમકીના મામલે સગીર વયની અટકાયત પણ કરી હતી. રાજસ્થાન સરકારના આદિવાસી મંત્રી અને ઝાડોલના ધારાસભ્ય બાબુલાલ ખરાડીને

...અનુસંધાન પેજ નં. 6 પર

ઈન્સ્ટાગ્રામ પર ટિપ્પણી કરતી વખતે એક વ્યક્તિ દ્વારા ધમકી આપવામાં આવી હતી

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# દાહોદ લોકસભા બેઠકમાં પુરુષ કરતા મહિલા મતદારો વધુ



**■ આ વિસ્તારમાં સ્થળાંતરિત લોકોનો વસવાટ હોવાનું તારણ ..**

ગુજરાત | વંદન

ગુજરાતમાં વિધાનસભાની 15 આદિવાસી બેઠકોમાં પુરુષો કરતાં વધુ મહિલા મતદારો છે. પરંતુ રાજ્યની 26 લોકસભા બેઠકોની વાત કરવામાં આવે તો દાહોદ એકમાત્ર એવી બેઠક છે જ્યાં મતદાર લિંગ ગુણોત્તર છે, જે રાજ્યમાં સૌથી વધુ છે. લિંગ ગુણોત્તરને દર 1,000 પુરુષોએ મહિલાઓની સંખ્યા તરીકે ગણવામાં આવે છે.

2009 અને 2014ની લોકસભા ચૂંટણીમાં આદિવાસી બેઠક પર અનુક્રમે 981 અને 983 ના મતદાતાઓનો લિંગ ગુણોત્તર હતો. 2019ની લોકસભાની ચૂંટણીમાં દર 1,000 પુરુષ મતદારોએ આ પ્રમાણ વધીને 990 મહિલા મતદાતાઓ સુધી પહોંચી ગયું છે.

આ વખતે દાહોદ પછી બારડોલી અને વલસાડ બેઠક આવે છે, જેમાં પ્રત્યેક 1,000 પુરુષ મતદારોએ 967 મહિલા મતદારો છે. રાજ્યમાં નવસારીમાં સૌથી ઓછા 857 મહિલા મતદાર છે. જો કે રાજ્યનો મતદાર લિંગ ગુણોત્તર ગત લોકસભાની ચૂંટણીમાં 930 થી સુધરીને આ વર્ષે 943 થઈ ગયો છે. સુરત અને અમદાવાદ પૂર્વમાં પણ મતદાર લિંગ ગુણોત્તર અનુક્રમે 871 અને 911 છે. સુરેન્દ્રનગર, રાજકોટ, બનાસકાંઠા, અમરેલી, ભાવનગર અને પોરબંદર જેવા અન્ય જિલ્લાઓમાં પણ રાજ્યના સરેરાશ મતદાર લિંગ ગુણોત્તર કરતા ઓછો ગુણોત્તર છે.

એક જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે સુરત, અમદાવાદ અને નવસારીમાં ઓછા મતદારોના લિંગ ગુણોત્તરનું કારણ એ છે કે અહીં ઘણા વર્ષોથી અહીં એકલા રહેતા પરપ્રાંતિયોની સંખ્યા મોટી છે. નવસારીની ઉધના વિધાનસભા વિસ્તારમાં રાજ્યમાં સેક્સ રેશિયો 940 છે. સૌરાષ્ટ્રમાં સેક્સ રેશિયો નીચો છે. સુરત અને નવસારીમાં જ્યાં આ વિસ્તારની મોટી સંખ્યામાં સ્થળાંતરિત લોકો રહે છે તે કારણ હોઈ શકે છે. પટેલોનું પ્રભુત્વ ધરાવતા સૌરાષ્ટ્ર અને મહેસાણામાં ચાઇલ્ડ સેક્સ રેશિયો હંમેશાથી ચર્ચામાં રહ્યો છે. એ જ રીતે અમદાવાદ પૂર્વમાં સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાંથી સ્થળાંતર કરનારાઓનું પ્રભુત્વ છે, જે સમાન લિંગ ગુણોત્તર પેટર્ન માટે કારણભુત છે.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં હાલ 1,000 છોકરાઓ દીઠ 909 છોકરીઓ છે. કેન્દ્રના અહેવાલ મુજબ, 'સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ 2020 પર આધારિત ભારતના મહત્વપૂર્ણ આંકડા.' 2019ના રિપોર્ટમાં ગુજરાતમાં જન્મ સમયે સૌથી ઓછો લિંગ રેશિયો (901) નોંધાયો છે, ત્યારબાદ આસામ (903), મધ્યપ્રદેશ (905) અને જમ્મુ-કાશ્મીર (909)નો નંબર આવે છે. 2018માં રાજ્યમાં જન્મ સમયે સૌથી વધુ લિંગ ગુણોત્તર 897 નોંધવામાં આવ્યો હતો.

# ગાંધીનગર બેઠકના મતદાન મથકો પર દિવ્યાંગો માટે 670 વ્હીલચેરની વ્યવસ્થા



**■ પાંચ વિધાનસભા મતવિસ્તારોમાં 11 હજાર કરતાં વધુ દિવ્યાંગો**

ગુજરાત | વંદન

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચેય વિધાનસભા મતદાર વિભાગમાં વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો પણ સરળતાથી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકોમાં 11 હજાર કરતાં વધુ દિવ્યાંગો માટે મતદાન મથકો પર ખાસ આયોજન કરાયું છે.

લોકસભા ચૂંટણી માટે 7મી મેના રોજ મતદાન યોજાનાર છે. ઉનાળાની ગરમીને ધ્યાનમાં રાખીને મતદાન કરવાનો સમય સવારના 7થી સાંજના 6 વાગ્યા સુધીનો નિયત કરવામાં આવ્યો છે. આ સમયે તમામ મતદારો પોતાના અમૂલ્ય મતાધિકારનો ઉપયોગ સરળતાથી કરી શકે તે માટે પીવાના પાણી, મંડપ અને વાહન પાર્કિંગ જેવી પ્રાથમિક સુવિધાઓ તમામ મતદાન મથકો ખાતે આપવામાં આવનાર છે. તેની સાથે ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં કુલ 11,475 દિવ્યાંગ મતદારોનો સમાવેશ થાય છે.દિવ્યાંગ મતદારોને મતદાન કરવા બાબતે કોઇ પણ મુશ્કેલી ન પડે તે માટે હેલ્પ લાઇન ટોલફ્રી નંબર 1950 જાહેર કરવામાં આવ્યો છે. આ નંબર પર સંપર્ક કરીને મુશ્કેલી અથવા સહાય મેળવી શકશે.

# નવતર અભિગમ! કોડ સ્કેન કરો અને મતદાન મથક શોધો



**■ ગાંધીનગરમાં મતદારોને ક્યુઆર કોડ સાથેની સ્લિપ અપાઇ**

ગુજરાત | વંદન

આગામી 7મી મેના રોજ યોજાનાર લોકસભા ચૂંટણીમાં મતદારોની સરળતા માટે ચૂંટણી પંચ દ્વારા પ્રથમવાર અનેક નવા પ્રયોગો કરવામાં આવ્યા છે. મતદારોને તેમને જ્યાં મત આપવાનો છે એ મતદાન મથકનું લોકેશન સરળતાથી મળી રહે તે માટે ક્યુઆર કોડ સાથેની મતદાર સ્લિપોનું વિતરણ કરવામાં આવ્યું છે.

હાલના સમયમાં તમામ લોકો પાસે સ્માર્ટ ફોન હોય છે. અને તેના આધારે લોકો સરળતાથી કોઈપણ લોકેશન શોધી શકતા હોય છે. ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલી મતદાર સ્લિપોમાં ક્યુઆર કોડ પણ મૂકવામાં આવ્યો છે. આ સાથે મતદાર ગાઇડ પણ છે. તેમનું મતદાન મથક ક્યાં આવેલું છે, બિલ્ડિંગમાં ક્યા નંબરનો રૂમ છે. મતદાર યાદીનો ક્રમાંક, નામ-સરનામા સહિતની વિગતો સાથેની સ્લિપ છપાવવામાં આવી છે. જેથી મતદારોને તેમને ક્યા સ્થળે જઈને વોટીંગ કરવાનું છે તેની સરળતા રહે. સ્લિપની પાછળ તે વિસ્તાર અને મતદાન મથક દર્શાવતો મેપ પણ છાપવામાં આવ્યો છે.જિલ્લા તંત્ર દ્વારા બીએલઓ મારફતે તમામ મતદારોના ઘરે મતદાર સ્લિપનું વિતરણ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

# 991 આંગણવાડીમાં 12 હજાર મહિલાઓએ મહેંદી મુકાવી

**■ સમાજમાં મતદાનનો અનોખો સંદેશો આપ્યો**

ગુજરાત | વંદન

દેશ કા મહાત્યોહાર, વોટ ફોર ઈન્ડિયા, મતદાન મેરા અધિકાર સહિતના સ્લોગનવાળી જિલ્લાની 12000 મહિલાઓએ મહેંદી 991 આંગણવાડીના આંગણે મૂકીને લોકસભાની ચૂંટણીમાં મતદાન કરવાનો સંદેશ સમાજને આપ્યો હતો. જોકે લોકસભાની ચૂંટણીમાં મતદાન વધારવાના જિલ્લા ચૂંટણી પંચના નવતર પ્રયોગને ગ્રામ્ય વિસ્તારમાં સારો પ્રતિસાદ મળ્યો હતો.

લોકસભાની ચૂંટણીનું મતદાન આગામી તારીખ 7મી, મે-2024ના રોજ યોજનાર છે. આથી ગરમીની અસર મતદાન ઉપર પડે નહી તે માટે જિલ્લા ચૂંટણી પંચ દ્વારા મતદાન વધારે તે માટે પરસેવો પાડી રહ્યું છે. જોકે મતદાન વધે તે માટે શાળાના બાળકોથી લઈને તમામની મદદ લીધી છે. ત્યારે હવે છેલ્લે મહિલાઓની મદદ લેવામાં આવી હતી. તેમાં કિશોરીઓ, સગર્ભા મહિલાઓ, ધાત્રી મહિલાઓ સહિતની મહિલાઓના હાથે આંગણવાડી કેન્દ્રો ખાતે મહેંદી સ્પર્ધામાં ભાગ લીધો હતો.



જેમાં જિલ્લાની 991 આંગણવાડીના કર્મચારીઓએ મહેંદી સ્પર્ધામાં સહયોગ આપીને આંગણવાડી વિસ્તારની કિશોરીઓ, ધાત્રી મહિલાઓ, સગર્ભા સહિત અન્ય સહિત કુલ-12000 મહિલાઓના હાથે મહેંદી મુકવામાં આવી હતી. મહિલાઓના હાથે મુકવામાં આવેલી મહેંદીમાં અનમોલ અવસર, મતદાન મેરા અધિકાર, વોટ ડાલને ઘર સે નિકલો, મતદાન અચૂક કરશો, મતદાન કર્યાના નિશાન સાથે આંગળીનું ચિત્રવાળી મહેંદી મૂકવામાં આવી હતી.

ઉપરાંત વોટ ફોર ઇન્ડિયા, મતદાન અચૂક કરો, મતદાન મહાદાન, લોકસભા ચૂંટણીમાં મતદાન જરૂરી, મતદાન કરવી મારી નૈતિક ફરજ, મત આપો અને દેશ બચાવો, યુવાન હોય કે યુવતી મતદાન કરવું જરૂરી સહિતના સ્લોગનવાળી મહેંદી 12000 મહિલાઓના હાથમાં મુકવામાં આવી હતી. મતદાન જાગૃત્તિ અંતર્ગત યોજનાર મહેંદી સ્પર્ધામાં આંગણવાડીના કાર્યકર, તેડાગર સહિતના કર્મચારીઓએ પણ સહભાગી બન્યા હતા. મહિલાઓએ મહેંદી મુકાવીને સમાજમાં મતદાનનો અનોખો સંદેશો આપ્યો હતો.

# ગાંધીનગર નજીકના 37 ગામોમાંથી 85 ટન કચરાનો નિકાલ

**■ કચરામાંથી ખાતર બનાવવામાં આવશે**

ગુજરાત | વંદન




ગ્રામ્ય વિસ્તારોમાં ડોર ટુ ડોર કચરાના નિકાલ માટે ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલમાં ગુડા, ઔડા અને જીએમસી વિસ્તારના 73 ગામોમાંથી દરરોજનો 85 ટન કચરાનો મનપા કે નગરપાલિકાની ડમ્પિંગ સાઇટમાં નિકાલ કરાય છે. આથી ગ્રામ વિકાસ એજન્સીને માસિક અંદાજે રૂપિયા 65 લાખનો ખર્ચ થાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં પણ શહેરી વિસ્તાર જેવી સુવિધાઓ લોકોને મળી રહે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અનેક યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. તેમાં હાલમાં જિલ્લાના ઔડા, ગુડા અને મનપા વિસ્તારના 73 ગામોમાં ડોર ટુ ડોર કચરાના કલેક્શનની કામગીરી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા શરૂ કરવામાં આવી છે.

જોકે જિલ્લાના ચારેય તાલુકાના જે ગામો ગુડા, ઔડા અને જીએમસી વિસ્તારમાં આવતા હોય તેવા ગામોનો પ્રથમ તબક્કામાં સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે આગામી સમયમાં જિલ્લાના અન્ય ગામોમાં પણ ડોર ટુ ડોર કલેક્શનની કામગીરી શરૂ કરવામાં આવનાર છે. ત્યારે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ગુડા, ઔડા અને જીએમસીમાં સમાવેશ કરાયેલા 73 ગામોમાંથી દરરોજનો અંદાજે 85 ટન કચરાને ઉપાડવામાં આવે છે. જોકે કચરામાંથી ખાતર સહિત બની શકે તે માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કચરાનો નિકાલ નગરપાલિકા અને ગાંધીનગર મહાનગર પાલિકાની ડમ્પિંગ સાઇટમાં કરવામાં આવે છે. ઔડા વિસ્તારમાં ગાંધીનગર તાલુકાના 18, કલોલના 20 ગામો સહિત કુલ-38 ગામ થાય છે.

જીએમસી વિસ્તારમાં ગાંધીનગર તાલુકાના ચાર, કલોલના 3, માણસાના 5 સહિત કુલ-13 ગામ મળી ઔડા, ગુડા અને મનપા વિસ્તારના 73 ગામોનો સમાવેશ થાય છે.

# રેશનિંગ દુકાનદારોને પોતાની માંગણી માટે આચારસંહિતા નડી!

**■ અનેક રજૂઆતો છતાં દુકાનદારોની સ્થિતિ દયનીય: એસોસિએશન**

ગુજરાત | વંદન



પુરવઠા વિભાગ દ્વારા રાજ્યની 17 હજાર જેટલી સસ્તા અનાજની દુકાનોમાં અનાજ વિતરણમાં અનિયમિતતાથી લઈને અન્ય અનેક સમસ્યાઓ હોવાને કારણે ઓલ ગુજરાત ફેર પ્રાઇસ શોપ એસોસિએશન દ્વારા પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાને બસ, હવે બહુ થયું...કહીને ઉકેલ લાવવા માટે પત્ર લખવામાં આવ્યો છે. ચૂંટણી પછી પુરવઠા નિગમ સામે આશ્ચર્યજનક કાર્યક્રમો સમગ્ર રાજ્યમાં અપાશે તેવી ચીમકી પણ એસો. દ્વારા અપાઇ હતી.

રેશનિંગની દુકાનોના સંગઠનો દ્વારા પત્રમાં જણાવાયું છે કે, અનેક રજૂઆતો છતાં દુકાનદારોની સ્થિતિ દયનીય છે. સરકારમાં અનેક મીટિંગો, ચર્ચા-વિચારણા પછી સહમતિ સધાઇ હોવા છતાં પણ પ્રશ્નો ઉકેલાયા નથી. સમગ્ર સિસ્ટમ સારી રીતે ચાલે તેની જવાબદાર ગુજરાત નાગરિક પુરવઠા નિગમની છે. દુકાનદારોને મળતા જથ્થાની સાઈકલ 45 દિવસની હતી ત્યારે સરળતાથી કામગીરી થતી હતી. હવે ક્યારેક 30 દિવસ તો ક્યારેક 45 દિવસની સાઈકલ મુજબ પરમીટો મૂકવામાં આવે છે. તેમ છતાં ચાલુ મહિનામાં ઘઉં-ચોખાનો 80 ટકા જથ્થો જ પહોંચી શક્યો છે. દાળ અને ચણાનો જથ્થો પણ 50 ટકા જ રાજ્યમાં પહોંચાડી શકાયો છે. અન્ન સુરક્ષાના કાયદા મુજબ દર પહેલી તારીખે ઘઉં-ચોખા પહોંચાડવાની જવાબદારી નિગમની છે. ખાંડ, મીઠું, ચણા, તુવેરદાળ પણ અનિયમિત રીતે જ પહોંચતું હોય છે. મહિનાના અંતમાં જથ્થો પહોંચાડાય તો લાભાર્થીઓને તે મળવામાં મુશ્કેલી સર્જાય છે.એસોસિએશને એવો પણ ગંભીર આક્ષેપ પત્રમાં કર્યો છે કે, સપ્લાયરો દ્વારા દાળ અને ચણાના જથ્થાનો નમૂનો રેન્ડમલી લઈને તેની યોગ્યતાનું પ્રમાણપત્ર અપાતું હોય છે. જોકે, કેટલાક કિસ્સામાં નમૂના તપાસમાં નિષ્ફળ આવે તો તેનો નાશ કરવાનો હોય છે, પરંતુ ઘણી વખત સપ્લાયરને તે જથ્થો પરત આપી દેવાય છે. આવો જથ્થો બીજા જિલ્લામાં પધરાવી દેવાતો હોવાની આશંકા પણ એસોસિએશને વ્યક્ત કરી છે. દુકાનદારોને ઘઉં-ચોખાનો જે જથ્થો આપવામાં આવે તે નિયત વજનમાં હોતો નથી તેમ છતાં પુરવઠા નિગમ કોઇ પગલાં લઇ રહ્યું નથી.

# સીએપીએફની બે - એસઆરપીની એક કંપની મતદાનના દિવસે મુકાશે

**■ મતદાનના દિવસે 3 હજાર પોલીસ જવાનોનો લોખંડી પહેરો**

ગુજરાત | વંદન



રાજ્યમાં આગામી 7 મેના રોજ લોકસભાની ચૂંટણી માટે મતદાન યોજશે. સમગ્ર દેશ અને રાજ્યની નજર ગાંધીનગર લોકસભા બેઠક ઉપર જોવા મળી રહી છે. કેન્દ્રિય ગૃહમંત્રી 7 લાખની લીડ સાથે વિજયી બનવાનો વિશ્વાસ ધરાવી રહ્યા છે, ત્યારે ગાંધીનગર જિલ્લામાં ચૂંટણીના દિવસે અનિચ્છનિય બનાવ સામે ના આવે તે માટે જિલ્લા પોલીસ વડા દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં મતદાનના મહા દિવસે 3 હજાર પોલીસ જવાનો ખડે પગે રહી લોખંડી પહેરો ભરશે. જેમાં સીએપીએફની બે ટીમ અને એસઆરપીની એક ટીમ પણ ફરજ બજાવશે.

ગાંધીનગર લોકસભા બેઠક ઉપર ભાજપના નેતાઓની પણ સીધી નજર છે. લોકસભા બેઠક ઉપર ભાજપના અમિત શાહ અને કોંગ્રેસના સોનલ પટેલ ઉમેદવાર છે. બીજી તરફ રાજપૂત સમાજનો રોષ હજુ પણ અકબંધ જોવા મળી રહ્યો છે. રૂપાલાના વાણી વિલાસના કારણે રાજપૂત સમાજ પોતાની માંગ ઉપર કાયમ જોવા મળી રહ્યો છે. તેવા સંજોગોમાં મતદાનના દિવસે અનિચ્છનિય બનાવ સામે ના આવે તે માટે ગાંધીનગર જિલ્લામાં રેંન્જ આઇજી વિરેન્દ્ર યાદવ અને એસપી રવિતેજા વાસમસેટ્ટી દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર ઉત્તર બેઠક ઉપર 638 બિલ્ડીંગના 1196 બુથ ઉપર મતદાન યોજાશે. જેમાં સુરક્ષા આપવા સીએપીએફની 2 ટુકડી, એસઆરપીની 1 ટુકડી, 1165 પોલીસ, 1500 હોમગાર્ડ અને જીઆરડી ફરજ બજાવશે.

7500 કેસમાં અટકાયતી પગલા ભરાયા. જિલ્લામાં મતદાન દરમિયાન ભાંગફોડીયા વાતાવરણમાં તંગદીલી ના ફેલાવે તે માટે ગુનેગારો સામે અટકાયતી પગલા ભરવામાં આવ્યા છે. જેમાં અંદાજે 7500 આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

# મે મહિનામાં 31માંથી 26 દિવસ તાપમાન 41 ડિગ્રીથી વધારે રહેવાની શક્યતાઓ

**■ ગુજરાતમાં ભીષણ ગરમીની આગાહી, કચ્છ - સૌરાષ્ટ્ર માટે યલો એલર્ટની ચેતવણી**

ગુજરાત | વંદન




ગુજરાતમાં એપ્રિલ મહિનો પુરો થયો છે અને હવે મે મહિનો શરુ થયો છે. મે મહિનો એટલે કાળઝાળ ગરમીનો મહિનો ગણાય છે. સમગ્ર ગુજરાતમાં મે મહિનામાં આગ ઝરતી ગરમી પડે છે. ત્યારે આ વર્ષે પણ મે મહિનામાં આકાશમાંથી આગ વરસી શકે. અમદાવાદમાં મે મહિનામાં ઉનાળો આકરો બનવાની સાથે . હવામાન વિભાગની આગાહી પ્રમાણે મે મહિનામાં ગરમી રેકોર્ડ પર પહોંચી શકે છે.

હવામાન વિભાગે મે મહિનામાં ગરમી અંગે કરેલી આગાહી પ્રમાણે અમદાવાદ શહેરમાં મે મહિનાના છે. જ્યારે હવામાન વિભાગે આગામી પાંચ દિવસ માટે ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્રમાં યલો એલર્ટ જાહેર કર્યું છે. અમદાવાદમાં મંગળવારે 30 એપ્રિલ 2024ના રોજ લઘુત્તમ ગરમી 26 ડિગ્રી નોંધાઈ હતી જ્યારે મહત્તમ તપામાન 40.6 ડિગ્રી રહ્યું હતું.હવામાન વિભાગે આગામી પાંચ દિવસ માટે ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્રમાં હીટવેવની આગાહી કરી છે જેમાં ખાસ કરીને ભાવનગર અને પોરબંદરમાં હીટવેવની સ્થિતિ સર્જાવવાની શક્યતાઓ સેવી છે.

# મનપાના એકમોમાં નોકરી કરતા કર્મચારીઓ માટેચૂંટણીના દિવસે સવેતન રજા જાહેર

**■ કર્મચારીઓ કંટ્રોલરૂમમાં સીધી ફરિયાદ કરી શકશે**

ગુજરાત | વંદન



દેશમાં લોકશાહીના મહાપર્વ સમાન લોકસભાની સામાન્ય ચૂંટણી ચાલી રહી છે. જે અંતર્ગત ગુજરાતમાં ત્રીજા તબક્કામાં તમામ 26 બેઠકો પર આગામી 7મી મેના રોજ મતદાન યોજાનાર છે. આ મતદાનમાં તમામ નાગરિકો ભાગ લઈ દેશની લોકશાહીને વધુ મજબૂત કરે તે હેતુસર મતદાનના દિવસે ફરજિયાત પગાર સાથેની રજા આપવામાં મનપા વિસ્તારનાં એકમોમાં ફરજ બજાવતા તમામ કર્મીઓને આપવામાં આવશે. આ અંગેની સીધી ફરિયાદ કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કંટ્રોલ રૂમ પણ કાર્યરત કરવામાં આવશે.

જનપ્રતિનિધિત્વ અધિનિયમ 1951ની કલમ 135(બી) અંતર્ગત કોઈ પણ વ્યવસાય, વ્યાપાર, ઔદ્યોગિક ઉપક્રમ કે અન્ય કોઈ પણ સંસ્થામાં ફરજ બજાવતા દરેક નાગરિકને મતદાનનો અધિકાર પ્રાપ્ત થયેલ છે. જેથી તે મતદારને ફરજિયાત રજા આપવી જરૂરી છે. આ જ કલમની પેટા કલમ (2) મુજબ આ પ્રકારની રજા આપ્યા બાદ મતદારની મજૂરી કે પગારમાંથી કોઈ પણ કાંપ મૂકવામાં નહીં આવે. અને મતદારને પગાર સાથેની રજા આપવામાં આવશે.જેનાં અનુસંધાને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં વેપારી મંડળ, GIDC, Gezia એસોસિયેશન, લારી-ગલ્લા યુનિયન અને વેજીટેબલ માર્કેટનાં યુનિયન તથા અન્ય એસોસિયેશન સાથે મ્યુનિસિપલ કમિશનરે મીટીંગ કરી હતી. જેતે સંસ્થા, ફેક્ટરી, કમ્પની, દુકાનો વગેરેના કર્મચારીઓને મતદાનનુ મહત્વ સમજાવી પોતાના કિમતી મત આપી શકે તે માટે મતદાનના દિવસે સવેતન પગાર સાથે રજા આપવા જણાવેલ છે. તથા મતદાન અનિવાર્ય કરવા જણાવેલું હતું.

આ કલમની અમલવારી માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કંટ્રોલ રૂમની શરૂઆત કરવામાં આવશે. જે અંતર્ગત કોઈ પણ મતદારને તેમના મતાધિકારનો ભંગ ન થાય તે હેતુસર આવી રજા ન મળે તો 18001081818 પર કોલ કરીને ફરિયાદ નોંધાવી શકશે.

# ગિફ્ટ સિટીમાં નવી સુવિધા : NRI ફોરેન ફંડમાં સંપૂર્ણ રોકાણ કરી શકશે

**■ સેબીએ ગિફ્ટ સિટી સત્તાવાળાઓને આપી મંજૂરી**

ગુજરાત | વંદન



ગુજરાતના ગિફ્ટ સિટીમાં સ્થાપવામાં આવતા ફોરેન ફંડ બિન-નિવાસી ભારતીયો અને અન્ય ભારતીય મૂળના નાગરિકો પાસેથી સંપૂર્ણ રોકાણ લઈ શકે છે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ જણાવ્યું હતું કે જો ફંડ એક જ ભારતીય ગ્રુપમાં મેનેજમેન્ટ હેઠળની તેની ઈક્વિટી એસેટ્સ (AUM) ના 33 ટકાથી વધુ હિસ્સો ધરાવે છે, તો તેઓએ તેમના રોકાણકારો વિશે ખુલાસા કરવાની જરૂર રહેશે. જો ફંડ તેના ઈન્વેસ્ટર ગ્રુપ સાથે મળીને ભારતીય બજારોમાં 250 અબજ રૂપિયા (3 અબજ ડોલર)થી વધુ ઈક્વિટી એયુએમ ધરાવે છે, તો પણ આ પ્રકારના ખુલાસાની જરૂર પડશે.

ફંડ્સે તેમના રોકાણકારોની ઓળખના દસ્તાવેજો જેવા કે પાસપોર્ટ અથવા પરમેનન્ટ એકાઉન્ટ નંબર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાને સુપરત કરવાના રહેશે અથવા તો ગિફ્ટ સિટીમાં ફાયનાન્સિયલ સર્વિસનું નિયમન કરતી ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા નક્કી કરાયેલા નિયમોનું પાલન કરવાનું રહેશે.

ભારત સરકાર ગિફ્ટ સિટીને ગ્લોબલ કેપિટલ અને અર્થતંત્ર માટે ફાયનાન્સિયલ સર્વિસિસના ગેટવે તરીકે તરીકે આગળ વધારી રહી છે. છેલ્લાં ત્રણ વર્ષમાં ગિફ્ટ સિટીમાં 30 અબજ ડોલરનાં રોકાણની ખાતરી અપાઇ છે અને 2.93 અબજ ડોલરથી વધારેનાં રોકાણ સાથે 80થી વધારે ફંડ મેનેજર્સે ફંડ ઊભું કર્યું છે.

સેબીએ જણાવ્યું હતું કે કે એસેટ મેનેજમેન્ટ કંપનીએ (AMC) ફ્રન્ટ-રનિંગ અને માર્કેટના દુરુપયોગને રોકવા માટે એક મિકેનિઝમ ગોઠવવું જોઈએ. આ મિકેનિઝમમાં ફ્રન્ટ-રનિંગ, ઈનસાઈડર ટ્રેડિંગ અને સંવેદનશીલ માહિતીના દુરૂપયોગ સહિત ચોક્કસ પ્રકારની ગેરવર્તણૂકને જાણવા, દેખરેખ રાખવા અને તેના પર નિર્ણય લેવા સર્વેલન્સ, આંતરિક નિયંત્રણો અને એસ્કેલેશન પ્રક્રિયાઓનો સમાવેશ થવો જોઈએ.

સેબીએ સ્પોન્સર ગ્રુપ કંપનીના શેરોમાં પેસિવ ફંડના કેપ્સ પરના નિયમોને પણ હળવા કર્યા હતા. જ્યારે હાલના નિયમો કહે છે કે કોઈ પણ ફંડ હાઉસ કનેક્ટેડ કંપનીઓના ગ્રુપમાં તેની 25 ટકાથી વધુ સંપત્તિનું રોકાણ કરી શકશે નહીં, પરંતુ હવે થ્રેશોલ્ડ વધારીને 35 ટકા કરવામાં આવ્યો છે. સેબીએ બોન્ડ્સની મિનિમમ ટિકિટ સાઇઝ એક લાખથી ઘટાડીને રૂપિયા 10,000 કરવાની મંજૂરી પણ આપી હતી.

# પાણીની નવી પાઈપલાઈન આપવાની યોજના હેઠળ નવા મીટર લગાવાયા

**■ ટેસ્ટીંગ દરમિયાન જ લોકોના ઘરે લાગેલા મીટર 40 યુનિટ સુધી ફરી ગયા**

ગુજરાત | વંદન



ગાંધીનગરમાં 24 કલાક પાણી આપવાની યોજના હેઠળ પાણીની નવી પાઈપલાઈન નાંખવાની સાથે દરેક ઘરે મીટરો પણ લગાવી દેવામાં આવ્યા છે. મીટરમાં જેટલા યુનિટ પાણીનો વપરાશ થયો હશે તે મુજબનો દર વસૂલવામાં આવશે. યુનિટ દીઠ પાણીનો જથ્થો અને યુનિટ દીઠ ચાર્જ હજુ નક્કી થયો નથી. પાણી વિતરણની કામગીરી મહાનગરપાલિકા સંભાળશે ત્યારે તેનો ચાર્જ નક્કી કરવામાં આવશે પરંતુ અત્યારે તો ટેસ્ટીંગ દરમિયાન જ લોકોના ઘરે લાગેલા મીટર 40 યુનિટ સુધી ફરી ગયા છે. સોમવારે ટેસ્ટીંગ દરમિયાન મીટરમાંથી પાણી ઉભરાઈને બહાર આવતા મીટર ફરવાનું શરૂ થઈ ગયું હતું.

ગાંધીનગરમાં 24 કલાક પાણી આપવાની યોજનાનું કામ પૂર્ણતાના આરે છે. નવી પાઈપલાઈનનું ટેસ્ટીંગ ચાલી રહ્યું છે. જૂના સેક્ટરોમાં દરેક ઘરે મીટર નંખાઈ ગયા છે, નવા સેક્ટરોમાં પાઈપલાઈન બદલવાની નહીં હોવાથી માત્ર મીટરો મૂકવાની કામગીરી ચાલી રહી છે. બીજીતરફ તમામ વિસ્તારોમાં મીટરથી ઘરના નળ સુધીનું જોડાણ આપવાનું પણ બાકી છે પરંતુ ટેસ્ટીંગને કારણે અત્યારથી જ મીટરમાં યુનિટ ફરી રહ્યા છે.

## ચૂંટણીના કારણે પ્રવેશ પ્રક્રિયાના રજિસ્ટ્રેશનની મુદત લંબાવવામાં આવી


**હાલની સ્થિતિમાં રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ધીમી હોવાના કારણે પણ પ્રક્રિયા લંબાવવી પડે તેમ છે**

# ધો.10 પછી ડિપ્લોમા ઈજનેરી રજિસ્ટ્રેશન મુદત 15મી મેથી વધારી 13 જૂન કરાઈ

ગુજરાત | વંદન

ધો.10 પછી ડિપ્લોમા પ્રવેશ માટે રજિસ્ટ્રેશનની મુદત લંબાવીને 13મી જૂન , સર્ટિફિકેટ ટુ ડિપ્લોમા પ્રવેશ માટે 15મી મે અને વર્કિંગ પ્રોફેશનલને સીધા ડિપ્લોમા ઈજનેરીના બીજા વર્ષમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશનની મુદત 24મી જૂન સુધી લંબાવવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસથી ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જોકે, હાલમાં પરિણામમાં વિલંબ, લોકસભાની ચૂંટણી સહિતના કારણોસર હવે તમામ પ્રકારની પ્રવેશ પ્રક્રિયાના રજિસ્ટ્રેશનની મુદત લંબાવવાની જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો.10ની પરીક્ષાનું પરિણામ લોકસભાની ચૂંટણીના કારણે વહેલુ જાહેર કરવામાં આવે તેવી શકયતાં હતી. જેના પગલે ડિપ્લોમા ઈજનેરી પ્રવેશ સમિતિ દ્વારા 15મી એપ્રિલથી લઈને 15મી મે સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ કરી દેવામાં આવ્યું હતુ. સૂત્રો કહે છે કે, એપ્રિલ પુરો થવા છતાં હજુસુધી પરિણામ જાહેર કરવામાં આવ્યું નથી. આગામી દિવસોમાં કયારે પરિણામ જાહેર કરાશે તે નક્કી નથી. બીજીબાજુ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન (AICTE) દ્વારા હજુસુધી બેઠકોની મંજુરી આપવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં



આવી નથી. સામાન્ય રીતે બેઠકોની મંજૂરી આવ્યા પછી કોલેજો દ્વારા પ્રવેશ સમિતિના ચોક્કસ બેઠકનો આંકડો આપવામાં આવે ત્યારપછી જે તે વર્ષમાં કેટલી બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થવાની છે તેની જાહેરાત કરવામાં આવતી હોય છે.

કાઉન્સિલે હજુસુધી આ કાર્યવાહી પૂર્ણ કરી નથી જેના કારણે ખરેખર કેટલી બેઠકો પર પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવશે તેની સત્તાવાર જાહેરાત થઈ શકે તેમ નથી. સૂત્રો કહે છે કે વહેલા રજિસ્ટ્રેશન પાછળનો ઉદ્દેશ્ય જૂના વિદ્યાર્થીઓ વહેલીતકે રજિસ્ટ્રેશન કરાવે તો રેગ્યુલર વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે તેવો હતો. આમછતાં હાલની સ્થિતિમાં રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ધીમી હોવાના કારણે પણ પ્રક્રિયા લંબાવવી પડે તેમ છે. આ ઉપરાંત લોકસભાની ચૂંટણીના કારણે શિક્ષકો, પ્રોફેસરો પણ ચૂંટણી પ્રક્રિયામાં રોકાયેલા હોવાથી નિર્ધારિત સમયમાં કામગીરી થઈ શકે તેમ નથી.

**પ્રવેશનો નવો કાર્યક્રમ:** પ્રક્રિયા : ડિપ્લોમા પ્રવેશ સી ટુ ડી, રજિસ્ટ્રેશન : 13મી જૂન 15મી મે, પ્રોવિઝનલ મેરિટ 24મી જૂન 23મી મે, મોકરાઉન્ડ ચોઈસ : 24મી જૂનથી 27મી જૂન 23મી મેથી 27મી મે, મોક રાઉન્ડ પરિણામ : 1લી જુલાઈ 30મી મે, ફાઈનલ મેરિટલીસ્ટ : 1લી જુલાઈ 30મી મે, પ્રથમ રાઉન્ડ ચોઈસ : 1લી 5 જુલાઈ 30મી મેથી 3 જૂન, પ્રથમ રાઉન્ડ ફાળવણી : 9મી જુલાઈ 6 જૂન, ફી ભરવાની પ્રક્રિયા : 9મીથી 12મી જુલાઈ 6થી 10 જૂન, વર્કિંગ પ્રોફેશન માટે પ્રક્રિયાનો કાર્યક્રમ: રજિસ્ટ્રેશન 24મી જૂન, પ્રોવિઝનલ મેરિટ: 2 જુલાઈ, ફાઈનલ મેરિટ : 5મી જુલાઈ, પ્રવેશ ફાળવણી : 11મી જુલાઈ.

## વોર્ડ કક્ષાએ વૃક્ષારોપણની કામગીરી હાથ ધરાશે

# આ વર્ષે ચોમાસામાં શહેરમાં ત્રીસ લાખ વૃક્ષારોપણનો લક્ષ્યાંક

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ વર્ષે શહેરમાં ત્રીસ લાખ વૃક્ષ રોપવાનો લક્ષ્યાંક નકકી કરાયો છે. શહેરને હરીયાળુ બનાવવા વોર્ડ કક્ષાએ વૃક્ષારોપણની કામગીરી કરાવવા ઉપરાંત મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં અભિયાનને સફળ બનાવવા સેન્ટ્રલ કોર કમિટિની રચના કરાઈ છે.

વર્ષ-૨૦૧૧-૧૨થી અમદાવાદના ગ્રીન કવર એરીયામાં વધારો કરવા મિશન મિલીયન ટ્રી અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં કરોડો રુપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.આમ છતાં તેના ધાર્યા પરિણામ શહેરને મળી શકયા નથી.મ્યુનિસિપલ કમિશનર એમ.થેન્નારસને અધિકારીઓ સાથેની એક બેઠકમાં મ્યુનિ.ના ડાયરેકટર પાર્કસ એન્ડ ગાર્ડનને ત્યાં સુધી કહેવુ પડયુ હતુ કે, તમે વૃક્ષારોપણના આંકડા રજુ કરો છો પરંતુ હું જયારે શહેરના વિવિધ વોર્ડમાં રાઉન્ડ લઉ છુ ત્યારે રોડ ઉપર તમે બતાવો છો એ કરતા પણ ખુબ ઓછા વૃક્ષ જોવા મળે છે.આમ કેમ ચાલશે?

આ વર્ષે અમદાવાદમાં શ્રી મિલીયન ટ્રી અભિયાન અભિયાનને સફળ બનાવવા બનાવવામા આવેલી સેન્ટ્રલ કોર કમિટિમાં મ્યુનિ.કમિશનર ઉપરાંત ડેપ્યુટી મ્યુનિ.કમિશનરો, ડાયરેકટર પાર્કસ એન્ડ ગાર્ડન, સીટી ઈજનેર,ચીફ સીટી પ્લાનર તથા એસ્ટેટ ઓફિસરનો સમાવેશ



કરાયો છે.મ્યુનિ. નર્સરી દ્વારા પંદર લાખ રોપાની તૈયારી કરી ઝોનની જરુર મુજબ પુરા પડાશે.બહારથી પણ રોપાની ખરીદી કરાશે.દર અઠવાડીયે વૃક્ષા રોપણનો પ્રોગ્રેસ રીપોર્ટ મેળવાશે.ડીઝાઈન ગાર્ડન વિભાગ કરી આપશે.સો દિવસમાં મિશનને પુરુ કરવા સોસાયટીઓમા સામૂહીક વૃક્ષારોપણ કરાશે.દર અઠવાડીયે દસ સોસાયટી સાથે વૃક્ષારોપણને લઈ મિટીંગ કરી લોકોમાં જાગૃતિ લવાશે.

# સગીરાનું અપહરણ અને દુષ્કર્મ ગુજારનારને ૨૦ વર્ષની સજા

**■ આવા બનાવોને રોકવા સખતમાં સખત સજા આપવી જોઈએ : કોર્ટ**

ગુજરાત | વંદન

શહેરના રામોલ વિસ્તારમાંથી નવે. ૨૦૧૯માં ૧૫ વર્ષિય સગીરાનું અપહરણ કરી બળાત્કાર ગુજારનાર આરોપીને સ્પે. પોક્સો કોર્ટે ૨૦ વર્ષ કેદની સજા ફટકારી છે.આ સાથે જ કોર્ટે નોંધ્યું હતું કે, ગંભીર પ્રકારનો કે છે, આખોય કેસ નિઃશંકપણે પુરવાર થાય છે ત્યારે આવા આરોપી સામે દયા ન દાખવી શકાય. શહેરના રામોલ વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષિય સગીરાને તેના જ વિસ્તારમાં રહેતા ૨૪ વર્ષિય સન્ની સોમાજી ઠાકોરે પ્રેમ જાળમાં ફસાવી હતી.



ત્યારબાદ લગ્નની લાલચ આપી ૧૧ નવે. ૨૦૧૯ના રોજ અપહરણ કરી જુદી જુદી જગ્યાએ લઈ ગયો હતો અને બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલે સગીરાના પરિવારે રામોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ૨૩ નવે. ૨૦૧૯ના રોજ સન્નીને ઝડપી લીધો હતો અને સગીરાને છોડાવી હતી.આ મામલે ચાર્જશીટ થતા કેસ સ્પે. કોર્ટમાં ચાલવા પર આવ્યો હતો. જેમાં સરકારી વકીલ વિજયસિંહ ચાવડાએ પુરતા સાક્ષી તપાસી અને દસ્તાવેજી પુરાવા રજૂ કરી કોર્ટને જણાવ્યું હતું કે, આરોપી ૨૪ વર્ષનો હતો અને તેણે ૧૫ વર્ષિય સગીરાનું અપહરણ કરી બળાત્કાર ગુજાર્યો હતો.

આખોય કેસ પુરવાર થાય છે, આરોપીને ફરિયાદી સહિતના સાક્ષીઓએ ઓળખી બતાવ્યો છે, આ પ્રકારના કિસ્સા સમાજમાં વધી રહ્યાં છે ત્યારે લોકોમાં કાયદાનો ભય રહે તે હેતુને ધ્યાને રાખી આરોપીને સખતમાં સખત સજા કરવી જોઈએ. આવી રજૂઆત બાદ કોર્ટે સન્નીને ૨૦ વર્ષની સજા ફટકારી જેલમાં મોકલી આપ્યો છે.

# શિક્ષકો દ્વારા શહેરમાં "ડોર ટુ ડોર" ઝુંબેશ યોજી મતદાન માટે અપીલ કરવામાં આવી

**અગાઉ જ્યાં ઓછું મતદાન થયું એ વિસ્તારોમાં વધુ સંપર્ક કરાયો**

ગુજરાત | વંદન

દસ મિનિટ દેશ માટે, લોકસભા ચૂંટણીમાં મતદાન માટે"ના પ્રચાર અર્થે આ સૂત્ર મહત્વની ભૂમિકા ભજવી રહ્યો છે. જે અંતર્ગત તા.૨૯/૦૪/૨૦૨૪ના રોજ જાગૃતતા માટેના વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા.

જે અંતર્ગત વેપારીઓને સમજાવતા નારણપુરા, પાંજરાપોળ, વિસત, સાબરમતી વોર્ડના હોટેલ, રેસ્ટોરન્ટ, ફુડકોર્ટ, મેડીકલ સ્ટોર સંચાલકોએ ૭/૦૫/૨૦૨૪ ના રોજ જે નાગરીકે વોટિંગ કર્યું હશે તેને ૭% ડિસ્કાઉન્ટ આપવા માટે બાહેધરી આપી છે.

આ ઉપરાંત જિલ્લા



શિક્ષણાધિકારી, અમદાવાદ શહેર દ્વારા સ્વીપ પ્રોજેક્ટ અંતર્ગત મતદાન પ્રચાર પ્રસાર માટે અમદાવાદ શહેરની શાળાઓના શિક્ષક મિત્રો દ્વારા અંદાજીત ૩૯૮૦ જેટલા ઘરોની મુલાકાત કરાઈ. ડોર ટુ ડોર મુલાકાતમાં વાલીઓ તેમજ અન્ય નાગરિકોને આગામી ચુંટણીમાં મતદાન કરવા જાગૃત કરવામાં આવ્યા. તેમજ સિગ્નેચર કેમ્પેઈન પણ ચલાવવામાં આવ્યું.

જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા 15 દિવસ પ્રવૃત્તિઓ અંતર્ગત સમગ્ર જિલ્લામાં તાબાની શાળાઓ દ્વારા 'ડોર ટુ ડોર' મુલાકાત અને સિગ્નેચર અભિયાન ચલાવવામાં આવ્યું. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા પણ ડોર ટુ ડોર મુલાકાત લઈ સિગ્નેચર કેમ્પિંગ કરવામાં આવ્યું. જેમાં કુલ ૨૫૮૩ લોકો સામેલ થયા.

સ્કૂલ બોર્ડ અમદાવાદ દ્વારા ભૂતકાળમાં ૫૦ ટકા કે તેથી ઓછા મતદાન વાળી ૨૪ સોસાયટી અને પુરુષ- સ્ત્રી મતદાનમાં ૧૦ ટકા કે તેથી વધુ તફાવત ધરાવતી ૨૨ સોસાયટીની મુલાકાત કરાઈ અને મતદાન જાગૃતિ અંગે બેઠક કરી મહત્તમ લોકો મતદાન પ્રક્રિયામાં ભાગ લે તે માટે સમજ આપવામાં આવશે.

# વિદેશથી આવેલા પાર્સલમાં ડ્રગ્સ હોવાનું કહીને બે કરોડની ચીટિંગ

**■ સાઈબર ગઠિયાએ વૃદ્ધા સાથે અજબ -ગજબ રીતે નાણાં પડાવ્યાં**

ગુજરાત | વંદન

તમારા કોઈ સગા સંબધી વિદેશમાં હોય અને એમના નામે કોઈ પાર્સલ આવ્યું હોય તો સાવચેત રહેવાની જરૂર છે કેમકે આવા એક કિસ્સામાં સાયબર ગઠિયો બે કરોડ કરતાં વધુ ની રકમ લઈ ફરાર થઈ ગયો છે . શહેરના નવરંગપુરા વિસ્તારમાં રહેતા મીનેશકુમાર એન્જિનિયર (ઉ.વ ૫૯) ટેસ્ટિંગ એન્ડ સર્ટિફિકેશનનો વ્યવસાય કરે છે. તેમના પત્ની અને બંને સંતાન વિદેશમાં સ્થાયી છે.

ગઈ ૨૦ એપ્રિલે વૃદ્ધના મોબાઈલ ફોન નંબર પર ફેડએક્સ એક્સપ્રેસ કંપનીમાંથી આકાશ ચોપડા નામના શખ્સે ફોન કર્યો અને કહ્યું હતું કે તમારા નામથી બુક કરાવેલુ પાર્સલ કસ્ટમ ડિપાર્ટમેન્ટ ડિટેન કરી લીધું છે. તેમાંથી પાંચ પાસપોર્ટ, ચાર ક્રેડિટ કાર્ડ અને ૨૦૦ ગ્રામ એમડી ડ્રગ્સ, ચાર કિલો કપડા, એક જોડી શૂઝ અને એક લેપટોપ મળી આવ્યા છે. તમારા આધારકાર્ડ નંબરથી આ પાર્સલ બુક કરાવ્યું છે.

બાદમાં ફોન કરનાર શખ્સે મુંબઈ સાયબર ક્રાઈમ બ્રાંચમાં કોલ ટ્રાન્સફર કરવો પડે તેમ કહીને ડરાવ્યા હતા. આ જ પ્રકારે જુદા-જુદા વિભાગના અધિકારીઓ સાથે વૃદ્ધને ફોનમાં વાત કરાવીને ધરપકડ કરવી થશે તેવો ડર બતાવી વૃદ્ધના ખાતામાં કેટલા રૂપિયા છે.બીજું કેટલું રોકાણ છે તે તમામ વિગતો જાણીને ગઠિયાએ વૃદ્ધ પાસેથી રૂ.૨.૧૦ કરોડ પડાવી લીધા હતા. વૃદ્ધે રૂપિયા ચૂકવી દીધા બાદ થોડા દિવસ રહીને સાયબર ટોલ ફ્રી નંબર પર કોલ કરીને બનાવ અંગેની જાણ કરી હતી.

બાદમાં ગાંધીનગર સાયબર ક્રાઈમે ૯ શખ્સો સામે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

# ચૂંટણી નડી : કેટ અને સ્કોલરશીપ પરીક્ષાનું પરિણામ ૪ જૂન પછી જાહેર થશે

**■ આચારસંહિતાના કારણે પરિણામ જાહેર કરવામાં પણ વિલંબ**

ગુજરાત | વંદન

રાજ્યમાં પ્રોજેક્ટ સ્કૂલોમાં પ્રવેશ માટે તાજેતરમાં લેવાયેલી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ અને સ્કોલરશીપ માટેની પરીક્ષાના પરિણામ પણ હવે ચૂંટણી પછી જ જાહેર થાય તેવી શકયતાં છે. મહત્વની વાત એ કે, પરીક્ષા અને મુલ્યાંકન સહિતની કામગીરી નિર્ધારિત સમયમાં પૂર્ણ કરી દેવાયા પછી પણ આચારસંહિતાના કારણે પરિણામ જાહેર કરવામાં પણ વિલંબ થાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.રાજ્યમાં લોકસભાની ચૂંટણીને લઈને હાલમાં ધો.10 અને 12ના પરિણામો જાહેર કરવામાં વિલંબ થાય તેવી સ્થિતિ જોવા




મળી રહી છે. આ સાથે જ હવે શિક્ષણ વિભાગ દ્વારા મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ અંતર્ગત શરૂ કરવામા આવેલી જ્ઞાનશક્તિ સ્કૂલ્સ, રક્ષાશક્તિ સ્કૂલ્સ, મોડેલ સ્કૂલ્સ વગેરેમાં પ્રવેશ માટે ધો.6 પછી જ્ઞાનસેતુ સ્કોલરશીપ માટે ધો.5ના વિદ્યાર્થીઓની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ અને ધો.8માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપની પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત 30મી માર્ચના રોજ આ પરીક્ષા લેવામાં આવી હતી જેમાં અંદાજે 10 લાખથી વધારે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

CET મા 5,33,764, જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપની પરીક્ષામાં 4,66,442 વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. હાલમાં આ પરીક્ષા પુરી થઈ તેને એક મહિનો થઈ ગયો છે. રાજ્યમાં લોકસભાની ચૂંટણી પુરી થાય ત્યાંસુધી પરિણામ જાહેર કરવામાં ન આવે તેવી શકયતાં છે. સૂત્રો કહે છે પરીક્ષાના પરિણામની સાથે જ મેરિટલીસ્ટ પણ જાહેર કરવું પડે તેમ છે. આમ, હાલમાં ધો.12 સાયન્સનું પરિણામ તૈયાર હોવા છતાં તેને જાહેર કરવામાં વિલંબ થઈ રહ્યો છે તેવી સ્થિતિ આ પરીક્ષા માટે પણ ઉભી થાય તેમ છે. આ ઉપરાંત રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ હાથ ધરાયેલી પ્રવેશ કાર્યવાહીમાં પણ પહેલો રાઉન્ડ પુરો કરી દેવામાં આવ્યો છે બીજો રાઉન્ડ કયારે જાહેર થશે તે નક્કી નથી.

# કલેકટરના હસ્તે 'ચુનાવ કા પર્વ સેલ્ફી ઈ-પોર્ટલ'લોન્ચ કરાયું

**■ યુવા મતદારોને આકર્ષવા સેલ્ફી પોર્ટલ તૈયાર**

ગુજરાત | વંદન

યુવાનોમાં મતદાન પ્રત્યે જાગૃતતા લાવવા અને પ્રથમ વખતના યુવા મતદારો અચૂક મતદાન કરે તેવા હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત વિશિષ્ટ પ્રકારની પહેલ કરીને અનોખા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. અમદાવાદમાં આજે કલેકટર કચેરી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના હસ્તે યુવા મતદારોને મતદાન પ્રત્યે પ્રોત્સાહિત કરવા આકર્ષક 'ચુનાવ કા પર્વ ઈ-સેલ્ફી પોર્ટલ'નું લોન્ચિંગ કરાયું હતું.

સ્વીપ ટીમ દ્વારા એક લાખથી વધુ ફર્સ્ટ ટાઈમ વોટર્સ અને યુવાનો




અચૂક મતદાનના શપથ લઈને આ પોર્ટલ પર સેલ્ફી અપલોડ કરે એવો લક્ષ્યાંક રખાયો છે. યુવાનો https://chunavkaparv.org પર જઈને અચૂક મતદાનના શપથ સાથે સેલ્ફી અપલોડ કરી શકશે.

ઈ-સેલ્ફી પોર્ટલના લોન્ચિંગ પ્રસંગે અધિક જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ ઠક્કર તથા સુશ્રી નેહાબેન ગુપ્તા, જિલ્લા શિક્ષણાધિકારી ગ્રામ્ય સુશ્રી કૃપાબહેન ઝા, સ્વીપ સહાયક નોડલ ઓફિસર યોગેશ પારેખ અને તેમની ટીમ અને ચૂંટણી તંત્રના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વૃદ્ધાશ્રમના વડીલોની પહેલ : નિરાધાર અને મનોદિવ્યાંગ દીકરીઓને દત્તક લીધી

ગુજરાત | વંદન

લાંભામાં આવેલા જીવનધારા વૃદ્ધાશ્રમમાં 276 વડીલોને ઉતારો અપાયો છે. આ વૃદ્ધાશ્રમે એક નવી પહેલ શરૂ કરી છે. જે વડીલોને સંતાનો નથી કે જેમને લગ્ન નથી કર્યા તેવા વડીલોએ વૃદ્ધાશ્રમમાં આવેલી હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા મંદબુદ્ધિ તથા માનસિક સંતુલન ગુમાવી ચૂકેલા 35 લોકોને દત્તક લીધા છે. આ તમામની ઉંમર 30થી 40 વર્ષની ઉપરના છે. વૃદ્ધાશ્રમનાં 65થી 75 વર્ષના વડીલોએ 22 દીકરીઓને દત્તક લીધી છે.

વૃદ્ધાશ્રમનાં ટ્રસ્ટી સંદીપ શાહે જણાવ્યું કે, 22 દીકરીમાંથી તમામની ઉંમર 30 લઈને 58 વર્ષ સુધીની છે. તમામ દીકરીઓને દીકરીઓને વડીલો પોતાના



સંતાનને જેમ દેખરેખ રાખે છે. જીવન ધારા વૃદ્ધાશ્રમનાં મનો દિવ્યાંગ અને માનસિક બીમારીથી પીડિત લોકોને રાખવાની શરૂઆત 4 વર્ષ પહેલા કરી હતી, જેમાં એક માતાની સાથે તેમની મનોદિવ્યાંગ દીકરીઓની ઉંમર 52 વર્ષની હતી. 2 વર્ષ બાદ દીકરીના માતાનું અવસાન થયું હતું. ત્યારબાદ તે દીકરીને જીવન ધારા વૃદ્ધાશ્રમે દત્તક લીધી હતી.

72 વર્ષના વૃદ્ધા માલવિકાબેન શાહે 3 દીકરીઓને એક સાથે દત્તક લીધી હતી. તેમણે કહ્યું કે, હું અપિરણીત છું પરંતુ મને પહેલાથી જ બાળકો માટે ઘણી લાગણી છે, હાલ તમામ દીકરીઓને દત્તક લીધાને 2 વર્ષ પૂર્ણ થયા છે, અને મને આ તમામ દીકરીઓ ખૂબ વ્હાલી લાગે છે.

67 વર્ષના કચરાભાઈ સોનીએ 4 લોકોને દત્તક લીધે છે. તેમણે કહ્યું કે, મેં 2 વર્ષ પહેલાં વૃદ્ધાશ્રમમાં આશ્રય લીધો હતો. અહીંયા આવ્યો ત્યારે મેં જોયું હતું કે, કૌશિક શાહને પોતાના માતા-પિતાની હૂંફની જરૂર હતી.મેં આવા લોકોની દેખરેખ રાખવાની જવાબદારી લીધી છે.

**ગુજરાત સ્થાપના દિવસે 151મું અંગદાન**

# અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ૨૫ મું હાર્ટ સફળ ટ્રાન્સપ્લાન્ટ થયું

ગુજરાત | વંદન

સાબરકાંઠા જિલ્લાના ૪૦ વર્ષના મહિલા સારવાર દરમિયાન બ્રેઈનડેડ થતાં પરિવારજનોએ તેમના સ્વજનનું ગુપ્તદાન થી અંગદાન કર્યું છે.આ ૧૫૧ માં અંગદાનમાં હૃદય ,બંને કિડની અને લીવરનું દાન મેળવવામાં સફળતા મળી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ આ દર્દી જ્યારે બ્રેઈન્ડેડ થયા ત્યારે તબીબોએ તેમના પરિવારજનોને અંગદાન અંગેની સમજ આપતા સ્વજનોએ ગુપ્તદાન થકી અંગદાન કરવાનો નિર્ણય કર્યો. અંગોના રીટ્રાઈવલની સમગ્ર પ્રક્રિયાના અંતે કુલ ચાર અંગોનું દાન મેળવવામાં સફળતા મળી છે. જેને સિવિલ મેડિસિટીની જ કિડની અને હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ માં દાખલ દર્દીમાં ટ્રાન્સપ્લાન્ટ કરાયા છે.

અહીં મહત્વની બાબત એ પણ




છે કે ,અંગદાનમાં મળેલા હૃદય નું યુએન મહેતા હાર્ટ ઈન્સ્ટિટ્યૂટમાં દાખલ દર્દીમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.આ ટ્રાન્સપ્લાન્ટ યુ એન મહેતા ઈન્સ્ટિટ્યૂટનું ૨૫ મુ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ બની રહ્યું છે. અહીં નોંધનીય બાબત એ પણ છે કે , ફક્ત દોઢ વર્ષના ટૂંકા ગાળાની અંદર યુએન મહેતા હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ માં કુલ ૨૫ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરાયા છે . જેમાં ૧૬ પુરુષ અને નવું મહિલાઓને હાર્ટ ટ્રાન્સપન્ટ કરવામાં આવ્યા છે.

યુએન મહેતા હાર્ટ ઈન્સ્ટિટયૂટ ના ડાયરેક્ટર ડોક્ટર ચિરાગ દોશી એ જણાવ્યું હતું કે અમારી ઈન્સ્ટિટયૂટ ના તજજ્ઞ તબીબોની અથાક મહેનતના પરિણામે જ ખૂબ જ ટૂંકા ગાળામાં ૨૫ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની સફળ સર્જરી થઈ છે.સિવિલ હોસ્પિટલમાં બ્રેઈન્ડેડ જાહેર થતાં દર્દીઓના પરિવારજનો દ્વારા અંગદાન માટેની સમજૂતી મળવાના પરિણામે જ હૃદય સહિતના અન્ય અંગો સફળતાપૂર્વક મળી રહે છે.

શરીરનું સૌથી મહત્વનું અંગ હૃદય અન્ય શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કરીને જરૂરિયાતમંદને નવજીવન આપવાનું ભગીરથ કાર્ય અમારી ઈન્સ્ટિટયૂટ કરી રહી છે તેમ ડૉક્ટર દોશીએ ઉમેર્યું હતું.

સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષીએ જણાવ્યું કે ,ગુજરાત સ્થાપના દિન એ અંગદાનમાં ૧૫૧ મો મણકો ઉમેરાયો જે ગૌરવપુર્ણ ક્ષણ છે . વધુમાં આ અંગદાન થકી ચાર લોકોને નવજીવન મળ્યું છે તેનો પણ અમને આનંદ છે.

# લોકસભા ચૂંટણી : દિવ્યાંગ અને વયોવૃદ્ધ 2640 મતદારોનું ઘરેથી મતદાન કરાયું

**અમદાવાદ શહેર- જિલ્લામાં કુલ 30,730 દિવ્યાંગ મતદારો છે......**

ગુજરાત | વંદન

લોકસભાની ચૂંટણીને લઈને અમદાવાદમાં અત્યાર સુધીમાં 85 વર્ષથી વધુ વયના, શતાયુ અને દિવ્યાંગ કુલ 2640 મતદારોએ ઘરે બેઠા પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ફોર્મ-12 D ભરનારા 3477 85 વર્ષથી વધુ વયના, શતાયુ અને દિવ્યાંગ મતદારો માટે પોતાના ઘરેથી મત આપી શકે તેવી વ્યવસ્થા ઊભી કરાઈ છે. આગામી 5 મે સુધી તેમના ઘરે જઈને મતદાનની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. અમદાવાદ જિલ્લામાં કુલ 51 હજારથી વધુ 85 વર્ષથી વધુ વયના અને શતાયુ મતદારો તથા 30 હજાર કરતા વધુ દિવ્યાંગ મતદારો છે.

લોકસભાની ચૂંટણીમાં ચૂંટણી પંચ દ્વારા 85 વર્ષથી વધુ વયના, શતાયુ અને 40 ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા મતદારો ઘેર બેઠા પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. તેના માટે ફોર્મ-12 D ભરનારા 3477 85 વર્ષથી વધુ વયના, શતાયુ અને દિવ્યાંગ મતદારો માટે પોતાના ઘરેથી મત આપી શકે તેવી વ્યવસ્થા છે. આ મતદાન માટે 24 એપ્રિલથી તંત્ર દ્વારા તેમના ઘરે ઘરે જઈ મત મેળવવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી હતી. જેમાં આજ દિન સુધીમાં અમદાવાદ જિલ્લામાં 2640 મતદારોએ ઘરે બેઠા પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું છે. આ પ્રક્રિયા આગામી 5 મે સુધી ચાલશે.

આ ઉપરાંત જેમણે ફોર્મ-12 D નથી ભર્યું, તેવા આ ઉંમરના તમામ મતદારો અને દિવ્યાંગ મતદારો



મતદાન મથક પર જઈને પણ મતદાન કરી શકશે. આ મતદારો માટે મતદાન મથકો પર પણ સ્વયંસેવકો તથા વ્હીલચેરની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. અમદાવાદ જિલ્લામાં કુલ 51 હજારથી વધારે 85 વર્ષથી વધુ વયના અને શતાયુ મતદારો નોંધાયેલા છે. અમદાવાદ પશ્ચિમ લોકસભા બેઠકમાં સૌથી વધુ 18,836 મતદારો 85+ વયના છે, જ્યારે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકમાં 6580 મતદારો 85+ વયના છે. ગાંધીનગર બેઠકમાં 16,831 મતદારો 85+ વયના છે.

અમદાવાદ શહેર- જિલ્લામાં કુલ 30,730 દિવ્યાંગ મતદારો છે. જે પૈકી 17,064 પુરુષ અને 13,662 મહિલાઓનો સમાવેશ થાય છે. અમદાવાદ પશ્ચિમ લોકસભાના એલિસબ્રિજ વિધાનસભા બેઠકમાં 6962, અમરાઈવાડી વિધાનસભા બેઠકમાં 1720, દરિયાપુર વિધાનસભા બેઠકમાં 2082, જમાલપુર-ખાડિયા વિધાનસભા બેઠકમાં 1607, મણિનગર વિધાનસભા બેઠકમાં 2881, દાણીલીમડા વિધાનસભા બેઠકમાં 1908 અને અસારવા વિધાનસભા બેઠકમાં 1676 મતદારો 85+ વયના છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## સંપાદકીય....

# કેનેડાએ શીખ સમુદાયને પોતાના દેશમાં બોલાવી ખાલિસ્તાન બનાવી દેવો જોઈએ...?!!



ખાલિસ્તાન એટલે ભારતના ટુકડા કરીને દુશ્મન દેશ પાકિસ્તાનની સાથે મળીને નવા દેશની રચના અને એ દેશ માત્રને માત્ર શીખ સમુદાય માટે જ હોય. એ ખાલિસ્તાન બનાવવા મથી રહેલાં લોકો એટલે ભારત વિરોધી. ભારતના પંજાબમાં હજુ પણ ખાલિસ્તાન તરફીઓ મોજૂદ છે અને છાશવારે તેઓ બહાર આવીને ખાલિસ્તાન અભી જિન્દા હૈ...ની હાજરી પૂરાવે છે આ ખાલિસ્તાન માટે ભારતે કેટલુ મોટુ બલિદાન આપ્યું તે કેનેડા નામનો દેશ જાણતો જ હશે.

ભારતના દુશ્મન દેશમાં વધુ એકનો ઉમેરો થયો એમ જો કહીએ તો તે યોગ્ય લેખાશે. કેમ કે કેનેડાના વર્તમાન વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ જાહેરમાં ખાલિસ્તાનીઓને એવી ખાતરી આપી છે કે તેમની સરકાર ખાલિસ્તાનની સાથે છે...! અને કેનેડાની ધરતી પર ખાલિસ્તાનની માંગ કરનારાઓને તેમની સરકાર રોકશે નહીં અને તેમના વાણી અધિકારનું રક્ષણ કરશે...એવી ખાતરી આપી છે.

કેનેડાના વડાપ્રધાન ખબ સારી રીતે જાણે છે કે ખાલિસ્તાન નામનો દેશ કેટલાક શીખો કઈ રીતે બનાવવા માંગે છે. ભારતના ટુકડા થયા અને હવે ફરીથી ભારતના ટુકડા કરનારાઓને એક દેશ ટેકો આપે ત્યારે ભારતે અત્યારથી જ ચેતી જવુ પડશે કે આગળ જતાં તેનું પરિણામ શું આવશે...?! કેનેડાના વડાપ્રધાને ભારતના અલગતાવાદીઓને સાથ આપીને જાણે કે તેમણે પણ એ બાબત સાથે સહમતિ દર્શાવી કે હાં, તેમને પણ ભારતના ટુકડા કરવામાં રસ છે અને તેઓ પણ ઈચ્છે છે કે ભારતના ટુકડા કરીને ખાલિસ્તાન બને અને કેનેડામાં રહેતા લાખો શીખો કેનેડાની ચૂંટણીમાં તેમની સરકારને ટેકો આપે....!

યાદ રહે કે કેનેડામાં રહેતા શીખો ભારતીય નથી. તેઓ ધર્મે શીખ છે પણ તેમની વફાદારી ભારત પ્રત્યે નહીં કેનેડા પ્રત્યે છે અને જ્યારે એક દેશની સરકાર તેમને અલગ ખાલિસ્તાન માટે ખુલ્લેઆમ ટેકો આપતી હોય ત્યારે ભારતમાં આગામી સમયમાં શું..શું.. થશે તેની તો કલ્પના જ કરવી રહી.

ભારતનો દુશ્મન દેશ પાકિસ્તાન તેના થયેલા ટુકડાનો બદલો લેવા ભારતના ટુકડા કરવા ભારતવિરોધી અને ખાલિસ્તાન તરફી શીખોને બહેકાવે છે અને માઈન્ડવોશ કરે છે. પાકિસ્તાન ભારતના પંજાબને ભારતથી અલગ કરીને પોતાના કેટલાક પ્રાંતની સાથે જોડીને શીખોને અલગ દેશ આપવા હથેળીમાં ચાંદ બતાવે છે. અને હવે પાકિસ્તાનની સાથે કેનેડા નામનો નવો દુશ્મન દેશ ભારતની સામે પડ્યો છે, એમ કહી શકાય.

કેનેડાએ ભારતની બાબતમાં ચંચુપાત કરવાથી દૂર રહેવુ જોઈએ. કેમ કે આવી બાબતો બેધારી તલવાર જેવી હોય છે. જે શીખોને તેઓ અલગ ખાલિસ્તાન માટે ઉશ્કેરી રહ્યાં છે એ શીખો કેનેડામાં જ અલગ દેશની માંગણી કરશે તો શું તેમની સરકાર કેનેડાનો કોઈ હિસ્સો શીખ સમુદાયને આપવા તૈયાર થશે..? આવુ નહીં થાય એમ જો કેનેડાની વર્તમાન સરકાર માનતી હોય તો તે ભીંત ભૂલે છે. આ આદમખોર વાઘ સમાન છે.

લોહી ચાખી ગયું છે અને કેનેડામાં પણ અલગ ખાલિસ્તાન રચી દેશે ત્યારે સમજાશે કે મૂળ કેનેડિયન નાગરિકો તેનો ક્યાં અને કેવો વિરોધ અને આંદોલન કરશે. કેનેડાએ દુનિયાભરના તમામ શીખ સમુદાયને પોતાના દેશમાં બોલાવીને તેમના માટે ખાલિસ્તાન બનાવી દેવો જોઈએ. મહેનતુ પ્રજા છે. કેનેડાને આબાદ કરશે...! ? સોદા ઘાટે કા નહીં હૈ...!?

## જર્મનીની જેમ ઇટાલીમાં પણ સરમુખત્યાર પાક્યો હતો....

# હિટલરે 60 લાખને તો ગુરૂ મુસોલિનીએ 7 લાખ લોકોને માર્યા..પણ અંત..?!

## જ્યારે મુસોલિની અને તેની પ્રેયસીની લાશોને જાહેરમાં ઉંધા લટકાવી દેવાયા હતા....



ઈતિહાસમાં સત્તા માટે અનેક તાનાશાહોના નામો લખાયેલા છે. પદ-પૈસો અને પ્રતિષ્ઠાની સાથે અઢળક ધન દોલત, ઐય્યાશી ભોગવિલાસભર્યું જીવન, ચિત્ર-વિચિત્ર માન્યતાઓ અને જે કોઈ વિરોધ કરે તેને જેલમાં ધકેલવો કાં તો કાયમ માટે શાંત કરી દેવો...!! આ બે બાબતોને લઈને તાનાશાહો કોઈના પર દયાભાવ રાખતા જ નહોતા. તેમના જીવનના શબ્દકોશમાં દયા કે માફી એવા કોઈ શબ્દો જ હોતા નથી. અને જ્યારે પિડિત પ્રજા વિફરે ત્યારે તે પણ આવા તાનાશાહો પર કોઈ દયા રાખતી નથી, એ પણ એક સત્ય હકીકત છે.

ઈતિહાસના ચોપડે ક્રૂરમાં ક્રૂર તાનાશાહ તરીકે હિટલરનું નામ મોખરે છે. અને હિટલર જેને પોતાનો ગરૂ માનતો હતો (બોલો છે ને મજાની વાત, તાનાશાહોમાં પણ ગુરૂ ) તેમનુ નામ છે- મુસોલિન.....

સરમુખત્યાર બેનિટો મુસોલિની વિશે એવું કહેવામાં આવે છે કે તે તેની વિરુદ્ધ ઉભેલા દરેકને મારી નાખતો હતો. બીજું વિશ્વ યુદ્ધ શરૂ થયું ત્યાં સુધીમાં તેણે લગભગ સાત લાખ લોકોને મારી નાંખ્યા હતા...આ બાબતમાં તેમનો ચેલો હિટલર સવાયો નિકળ્યો કહેવાય. કેમ કે હિટલરની સામે 60 લાખ યહુદીઓને મોતને મઘાટ ઉતારવાનો આરોપ હતો. 28 એપ્રિલની મોડી રાત્રે વિદ્રોહી જૂથ પાર્ટીઝાનના સૈનિકોએ મુસોલિનીને ગોળી મારી હતી. બીજા દિવસે તેનો મૃતદેહ સ્ટેન્ડ પર જાહેરમાં ઊંધો લટકાવવામાં આવ્યો હતો..... જેથી દુનિયા આખી જોઈ શકે કે લોકો પર અત્યાચારો કરનારાઓના કેવા હાલ હવાલ થાય છે.....

ઈટાલીના મિલાન શહેરમાં 29 એપ્રિલ 1945ની સવાર મૌનથી ઘેરાયેલી હતી. લગભગ ચાર વાગ્યે મિલાનના પ્રખ્યાત પિયાઝા લોરેટો સ્ક્વેર પર પીળી રંગની ટ્રક આવીને ઊભી રહી. પાછળથી થોભેલી એક વાનમાંથી બહાર આવીને 10 સૈનિકો ટ્રકની પાછળ ચઢી ગયા અને એક પછી એક ભારે ચીજવસ્તુઓ ચોક પર ફેંકવા લાગ્યા. અંધકારમાં કોઈ સમજી શક્યું નહીં કે શું થઈ રહ્યું છે. તે સૈનિકો ગયા પછી, લોકોએ નજીક જઈને જોયું કે ચોક પર 18 મૃતદેહો પડ્યા હતા. બે મૃતદેહોને ઓળખીને લોકો ચોંકી ઉઠ્યા હતા. એક મૃતદેહ ઈટાલિયન સરમુખત્યાર બેનિટો મુસોલિનીનો હતો અને બીજો તેની ગર્લફ્રેન્ડ ક્લેરેટા પેટાચીનો હતો.....



આ એ જ મુસોલિની હતો, જેણે જાન્યુઆરી 1925માં ઈટાલીમાં પોતાને સરમુખત્યાર જાહેર કર્યા હતા અને 21 વર્ષ સુધી શાસન કર્યું હતું.

29મી જુલાઈ, 1883ના રોજ ઈટાલીના પ્રેડાપ્પિયોમાં જન્મેલા બેનિટો મુસોલિની પુખ્ત વયના થયા ત્યારે સ્વિટ્ઝર્લેન્ડ ભાગી ગયા હતા, કારણ કે તેઓ દેશની સેનામાં કામ કરવા ઈચ્છતા ન હતા, જ્યારે ઈટાલીમાં એવો નિયમ હતો કે દરેક છોકરો 18 વર્ષનો થાય ત્યારે થોડા વર્ષ સેનામાં સેવા કરવી પડી. તેનાથી બચવા માટે તે ઈટાલીથી ભાગી ગયો હતો. જો કે, જ્યારે તે દેશમાં પાછો ફર્યો ત્યારે તેણે થોડો સમય સેનામાં કામ કર્યું. પછી પત્રકારત્વ પણ કર્યું હતું....

પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થઈ ગયું હતું. તે જ સમયે, વર્ષ 1914માં, મુસોલિનીએ તેના અખબારમાં એક લેખ લખ્યો હતો કે ઈટાલીએ આ યુદ્ધમાં ફ્રાન્સ અને બ્રિટનને સમર્થન આપવું જોઈએ. આ કારણે ભારે હોબાળો થયો અને મુસોલિનીને અખબારમાંથી હાંકી કાઢવામાં આવ્યો.

આ પછી તેમણે રાષ્ટ્રવાદની તેમની વિચારધારાને આગળ વધારવાનું શરૂ કર્યું અને લોકોને તેની સાથે જોડવાનું શરૂ કર્યું. વર્ષ 1919માં, મુસોલિનીએ રાષ્ટ્રીય ફાસીવાદી પક્ષ(ફાસીસ્ટ વિચારધારામાં માનનારાઓ) ની રચના કરી, જે એક રાજકીય પક્ષ હતો. આનાથી સમાન વિચારધારાવાળા લોકોને જોડવાનું ચાલુ રહ્યું.

મુસોલિનીને તેમના રાષ્ટ્રવાદ - દેશ પ્રથમના સૂત્ર દ્વારા લોકો તરફથી ભારે સમર્થન મળી રહ્યું હતું. કાળો ડ્રેસ તેની ઓળખ બની રહ્યો હતો અને લોકો તેને ડૂચ કહેવા લાગ્યા. ઈટાલીની સેનાના બેરોજગાર સૈનિકો પણ મુસોલિનીમાં જોડાઈ રહ્યા હતા અને ઈટાલીની સરકારની નીતિઓથી નારાજ આ સૈનિકો મુસોલિનીના સમર્થનમાં હતા. એક સમય એવો આવ્યો જ્યારે એક-એક લાખ લોકો મુસોલિનીની પાર્ટીમાં જોડાયા. તક જોઈને મુસોલિનીએ વિરોધ પ્રદર્શનો દ્વારા પોતાની તાકાત બતાવવાનું ચાલુ રાખ્યું.

27-28 ઓક્ટોબર 1922ની રાત્રે, મુસોલિનીએ 30 હજાર લોકો સાથે ઈટાલીની રાજધાની રોમ પર હુમલો કર્યો અને તત્કાલીન વડા પ્રધાન લુઇગી ફેક્ટાના રાજીનામાની માંગ કરી. ઈટાલીમાં, સેનાએ પણ લોકશાહી સરકારને સમર્થન આપ્યું ન હતું અને લુઇગી ફેક્ટાને સત્તા છોડવી પડી હતી. ઈટાલીના રાજા વિક્ટર ઈમેન્યુઅલે મુસોલિનીને દેશના વડાપ્રધાન બનાવ્યા. તે સમયે મુસોલિની માત્ર 40 વર્ષનો હતો....

પછીના ત્રણ વર્ષ સુધી તેણે ઈટાલીના બંધારણ મુજબ કામ કર્યું, અને ત્યારબાદ ધીમે ધીમે તેમનું પોત પ્રકાશતું ગયું અને સત્તા જોઈને તેનિરંકુશ બની ગયા. 3 જાન્યુઆરી, 1925 ના રોજ, તેમણે ઈટાલિયન સંસદમાં પોતાને સરમુખત્યાર જાહેર કર્યા અને એવો કાયદો બનાવ્યો કે કોઈ તેમને સત્તા પરથી દૂર કરી શકે નહીં....હાલમાં રશિયામાં પણ પરોક્ષ રીતે આ જ સ્થિતિ છે. ચૂંટણી થાય છે પણ જીતે તો પુટિન જ.



સરમુખત્યાર જાહેર કર્યા પછી, એવું કહેવાય છે કે મુસોલિની તેની વિરુદ્ધ ઉભેલા દરેક વ્યક્તિને મારી નાખતો હતો. બીજું વિશ્વ યુદ્ધ શરૂ થયું ત્યાં સુધીમાં તેના આદેશથી લગભગ સાત લાખ લોકો માર્યા ગયા હતા. 1939માં, જ્યારે જર્મન સરમુખત્યાર હિટલરના કારણે બીજું વિશ્વ યુદ્ધ શરૂ થયું, ત્યારે મુસોલિનીએ તેને ટેકો આપ્યો. આ યુદ્ધના કારણે ઈટાલીમાં

(અનુસંધાન પેજ-6 ઉપર)

## પ્રાસંગિક

# અખાત્રીજ:- બેન્ડ-બાજા-બારાતની સાથે ખેતી માટે પણ પ્રથમ દિવસ્ય...

હિન્દુ ધર્મમાં અખાત્રીજનું વિશેષ મહત્વ છે તેને અક્ષય તૃતિયા પણ કહેવાય છે. આ તહેવાર દર વર્ષે વૈશાખ સુદ ત્રીજના દિવસે ઉજવવામાં આવે છે. આ દિવસ ખુબ જ શુભ મનાય છે એટલે કે તમે મુહૂર્ત જોયા વગર આ દિવસે કોઈપણ શુભ કાર્ય કરી શકો છો. જેને વણજોતર્યુ લગ્નનો દિવસ પણ કહેવાય છે. આ દિવસે સોના, ચાંદી અને કોઈ પણ નવી વસ્તુ ખરીદવાનું વિશેષ મહત્વ શાસ્ત્રોમાં જણાવવામાં આવ્યું છે. આ વર્ષે અખાત્રીજ શુક્રવારે 10 મેના રોજ ઉજવવામાં આવશે. લગ્નસરાની મોસમની સાથે અખાત્રીજનું ખેતી સાથે પણ પારંપારિક સંબંધ રહયો છે. આ દિવસ ખેતીનો પ્રથમ દિવસ ગણાય છે.

વૈદિક પંચાગ અનુસાર અખાત્રીજ 10 મેના રોજ શુક્રવારે સવારે 4.16 વાગ્યે શરૂ થશે અને તે 11 મેના રોજ સવારે 2.51 વાગ્યે સમાપ્ત થશે. તેથી આ વર્ષે અખાત્રીજ 10 મેના રોજ ઉજવવામાં આવશે. જ્યોતિષની દ્રષ્ટિએ આ દિવસ ખૂબ જ શુભ છે. કારણ કે આ દિવસે સૂર્ય અને ચંદ્ર ઉન્નત રાશિમાં હોય છે.

અખાત્રીજનો શુભ સમય 10 મેના રોજ સવારે 5.48 વાગ્યાથી શરૂ થશે, જે બપોરે 12.22 વાગ્યા સુધી રહેશે. એવું માનવામાં આવે છે કે અખાત્રીજના શુભ સમયે કરવામાં આવેલા દરેક કાર્યમાં સફળતા પ્રાપ્ત થાય છે. સાથે જ આ દિવસે રવિ યોગ પણ બની રહ્યો છે, જેમાં પૂજા કરવાથી ડબલ ફળ મળે છે.

અખાત્રીજ પર દેવી લક્ષ્મીની પૂજા કરવી શુભ માનવામાં આવે છે. શાસ્ત્રો અનુસાર .અખાત્રીજના દિવસે કૃષ્ણજીએ યુધિષ્ઠિરને અક્ષય પાત્ર આપ્યું હતું. જેમાં ભોજન ક્યારેય પણ સમાપ્ત થતું ન હતું. આ દિવસે દાન કરવાથી અક્ષય પૂણ્યની પ્રાપ્તિ થાય છે.

સાથે જ શાસ્ત્રોમાં આ દિવસને સદાબહાર મુહૂર્ત કહેવામાં આવ્યું છે. એટલે કે આ દિવસે લગ્ન, ગૃહ પ્રવેશ, વાહન ખરીદી, સગાઈ કે અન્ય કોઈ શુભ કાર્ય કરી શકાય છે. અખાત્રીજના દિવસે એકાક્ષી નારિયેળ, દક્ષિણાવર્તી શંખ અને પારદ શિવલિંગ ખરીદીને ઘરે લાવવા ખૂબ જ શુભ માનવામાં આવે છે.

ભારત દેશ ખેતીપ્રધાન દેશ ગણાય છે. દેશમાં દરેક શુભ કામ માટે મુહૂર્ત જોવામાં આવે છે. ત્યારે અખાત્રીજના તહેવારની પરંપરામાં શુભ કાર્યો માટે સૌથી શ્રેષ્ઠ મુહૂર્ત માનવામાં આવે છે. ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં આજે ખેડૂતોએ અખાત્રીજના શુભ મુહૂર્ત પ્રસંગે ટ્રેક્ટરને કુમકુમ તિલકથી વધાવી જમીનની પૂજા કરી નવા વર્ષે ખેતીની શુભ શરૂઆત કરે છે.

વૈશાખ સુદ ત્રીજનો દિવસ એટલે અખાત્રીજ શુભ કાર્યો માટે સૌથી શ્રેષ્ઠ મુહૂર્ત માનવામાં આવે છે.. અખાત્રીજ એટલે ખેડૂતો માટે ખેતી મુહૂર્ત કરવાનો અનેરો ઉત્તમ દિવસ. અખાત્રીજના દિવસે ખેડૂતોએ ટ્રેક્ટર દ્વારા, વાજતે ગાજતે ખેતરમાં ઉગમણી દિશાએ પાંચ ચાસ ખેડી ખેતીનું મુહૂર્ત કરે છે.. અખાત્રીજે પહેલા ખેડૂતો હળ બળદથી ખેતી કરતા હતાં. ત્યારે બળદને શણગારી હળ બળદ જોડીને બળદની પૂજા કરવામાં આવતી હતી. ત્યારબાદ ધરતી માતાને સ્વસ્તિક દોરી પૂજા કરી ગોળ-ધાણા વહેંચી ખેતીનું ઉત્સાહભેર મુહૂર્ત કરાતું હતું. હવે બળદનું સ્થાન ટ્રેક્ટરે લીધુ છે.



શાસ્ત્રોમાં આ દિવસને સદાબહાર મુહૂર્તનો દિવસ કહેવામાં આવ્યું છે...

ખેડૂતો માટે અનેરો દિવસ : હવે ખેતીની પદ્ધતિ પણ આધુનિક સમયમાં હળ અને બળદના બદલે ટ્રેક્ટરો દ્વારા ખેડૂતોએ ખેતીનું મુહૂર્ત કર્યું હતું. બહેનોએ ધરતી માતાની પૂજા કરી હતી. સૌભાગ્યવતી સ્ત્રીઓ દ્વારા ખેડૂતોને ચાંદલા કર્યા બાદ ધરતી માતાજીની પૂજા કરવામાં આવે છે. બાદમાં લાલ નાડાછડી બાંધી હળોતરાના સૈત્રો બાંધી ગોળ, ધાણા વહેંચવામાં આવે છે. ટ્રેક્ટર પર શ્રીફળ વધેરી, ધરતી માતા અને ખેતીના ઓજારોની આરતી ઉતારવામાં આવે છે.

કોરોના મહામારી વખતે તેનો જલ્દી અંત આવે અને આવનારું વર્ષ ખુબજ સારું જાય, ખેડૂતો પર કુદરત મહેરબાન રહે તે માટેની પ્રાર્થના કરવામાં આવતી હતી. ખેડૂતો માટે ખેતીની જમીન ભાગે વાવેતર કરવા આપવા-રાખવા માટે પણ અખાત્રીજના દિવસને શુભ માનવામાં આવે છે.:

પહેલા ખેડૂતો હળથી ખેતી કરતા હતાં પરંતુ હવે ખેડૂતો પણ આધુનિક સાધનોથી ખેતી કરતા અખાત્રીજના દિવસે આધુનિક ઓજારોની પૂજા કરવામાં આવે છે. આમ ભલે ખેડૂતો ગમે તેટલા આધુનિક બની જાય અને બદલાતા સમય સાથે તહેજીબ પણ બદલાવવા માંડી છે ત્યારે અખાત્રીજના દિવસે ખેડૂતો દ્વારા ખેતીના ઓઝારોની કરવામાં આવતી પૂજાની પરંપરા આજે પણ અકબંધ છે.

અખાત્રીજના મહત્ત્વને લઈને ખેતી સાથે જોડાયેલા કહે છે કે અમે અખાત્રીજના નિમિત્તે વાંજતે ગાજતે ટ્રેક્ટર અને હળની પૂજા કરીએ છીએ. પહેલાના સમયમાં અમારા વડવાઓ હળ અને બળદની પૂજા કરતાં હતાં પરંતુ હવે આધુનિક સમયમાં બળદ રહ્યા નથી. ત્યારે અમે ટ્રેક્ટરથી ખેતી કરીએ છીએ અને ટ્રેક્ટરની પૂજા કરીને ખેતીમાં નવા વર્ષની શરૂઆત કરીએ છીએ.

એક મહિલા ખેડૂત કહે છે કે અમે અખાત્રીજના દિવસે ટ્રેક્ટરની પૂજા કરી નવા વર્ષની શરૂઆત કરીએ છે. પહેલાના સમયમાં અમારા વડવાઓ બળદ અને હળથી ખેતી કરતા હતા એટલે તેઓ અખાત્રીજના દિવસે બળદ અને હળની પૂજા કરતા હતાં. પરંતુ અમે આધુનિક સમયમાં હવે ટ્રેક્ટરની પૂજા કરી નવા વર્ષની શરૂઆત કરવાના છીએ.

## ધર્મ

# 10મી મેના રોજ દેશભરમાં ઉજવાશે પરશુરામ જયંતી.....

આ વર્ષે પરશુરામ જયંતી વૈશાખ સુદ ૩ ( આખા ત્રીજ ) ૧૦ મે ના રોજ ઉજવાશે. પરશુરામને ભગવાન વિષ્ણુનો છઠ્ઠો અવતાર માનવામાં આવે છે. તેણે તેના પિતાના કહેવા પર તેની માતાની હત્યા કરી હતી. જાણીએ શું છે પૌરાણિક કથા...

દર વર્ષે અક્ષય તૃતીયાના દિવસે પરશુરામ જયંતિ ઉજવવામાં આવે છે. આ વખતે પરશુરામ જયંતિ ૧૦ મે ના રોજ ઉજવાશે. અક્ષય તૃતીયાના દિવસે માતા રેણુકાના ગર્ભમાંથી શ્રી પરશુરામનો જન્મ થયો હતો. ભગવાન પરશુરામ ચિરંજીવી છે, તેથી આ દિવસને ચિરંજીવી તિથિ તરીકે પણ ઓળખવામાં આવે છે. પરશુરામને ભગવાન વિષ્ણુનો છઠ્ઠો અવતાર માનવામાં આવે છે.



તેમના પિતાનું નામ જમદગ્નિ અને માતાનું નામ રેણુકા હતું. આવી ઘણી પૌરાણિક કથાઓ છે, જે ભગવાન પરશુરામના અત્યંત ક્રોધી સ્વભાવને દર્શાવે છે. ભગવાન પરશુરામના ક્રોધથી દેવી-દેવતાઓ ધ્રૂજતા હતા. પૌરાણિક કથાઓ અનુસાર, એકવાર પરશુરામે ગુસ્સામાં ભગવાન ગણેશનો દાંત તોડી નાખ્યો હતો. તે જ સમયે, તેના પિતાના કહેવા પર, તેણે તેની માતાની પણ હત્યા કરી. ચાલો જાણીએ ભગવાન પરશુરામે પોતાની માતાનો જ કેમ કરી દીધો હતો વધ.

ભગવાન પરશુરામને શક્તિનું પ્રતિક માનવામાં આવે છે. તેઓ તેમના માતા-પિતાના પરમ ભક્ત હતા. પૌરાણિક કથાઓ અનુસાર એક વખત પરશુરામની માતા રેણુકા પાણી લેવા નદી પર ગયા હતા. ત્યાં તેણીએ પાણીમાં અપ્સરાઓ સાથે ગંધર્વરાજ ચિત્રરથને જોયો અને થોડો સમય ત્યાં રહ્યો. તે સમયે માતા રેણુકાના મનમાં વિકાર ઉત્પન્ન થયો હતો. અચાનક તેને યાદ આવ્યું કે, તેના પતિના હવનનો સમય છે અને તે તરત જ પાણી લઈને ઘરે પહોંચી ગઈ.

જમદગ્નિ ઋષિને તેમની પત્નીના માનસિક વ્યભિચાર વિશે તેમના તપોબળથી ખબર પડી. તેણે તેના ત્રણ પુત્રો કે જેઓ પરશુરામ કરતાં મોટા હતા તેમની માતાને મારી નાખવાનો આદેશ આપ્યો, પરંતુ તેમાંથી કોઈએ તેને પાપ માનીને કર્યું નહીં. અંતે, ઋષિએ પરશુરામને તેની માતાને મારી નાખવાનો આદેશ આપ્યો. તે જ સમયે તેણે કહ્યું કે તમારા ભાઈઓને પણ મારી નાખો કારણ કે તેઓએ મારા આદેશનું પાલન કર્યું નથી. પરશુરામે તેના પિતાનું પાલન કરતા તેની માતા અને ભાઈઓનો વધ કર્યો હતો.

પુત્રની પિતા પ્રત્યેની ભક્તિ જોઈને ઋષિ જમદગ્નિ પ્રસન્ન થયા અને પરશુરામને વરદાન માંગવા કહ્યું. પરશુરામ તેમના પિતાની તપસ્યા જાણતા હતા. તેણે તેની માતા અને ભાઈઓને પુનર્જીવિત કરવા માટે તેના પિતા પાસે વરદાન માંગ્યું. તેણે તેના પિતાને પૂછ્યું કે તેની માતા અને ભાઈ જાણે ઊંઘમાંથી જાગી ગયા હોય તેમ જીવતા હોવા જોઈએ અને તેમને યાદ ન રહે કે મેં તેમને મારી નાખ્યા છે. જમદગ્નિ ઋષિની શક્તિને કારણે આવું બન્યું હતું. પુત્રની તીક્ષ્ણ બુદ્ધિ જોઈને ઋષિએ તેને કીર્તિ અને શસ્ત્રોમાં કૌશલ્યનું વરદાન પણ આપ્યું.

## ઇલેક્શોનોમિક્સ

## બે તબક્કામાં ઓછુ મતદાન..એક તો વાતાવરણ ડલ .તેમાં વળી કથિત સેક્સ સ્કેન્ડલ...?!

# ના કોઈ વેવ હૈ..ના કોઈ પવન હૈ..ચુનાવ જીતે તો જીતે કૈસે..?!ચલ છૈયા...છૈયા..

## પરિણામના દિવસે જો કોઇ સૌથી વધુ ટેન્શનમાં હશે તો તે કોણ હશે.. વિચારો....?

હવામાનમાં ગરમીની સાથે દેશમાં લોકસભાની સામાન્ય ચૂંટણીઓનો રાજકીય ગરમાવો એવો ગરમાગરમ છે કે તેના પર વણાયેલો લોટ મૂકીએ તો ઘડીકમાં રોટલી તૈયાર થઈ જાય. ઐસા પહલે કભી નહીં થા.....ના, ઐસા તો નહીંથા....યે સબ પહલી બાર હો રહા હૈ...ઔર યે ચુનાવ એક ઈતિહાસ બનનેવાલા હૈ....એવી પ્રતિક્રિયા જોવા મળે છે, સાંભળવા મળે છે. એક વાતની નોંધ રાજકીય રીતે લેવાઈ છે કે આ વખતે 2019 જેવુ કોઈ એવુ વાતાવરણ નથી કે એવુ કોઈ વેવ નથી કે જેને જોઈને એમ લાગે કે ભાજપ જીતી રહ્યું છે....

લોકસભા ચૂંટણીઓ પર નજર રાખી રહેલા રાજકીય અભ્યાસુઓ કહે છે કે, આ વખતે એક તરફી નછી. ગઈ વખતે તો પુલવામા હુમલાને કારણે એક તરફી હતું અને ભાજપ તીન સો કે પાર પહોંચી ગઈ હતી. આ વખતે સૂત્ર તો 400 કે પાર...નું છે પણ ઈલેક્ટોરલ બોન્ડને સુપ્રિમે ગેરકાયદે જાહેર કરતાં અને તેની વિગતો સાર્વજનિક થઈ જતાં ભાજપને મુશ્કેલી પડી રહી હોવાનું રાજકીય ચિત્ર ઉપસી રહ્યું છે.102 બેઠકો માટે પ્રથમ તબક્કામાં અને 89 બેઠકો માટે બીજા તબક્કાનું મતદાન મળીને 191 બેઠકો માટે મતદાન થઈ ગયું છે. પ્રથમ તબક્કામાં ગઈ વખત કરતાં ઓછુ મતદાન થયું છે. ઓછુ મતદાન ભાજપને નુકશાન કરી શકે એમ રાજકીય અભ્યાસુઓનું માનવુ છે. ઓછા મતદાનના વિવિધ કારણો અને તારણો આવ્યાં છે. જેમાં એક કારણ ભારે ગરમીનું વાતાવરણ મનાય છે.

ચૂંટણીઓમાં વેવ હોય તો તેના પર બેસીને તરી જવાય. હોડી છે પણ પાણી ન હોય, વેવ કહેતા મોજા કે ગંગા કી લહેરે...ન હોય તો ચુનાવી નાવ આગળ વધી શકે નહીં...ચુનાવી નાવને પાર લગાવવા ભાજપ અને કોંગ્રેસની સાથે ઈન્ડિયા એલાયન્સ હલેસા મારી રહ્યાં છે. રોજ અલગ અલગ મુદ્દે એક બીજા પર વાર ઉપર વાર અને વળતા પ્રહાર જેવુ બની રહ્યું છે.મૂળે ઢંગ કા કોઈ મુદ્દો સત્તાપક્ષના હાથમાં આવતો નથી. તેથી રાહુલ કંઈક બોલે, પ્રિયંકા કંઈક કહે એટલે તેને લઈને પ્રહારો થઈ રહ્યાં છે.

કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો પણ આ વખતે ચૂંટણીનો મુદ્દો બન્યો અને તેના પર મુસ્લિમ લીગની અસર છે..આ ઢંઢેરામાં એવુ પણ લખેલુ છે કે જો કોંગ્રેસની સરકાર આવશે તો તમારા ઘરના સોના-ચાંદી બધુ લઈને મુસ્લિમોને અને ઘૂસણખોરોને આપી દેશે.....એમ કહીને ઢંઢેરો ન વાંચતા હોય એને પણ કોંગ્સનો ઢંઢેરો વાંચવા આકર્ષિત કર્યા છે... અને જેઓ કોંગ્રેસની વેબસાઈટ ક્યારે જોતા નહોતા એ લોકોએ



કોંગ્રેસોનો ઢંઢેરો ન્યાય પત્ર લાખોની સંખ્યામા ડાઉનલોડ કરીને વાંચ્યું તો એમાં તેમને એવુ કરાંઈ મળ્યુ જ નહીં....કેમ કે તેમાં એવુ કાંઈ હતું જ નહીં ...આ તો એક પ્રકારનો કોંગ્રેસવિરોધી પ્રચાર છે.....

આવ આવુ ચૂંટણી જંગના મેદાનમાં જોવા મળી રહ્યું છે અને લેટેસ્ટમાં કર્ણાટકમાં જેડીએસ-પૂર્વ વડાપ્રધાન દેવગોવડાની પાર્ટી-ને રાજકીય નુકશાન થાય તેમ તેમના પૌત્ર પૂરજવલ રેવન્નાનું કથિત સેકેસ સ્કેન્ડલ બહાર આવ્યું છે, અધૂરામાં પૂરૂ સ્કેન્ડલ બહાર આવતા રેવન્ના વિદેશ જવા રવાના થઈ ગોય એટલે કોઈને શંકા ન જતી હોય તો પણ થાય. કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર છે અને જેડીએસની સાથે ભાજપે ગઠબંધન કર્યું છે એટલે ભાજપને ૫ રાજકીય નુકશાન થઈ શકે...ચૂંટણીઓ વખતે જ આવુ બધુ કેમ થતું હશે....કે પછી આવુ બધુ દબાવીન રાખવામાં આવતુ હશે અને ચૂંટણીઓ આવે એટલે ભમ્મ,,,દઈને બહાર આવે... વિડિયો વાઈરલ થાય...અને જેમને રાજકાય લભ લેવો હોય તે લઈ લે..

બહતી હવા સા થા વો... એવુ એક ગીતમાં કહેવાયું છે. પણ આ વખતે દેશમાં ચૂંટણીઓમાં કોઈ હવા નથી, કોઈ લહેર નથી, કોઈ વેવ નથી અને કોઈ એવો મુદ્દો સત્તાપક્ષ પાસે નથી કે જેને લઈને મતદારોમાં 2019ની જેમ ભાજપને વોટ આપવાનો ઉત્સાહ હોય...2019માં પુલવામાનો જોરદાર દેશભક્તિનો મુદ્દો હતો, વેવ હતો, સહાનુભૂતિ હતી..પણ આ વખતે કોઈ અનુભૂતિ નથી એટલે મતદાન પણ બે તબક્કામાં ઓછુ થયું છે. હજુ પાંચ તબક્કા પાર કરવાના છે. મુદ્દો શોધાઈ રહ્યાં છે કે કોંગ્રેસવાળા કોઈ ભૂલ કરે કે કોઈ એવુ કંઈક બોલે કે બસ તેને લઈને મોજા હી મોજા.... પણ આ વખતે તો રાહુલ એન્ડ કંપની સતર્ક અને સજાગ છે.. એટલે રાહુલ કાંઈ બોલે એટલે તેનો જવાબ ખુદ વડાપ્રધાન પોતે આપી રહ્યાં છે....

4 જૂને પરિણામના દિવસે જો કોઈ સૌથી વધુ ટેન્શનમાં હશે તો વિચારો કે કોણ હશે....? ના, કોઈ રાજકીય નેતા નહીંપણ એક મોટા ગજાના ઉદ્યોગપતિ ટેન્શનમાં હશે....કોઈ જીત્યા તો ભયો ભયો...અને હાર્યા તો ગયો... ગયો...પિક્ચર અભી બાકી હૈ મેરે દોસ્ત.....! પરિણામ પછી ખબર પડશે-દોસ્ત દોસ્ત ના રહા.... વ્યાપાર ભી ના રહા....?!

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

### 4 નવા એરોબ્રિજ અને 4 બસ બોર્ડિંગ ગેટ્સ તૈયાર । એરપોર્ટના રનવે પર ઘણા સુધારા કરવામાં આવ્યાં , દેશ- વિદેશની ફ્લાઈટ ઓપરેટ કરશે

# અમદાવાદ એરપોર્ટ પર મુસાફરો માટે નવી સુવિધાઓ ઉપલબ્ધ

ગુજરાત | વંદન

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ-2ને ઈન્ટીગ્રેટેડ ટર્મિનલ તરીકે વિકસિત કરવામાં આવી રહ્યું છે. તેના ભાગરૂપે નવનિર્મિત ઈન્ટિગ્રેટેડ ટર્મિનલમાં અનેક સુધારા કરી મુસાફરોને સવલતો પૂરી પાડવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. અમદાવાદ એરપોર્ટના ઈન્ટીગ્રેટેડ ટર્મિનલમાં સિક્યુરિટી હોલ્ડ એરિયાથી લઈને એરોબ્રિજ અને ચેક ઈન કાઉન્ટર્સમાં પણ વધારો કરવામાં આવ્યો છે. ફક્ત ટર્મિનલમાં જ નહી પરંતુ એર સાઈટ પર એટલે કે રનવે ઉપર પણ સુધારા વધારા કરવામાં આવ્યા છે.

અમદાવાદના ઈન્ટિગ્રેટેડ ટર્મિનલમાં ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિની થીમ ઉપર ડિઝાઈન કરવામાં આવી છે. ટર્મિનલમાં ડિપાર્ચર ગેટથી પ્રવેશ કરતાં જ મુસાફરોને થોડાક જ સમયમાં સરદાર વલ્લભભાઈ પટેલની વિશાળ મૂર્તિના દર્શન પણ થશે. આ ઉપરાંત ચેક ઈન કાઉન્ટર પાછળ અમદાવાદની ઝાંખી જોવા મળશે. અમદાવાદ શહેરને વર્લ્ડ હેરિટેજ સિટીનું બિરુદ મળ્યું છે તેથી જ્યાં મુસાફરોને ચેક કરવામાં આવતા હોય છે ત્યાં કેબિનની બહાર પણ હેરિટેજ સિટીના અનુભવ થાય છે. જ્યારે ટોઈલેટ્સની દિવાલો ઉપર પણ ગુજરાતની સંસ્કૃતિની ઝાંખીને અલગ રીતે પ્રદર્શિત કરવામાં આવી છે. તો બીજી બાજુ ચેક ઈન કાઉન્ટર્સ અને ઈમિગ્રેશન કાઉન્ટર્સ પણ ગુજરાતના ટેક્સટાઈલ ઉદ્યોગનુ પ્રતિનિધિત્વ કરે છે. આ કાઉન્ટર્સની બહારના ભાગમાં બાંધણી અને બ્લોક પ્રિન્ટ્સની કૃતિ મુસાફરોને હળવો અનુભવ કરાવશે. વિદેશથી આવતા મહેમાનો અમદાવાદ એરપોર્ટ પર



ઉતરતાની સાથે જ ગુજરાતમાં હોવાનો અહેસાસ કરી શકશે.

તેમજ ટર્મિનલની અંદરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વાત કરવામાં આવે તો અગાઉ ટર્મિનલ-2 પર 14 ઈમિગ્રેશન કાઉન્ટર્સ હતા. જે હવે વધારીને 19 કરવામાં આવ્યા છે તથા મેટલ ડિટેક્ટરમાં પણ વધારો કરીને 24 કર્યા છે. એરપોર્ટ ઉપર મુસાફરોને તથા સામાનને સ્કેન કરવા માટે અગાઉ ફક્ત ચાર એક્સ-રે સ્કેનર હતા. જે હવે 14 થઈ ગયા છે. અગાઉ ફક્ત ચાર બેગેજ બેલ્ટ હતા, જેમાં હવે વધારાના 2 બેગેજ બેલ્ટનો ઉમેરો કરવામાં આવ્યો છે. આ વધારાના બેગેજ બેલ્ટ ડોમેસ્ટિક ફ્લાઈટ માટે અનામત રાખવામાં આવ્યા છે.જે ઈન્ટરનેશનલ ટર્મિનલ માટે પણ ઉપયોગમાં લઈ શકાય તે રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે. ફ્લાઈટના લેન્ડિગ બાદ મુસાફરો અરાઈવલ એરિયા પ્રવેશ કરે છે. જ્યાં અગાઉ 16 ઈમિગ્રેશન કાઉન્ટર હતા. જેમાં ઈમિગ્રેશન કાઉન્ટરનો ઉમેરો કરીને હાલમાં 24 કાઉન્ટર્સ તૈયાર કરવામાં આવ્યા છે.

વિદેશના મોટા એરપોર્ટ ઉપરાંત ભારતના જ વ્યસ્ત એરપોર્ટની જેમ અમદાવાદ એરપોર્ટ ઉપર પણ ઈન્ટરનેશનલ ટુ ઈન્ટરનેશનલ ફ્લાઈટ લેતાં મુસાફરો માટે ખાસ ઈન્ટર્નલ ટ્રાન્સફરની વ્યવસ્થા કરવામાં આવી છે, એટલે કે જો કોઈ મુસાફર ઈન્ટરનેશનલ ફ્લાઈટ લઈને અમદાવાદ આવે અને અમદાવાદથી જ અન્ય કોઈ દેશની ફ્લાઈટ હોય તો અરાઈવલ ગેટથી બહાર આવીને ફરીથી ડિપાર્ચર ગેટથી પ્રવેશ કરવાની જરૂર રહેશે નહીં. તેના માટે અરાઈવલ એરિયામાં અલગથી ટ્રાન્સફર ડેસ્ક બનાવવામાં આવ્યું છે. જ્યાં મુસાફર દ્વારા CISFની જરૂરી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ સિક્યુરિટી હોલ્ડ એરિયામાં પ્રવેશ કરી શકે છે. તદુપરાંત કોઈ મુસાફર શંકાસ્પદ લાગે તો તેની એરપોર્ટના અરાઈવલ ગેટથી જ રિફ્યુઝ કરીને આ ટ્રાન્સફર ડેસ્કમાં આવેલા સિક્યુરિટી હોલ્ડ એરિયામાં રાખીને પરત મોકલવામાં આવે છે. જેથી એરપોર્ટ અને શહેરની સુરક્ષા પર કોઈ આંચ ન આવી શકે. તદુપરાંત મુસાફરોની અવર જવરમાં વધારો થતા એરપોર્ટ દ્વારા CISFના સ્ટાફમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

આ ટર્મિનલ ઉપરાંત એરપોર્ટના રનવે પર ઘણા સુધારા કરવામાં આવ્યા છે. જેથી એરપોર્ટ સુવ્યવસ્થિત રીતે દેશી ઉપરાંત વિદેશી ફ્લાઈટ ઓપરેટ કરી શકે. મુસાફરોને વધુમાં વધુ શહેરો સાથે કનેક્ટિવિટી મળી રહે તે માટે ઘણા સુધારા કરવામાં આવ્યા છે. તેમાં સૌથી મહત્ત્વના એરોબ્રિજ તૈયાર કરવામાં આવ્યા છે અગાઉ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર ચાર એરોબ્રિજ હતા. જેનું હવે એક્સપાન્શન કરીને હાલમાં આઠ એરોબ્રિજ તૈયાર કરવામાં આવી રહ્યા છે એટલે કે વધારાના ચાર એરોબ્રિજ નજીકના ભવિષ્યમાં કાર્યરત બનશે. તેથી લિંક ફ્લાઈટના મુસાફરોને બસ મારફતે એરક્રાફ્ટથી એરપોર્ટ ટર્મિનલ અરાઈવલ એરિયા સુધી બસનો ઉપયોગ કરીને આવવાની ફરજ પડે છે તેમાં પણ એરપોર્ટના ઈન્ટીગ્રેશન બાદ વધારો કરવામાં આવ્યો છે.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
રોજિંદા રૂટિનથી રાહત મેળવવા માટે, ધાર્મિક સ્થળે જવા માટે એક કાર્યક્રમ બનાવવામાં આવશે, જે શરીર અને મન બંનેને ખુશખુશાલ રાખશે. અસરકારક વ્યક્તિને નવું કાર્ય શરૂ કરવામાં યોગ્ય ટેકો મળશે. એક સ્વપ્ન પણ સાકાર થશે. ભાઈઓ સાથે ચર્ચા થવાની સંભાવના છે.

**વૃષભ** (બ.વ.ઉ)
તમારી યોજનાઓને કાર્યમાં પરિવર્તિત કરવા માટે સમય ઉત્તમ છે. નાણાકીય રોકાણ સંબંધિત કામ માટે આ સાનુકૂળ સમય છે. આ પ્રવૃત્તિઓ ભવિષ્યમાં ફાયદાકારક રહેશે. તમે કોઈ મહત્વપૂર્ણ વસ્તુ ગુમાવી શકો છો અથવા તમે તેને ક્યાંક રાખવાનું ભૂલી શકો છો.

**મિથુન** (ક.છ.ઘ)
કોઈ અનુભવી વ્યક્તિની મદદ અને સલાહથી તમને છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી સમસ્યાનો ઉકેલ મળવાથી રાહત મળશે. તમારું સકારાત્મક વલણ અને વિચાર તમને ઘર અને વ્યવસાય વચ્ચે સુમેળ જાળવવામાં મદદ કરશે. સારી તકોનો સમયસર ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કરો.

**કર્ક** (ડ.હ)
આ સપ્તાહે તમે અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેશો અને મોટાભાગના કામ સમયસર પૂરા થશે. જો પ્રોપર્ટીના ખરીદ-વેચાણ સંબંધિત કોઈ કાર્યવાહી ચાલી રહી છે, તો તેને અમલમાં મૂકવાનો આ યોગ્ય સમય છે. ધાર્મિક કાર્યો પણ થશે.

**સિંહ** (મ.ટ)
મહેનત કરવાનો સમય છે. તમને તમારા પ્રયત્નોનું યોગ્ય પરિણામ ચોક્કસપણે મળશે. કેટલાક મહત્વપૂર્ણ લોકો સાથે સંગત થવાથી તમને નફાકારક કરારો મળશે. યુવાનો તેમના અભ્યાસ અને કારકિર્દી માટે ગંભીર પ્રયાસો કરશે. ક્યારેક તમે અંગત રીતે એકલતા અનુભવશો.

**કન્યા** (પ.ઠ.ણ)
આ અઠવાડિયે તમારું સકારાત્મક વલણ અને વિચાર તમને ઘર અને વ્યવસાય વચ્ચે સુમેળ જાળવવામાં મદદ કરશે. વાતચીત કરતી વખતે યોગ્ય શબ્દોનો ઉપયોગ કરો, નહીંતર થોડી બેદરકારી તમને નુકસાન પહોંચાડી શકે છે. તમારા અહંકાર અને ગુસ્સાનો સકારાત્મક રીતે ઉપયોગ કરો.

**તુલા** (ર.ત)
તમે જે સુખ-શાંતિ જોઈ રહ્યા હતા તે પૂર્ણ થશે. જેના કારણે મન ખુશખુશાલ રહેશે. કેટલાક નવા કામની રૂપરેખા પણ બની શકે છે. તમે તમારી કાર્યક્ષમતા દ્વારા અપેક્ષા કરતા વધુ પરિણામો પ્રાપ્ત કરશો.નાણાકીય બાબતોમાં તાણ અનુભવાશે. આ સપ્તાહે કામમાં અણધારી સફળતા મળશે.

**વૃશ્ચિક** (ન.ય)
આ અઠવાડિયે કોઈ સારા સમાચાર મળવાથી પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે. વિશ્વાસુ વ્યક્તિની સલાહ અને સમર્થન તમને તમારી ખોવાયેલી પ્રતિષ્ઠા પાછી મેળવવામાં મદદ કરશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ પણ વધશે. લોકો સાથે વાતચીત કરતી વખતે યોગ્ય શબ્દોનો ઉપયોગ કરો.

**ધન** (ભ.ધ.ફ)
ગ્રહોની સ્થિતિ અનુકૂળ છે, તમારી દિનચર્યાને વ્યવસ્થિત રીતે અમલમાં મુકો. પ્રવાસ સંબંધિત કેટલાક કાર્યક્રમ બનશે અને આ પ્રવાસમાં સુખદ અનુભવ થશે. આ સમયે પારિવારિક કે મિલકતના કેટલાક મામલાઓ જટિલ બની શકે છે. શાંતિથી સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરો.

**મકર** (ખ.જ)
સાનુકૂળ સમયનો યોગ્ય ઉપયોગ કરો. પ્રોપર્ટી સંબંધિત ચાલી રહેલા કોઈપણ વિવાદનો ઉકેલ આવશે અને નિર્ણય પણ તમારા પક્ષમાં આવશે. પરસ્પર સંબંધોમાં પણ સુધારો થશે. વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે. ઘરના વડીલોના માર્ગદર્શનને અવશ્ય અનુસરો

**કુંભ** (ગ.સ.શ.ષ)
લાભદાયક યોજનાઓ બનશે અને અમલમાં પણ આવશે. તમારા સંપર્કઓને મજબૂત બનાવો. ક્યારેક તમારા વિચારોની સંકુચિતતા પરિવારના સભ્યોને પરેશાન કરી શકે છે. સમયની સાથે તમારા સ્વભાવને બદલવો ખૂબ જ જરૂરી છે. બાળકોએ મનોરંજનની સાથે તેમના ભણતર પર પણ ધ્યાન આપવું.

**મીન** (દ.ચ.ઝ)
નાણા સંબંધિત કોઈપણ પ્રવૃત્તિ અંગે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવશે અને વધુ સારા પરિણામો પણ પ્રાપ્ત થશે. તમે કંઈક નવું કરવાનું વિચારશો. તમે તમારી અંદર નવી ઉર્જાનો પ્રભાવ અનુભવશો. અજાણ્યા લોકો સાથે કોઈ પણ લેવડ-દેવડ કરતી વખતે સાવધાની રાખવાની જરૂર છે. અહંકાર અને વધુ પડતો આત્મવિશ્વાસ પણ તમને મુશ્કેલીમાં મૂકી શકે છે. કર્મચારીઓની ભૂલોને શાંતિપૂર્ણ રીતે સુધારવાનો પ્રયાસ કરો.

# કોર્પોરેશન નિષ્ણાત એજન્સીની સલાહને અવગણીને બીજા સ્થળે પુલ બનાવશે

### CRRIએ નેહરુનગરથી ગુલબાઈ ટેકરા વચ્ચે બ્રિજ સૂચવ્યો

ગુજરાત | વંદન

મ્યુનિ.એ પાંજરાપોળ જંક્શન પર આઈઆઈએમથી પોલિટેકનિક સુધી 652 મીટરનો ફ્લાયઓવર બનાવવાનું કામ હાથમાં લીધું છે. તે માટે પાઈલ ટેસ્ટિંગ શરૂ કરાયું છે. આ જંક્શન પર બ્રિજ બનતા દોઢ લાખ વાહનચાલકોને રાહત મળશે તેમ કહેવાયી રહ્યું છે, પણ મ્યુનિ.એ કરાવેલા સરવે મુજબ, સવાર અને સાંજના પિકઅવર્સમાં નેહરુનગરથી એલડી કોલેજ સુધીના રોડ પર 5 હજાર જેટલાં વાહનો અવરજવર કરે છે, જ્યારે વસ્ત્રાપુરથી આંબાવાડી વચ્ચે આ સમયમાં 4800 વાહન અવરજવર કરે છે. આઈઆઈએમ રોડ પર પહેલેથી એક બ્રિજ છે.




બીજી તરફ નેહરુનગર અને એલડી કોલેજ વચ્ચે કોઈ બ્રિજ નથી અને આ રોડ પર ત્રણ ટ્રાફિક સિગ્નલ આવે છે, જ્યારે આઈઆઈએમથી પોલિટેકનિક વચ્ચે માત્ર પાંજરાપોળ જંક્શન જ છે. સેન્ટ્રલ રોડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (સીઆરઆરઆઈ)એ 2011માં 34 જંક્શનનો સરવે કર્યો હતો, જેમાં નેહરુ સર્કલથી ગુલબાઈ ટેકરા સુધી બ્રિજ બનાવવા કહ્યું હતું. જોકે ત્યાર પછી IIT-RAM પાસે 2020માં સરવે કરાવાયો હતો, જેના આધારે પોલિટેકનિકથી આઈઆઈએમ રોડ પર બ્રિજ બનાવવાનું નક્કી થયું હતું. 74 કરોડના ખર્ચે બનનારા પાંજરાપોળ ફ્લાયઓવરનું કામ બે વર્ષમાં પૂરું કરવાનું લક્ષ્યાંક છે.

CRRIએ જ્યારે ટ્રાફિકનો સ્ટડી કર્યો ત્યારે મોટાં વાહનો ઓછા પસાર થતાં હતાં. સમયની સાથે આઈઆઈએમ તરફના રસ્તા પર ટ્રાફિકનું ભારણ વધ્યું છે. ઉપરાંત પંચવટી સર્કલ પર પણ બ્રિજ બનાવવાનો છે, પાંજરાપોળનો પણ બ્રિજ બનશે અને આઈઆઈએમ બ્રિજ પહેલેથી છે જ, જેથી એસજી હાઈવે તરફ જતા લોકોને સરળતા રહેશે.

# હીટવેવ ઈફેક્ટ : શાળાઓમાં હવે પાણી માટે બેલ વગાડવામાં આવશે

### શહેરની એક સ્કૂલે વોટરબેલ સિસ્ટમ શરૂ કરી



ગુજરાત | વંદન

છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલી આકરી ગરમીથી ચક્કર ખાઈને પડી જવું, બેભાન થવું તેમજ હીટસ્ટ્રોકના કિસ્સા વધી રહ્યા છે. કેલોરેક્સ ગ્રૂપે વિદ્યાર્થીઓમાં હાઈડ્રેશનનું પ્રમાણ જળવાઈ રહે તે સ્કૂલમાં વોટરબેલ સિસ્ટમ શરૂ કરી છે. બેલ વગાડી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સમયાંતરે પાણી પીવાનું યાદ કરાવવામાં આવશે.

કેલોરક્સ ગ્રૂપના એમડી અને સીઈઓ ડો પૂંજા શ્રોફે કહ્યું છે કે, ‘આ પ્રયાસ નિયમિત રીતે હાઈડ્રેશન બ્રેક્સને પ્રોત્સાહિત કરે છે અને એક તંદુરસ્ત આદત કેળવાય છે. જે આવનારા વર્ષોમાં વિદ્યાર્થીઓ માટે લાભદાયી રહેશે.’ વિદ્યાર્થીઓમાં પૂરતા પ્રમાણમાં હાઈડ્રેશન જળવાઈ રહે તે માટે ‘વોટર બેલ’સિસ્ટમ શરૂ કરાઈ છે, ત્રણ વખત વોટર બેલ વાગે છે, જે વિદ્યાર્થીઓને અને શિક્ષકોને સમયાંતરે પાણી પીવાનું યાદ અપાવે છે.

# વધુ મતદાન માટે રોકડ ઈનામની જાહેરાત- 25 લાખ મળશે..!

### 11 ગામો વચ્ચે વધુ મતદાન સ્પર્ધા યોજાશે

ગુજરાત | વંદન

ગુજરાતમાં 7મીએ લોકસભાની 26માંથી 25 બેઠક માટે મતદાન થવાનું છે. અગાઉ બે તબક્કામાં અન્ય રાજ્યોમાં ઓછા મતદાનને જોતાં ગુજરાતમાં તેનું પુનરાવર્તન ન થાય અને વધુ મતદાન માટે રોકડ ઈનામની નવતર જાહેરાત કરવામાં આવી છે.



લોકસભાની ચૂંટણીમાં સૌથી વધારે મતદાન થાય તે માટે સરકારથી લઈને નેતાઓ સુધી બધા જ અવનવા પ્રયોગ કરે છે, સરકારની આ પહેલમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી પણ જોડાયા છે. વધુમાં વધુ મતદાન થાય તે માટે શંકર ચૌધરીએ બનાસકાંઠાના 11 ગામો વચ્ચે સ્પર્ધાની જાહેરાત કરી છે.

બનાસકાંઠાના ગામોમાં વધુ મતદાન થાય તે માટે વિધાનસભા અધ્યક્ષે ઈનામની જાહેરાત કરી છે. થરાદના 11 ગામો વચ્ચે મતદાન હરિફાઈ કરવા સાથે શંકર ચૌધરીએ વધુ મતદાન કરવા અપીલ કરી છે.

સૌથી વધુ મતદાનમાં એકથી સાત નંબરે આવનાર ગામને ઈનામ આપવામાં આવશે. મતદાનમાં પ્રથમ ક્રમે આવનાર ગામને 25 લાખ રૂપિયા છે. જ્યારે બીજા ક્રમે આવનારને 20 લાખ રૂપિયા ઈનામ અપાશે. ઈનામની રકમ ગામના સામુહિક વિકાસ કાર્યો પાછળ ખર્ચ કરવામાં આવશે. લાખાણીના ગેળામાં સભાને સોબંધન કરતા શંકર ચૌધરીએ આ જાહેરાત કરી છે.

### શહેરમાં નવા-નવા વિસ્તારો ઉમેરાતાં FSIની આવકમાં વધારો

# મ્યુનિસિપલની ચાર્જેબલ FSIની આવક રૂપિયા ૧૫૦૦ કરોડને પાર

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારમાં ત્રણ વર્ષ પહેલા નવા વિસ્તારોનો સમાવેશ કરાયો હતો. મ્યુનિ.હદમાં સમાવવામાં આવેલા બોપલ, શેલા ઉપરાંત ઘુમા,નરોડા ઉપરાંત મુઠીયા સહિતના વિસ્તારમાં બની રહેલા નવા બાંધકામ તરફ શહેરીજનોનો ક્રેઝ વધતા નવી નવી રહેણાંક તથા કોમર્શિયલ સ્કીમ હાલમાં બની રહી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનને મળતી ચાર્જેબલ એફ.એસ.આઈ. તથા અન્ય વિકાસ હેતુ માટેની આવક એક જ વર્ષમાં વધીને રુપિયા ૧૫૮૪.૯૧ કરોડ થઈ છે.

વર્ષ-૨૦૨૧માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી અગાઉ નવુ સીમાંકન અમલમાં મુકવામા આવ્યુ હતુ.જેના પરિણામે મ્યુનિસિપલ કોર્પોરેશન હદમાં અનેક નવા વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં સરખેજ અને વણઝર સહિતના વિસ્તારોમાં નવી નવી રહેણાંક અને કોમર્શિયલ મિલકતો બનવાનુ શરુ થતા શહેરીજનો હવે નવા વિસ્તારોમાં મિલકત ખરીદવામા રસ દાખવી રહયા છે.વર્ષ-૨૦૨૨-૨૩માં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચાર્જેબલ એફ.એસ.આઈ.ની રુપિયા ૫૩૪.૮૧ કરોડ તથા અધર ડેવલપમેન્ટ ઈન્કમ રુપિયા ૪૮૩.૮૧ કરોડ હતી.

જેમાં વધારો થતા વર્ષ-૨૦૨૩-૨૪માં ચાર્જેબલ એફ.એસ.આઈ.ની આવક રુપિયા ૮૮૫.૮૦ કરોડ તથા અધર ડેવલપમેન્ટની આવક રુપિયા ૬૯૯.૧૧ કરોડ મળી કુલ રુપિયા ૧૫૮૪.૯૧ કરોડ આવક મ્યુનિ.તંત્રને થવા પામી હતી.સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેને કહયુ, વર્ષ-૨૦૨૩-૨૪માં શહેરના વિવિધ વિસ્તારમાં આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના અલગ અલગ હેતુ માટેના પ્લોટોની હરાજી કરવામાં આવી હતી.પ્લોટોની હરાજી દરમિયાન એક પ્લોટ રુપિયા ૧૪૮ કરોડમાં વેચાવામા આવ્યો હતો.પ્લોટોની હરાજીથી મ્યુનિ.તંત્રને રુપિયા ૪૧૦ કરોડની આવક થવા પામી હતી.

# શહેરમાં વધુ મતદાન માટે 7મીએ 35 કાપડ મહાજન કારોબાર બંધ રાખશે

ગુજરાત | વંદન

અમદાવાદના જુદા જુદા કાપડ મહાજન અને કાપડ બજારના વેપારીઓએ લોકશાહીના પર્વ સમાન ચૂંટણી પ્રક્રિયામાં મતદાનના દિવસે ફરજિયાત મતદાન કરવાનો નિર્ધાર કર્યો છે. 7મી મેના રોજ વેપારીઓ સંપૂર્ણ બંધ રાખીને મતદાન કરશે અને કરાવશે. મસ્કતિ કાપડ મહાજન ખાતે મળેલી જુદા જુદા વેપારી સંગઠનોના અગ્રણીઓની મીટિંગમાં 35થી વધુ માર્કેટ અને મહાજન દ્વારા સર્વાનુમતે મતદાન માટે બજાર બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ મીટિંગમાં આરએસએસના કર્ણાવતી મહાનગરના પ્રમુખ ભાનુભાઈ ચૌહાણ પણ ઉપસ્થિત રહ્યા હતા.



મસ્કતિ કાપડ મહાજનના પ્રમુખ ગૌરાંગ ભગતે જણાવ્યું હતું કે, કાપડ બજારના તમામ અગ્રણીઓએ એવું નક્કી કર્યું છે કે દેશમાં સૌથી વધુ મતદાન ગુજરાત થાય તેવો પ્રયાસ કરવામાં આવશે. વેપારીઓએ આ દિવસે પોતાના તમામ કર્મચારીઓને પણ રજા આપીને તેઓ ફરજિયાત મતદાન કરે તેવી અપીલ કરશે.

વધુમાં વેપારીઓ દ્વારા પોતાના પરિવાર સાથે મતદાન કરવાની સાથે સાથે પોતાના 10 મિત્રોને પણ મતદાન કરવા લઈ જશે. મતદાન અંગેની જાગૃતિ માટે વેપારીઓ આગળ આવવાની હાકલ કરતાં આરએસએસના ભાનુભાઈ ચૌહાણે ગુજરાત દેશમાં સૌથી વધુ મતદાન કરનાર રાજ્ય બને તેના માટે પ્રયાસ કરવાની હાકલ કરી હતી. મત એ નાગરિકોનો અધિકાર છે અને તેનો ઉપયોગ કરીને લોકશાહીને ધબકતી રાખવા માટે પણ અગ્રણીઓએ વધુ મતદાન પર ભાર મૂક્યો હતો.

## શબ્દોની સંતાકૂકડી 111

ગુજરાત વંદન gujaratvandan.com

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | ■ | 3 | | 4 |
| | ■ | 5 | | | ■ | |
| 6 | 7 | | ■ | 8 | | |
| 9 | | ■ | 10 | | ■ | |
| ■ | 11 | | | ■ | 12 | ■ |
| 13 | | ■ | 14 | 15 | ■ | 16 |
| | ■ | 17 | | | | |

**ઊભી ચાવી**

(1) ચણવાનું કામ [4]
(2) બુરખો [3]
(3) રામના પુત્રોના નામ [4]
(4) વિઘ્ન રૂપ [4]
(7) લીસોટો [4]
(10) અહીં દહેશત શબ્દ ઊંધોચત્તો થયો છે [4]
(13) એક કઠોળ [2]
(15) એક રૂઢિપ્રયોગ - કામનો ...... [2]
(16) ઉમેદ, ઈચ્છા [2]

**આડી ચાવી**

(1) બાગ, બગીચો, ઉપવન [3]
(3) લીન, આસક્ત [3]
(5) કીચડ [3]
(6) અતિ ઉગ્ર લાલસા [3]
(8) એક ઓપેક દેશ [3]
(9) ઉનાળામાં કેરીનો ..... ખાવની મજા પડે [2]
(10) રાવણના મસ્તકની સંખ્યા [2]
(11) ચાંદી [3]
(12) એક પરપ્રત્યય [1]
(13) ચકલીનો નર [2]
(14) મીણબત્તી, દીવી [2]
(17) કપડાં પહેરવાની રીત [5]

શબ્દોની સંતાકૂકડી-111નો ઉકેલ

## સુડોકુ કોયડો નં. 112

ગુજરાત વંદન gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | | | | 1 | | | 3 |
| | | | | 5 | | | 7 | 9 |
| 5 | 6 | | | | 2 | 8 | | 4 |
| 1 | | | 2 | 7 | | | 8 | |
| | 8 | 2 | | | | 9 | 6 | |
| | 3 | | | 1 | 8 | | | 7 |
| 3 | | 6 | 1 | | | | 9 | 8 |
| 4 | 7 | | | 8 | | | | |
| 8 | | | 5 | | | | 4 | |


ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-112નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 4 | 7 | 8 | 9 | 1 | 2 | 5 | 3 |
| 2 | 1 | 8 | 4 | 5 | 3 | 6 | 7 | 9 |
| 5 | 6 | 3 | 7 | 9 | 2 | 8 | 1 | 4 |
| 1 | 9 | 4 | 2 | 7 | 6 | 3 | 8 | 5 |
| 7 | 8 | 2 | 3 | 4 | 5 | 9 | 6 | 1 |
| 6 | 3 | 5 | 9 | 1 | 8 | 4 | 2 | 7 |
| 3 | 5 | 6 | 1 | 2 | 4 | 7 | 9 | 8 |
| 4 | 7 | 1 | 6 | 8 | 9 | 5 | 3 | 2 |
| 8 | 2 | 9 | 5 | 3 | 7 | 1 | 4 | 6 |

# હાઈકોર્ટે PIL મામલે પોલ્યુશન કંટ્રોલ બોર્ડને ફટકારી નોટિસ

■ દરિયાકાંઠે ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવા માટે મેન્ગ્રોવના ઝાડ કાપી નાખ્યા



ગુજરાત | વંદન

ગુજરાત હાઈકોર્ટે દરિયાકાંઠે ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવા માટે મેન્ગ્રોવના ઝાડ મોટી સંખ્યામાં કાપી નાખવામાં આવતાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને અમેરેલીની જિલ્લા ઓથોરિટીને નોટિસ ફટકારી જવાબ માંગ્યો છે. ગુજરાત હાઈકોર્ટે જાફરાબાદના દરિયાકાંઠે ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવા માટે મોટી સંખ્યામાં મેન્ગ્રોવના ઝાડ કાપી નખાયા હોવાની પીઆઈએલને ધ્યાનમાં લેતાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને અમેરિલી જિલ્લા ઓથોરિટીને નોટિસ આપી જવાબ માંગ્યો છે. આ પીઆઈએલ જાફરાબાદના હરેશ બાંભણિયા દ્વારા કરવામાં આવી હતી. બાંભણિયાએ પીઆઈએલ મારફત જણાવ્યું છે કે, થોડા દિવસ પહેલાં ડિસેમ્બર-23માં અમુક લોકોએ આ વિસ્તારમાં મેન્ગ્રોવના ઝાડ કાપી જગ્યાને સમતળ બનાવી ત્યાં ક્રિકેટ પીચ બનાવી દીધી છે. જો કે, આ વિસ્તાર કોસ્ટલ રેગ્યુલેશન ઝોન હેઠળ આવતો હોવાથી પર્યાવરણના કાયદા અંતર્ગત તેને આ પગલું લેવાની મંજૂરી નથી.

અરજદારના કાઉન્સેલે ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવા મેન્ગ્રોવના ઝાડ દૂર કરાયા હોવાની અરજી રજૂ કરી છે. અગાઉ તેણે આ ફરિયાદ મામલતદાર સમક્ષ રજૂ કરી હતી. તેઓ આ ફરિયાદ લઈ જિલ્લા કલેક્ટર સમક્ષ પહોંચ્યા હતા. પરંતુ તેઓએ કોઈ પગલું લીધુ ન હતું. જાફરાબાદનો દરિયાઈ વિસ્તાર CRZ-1 હેઠળ આવતો હોવાથી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરૂદ્ધ માયીની બેન્ચે જીપીસીબી અને જિલ્લા ઓથોરિટી પાસે આ મામલે નોટિસ આપી જવાબ મગાવ્યો છે.

# ઠાસરામાં મતદાન મથક 7 કિ.મી. દૂર ખસેડાતા મતદારો નારાજ



ગુજરાત | વંદન

વેણીદાસના મુવાડા અને રાયણના મુવાડાના ૪૦૦થી વધુ મતદારો અત્યારસુધી ખડગોદરા મતદાન મથકે મત આપતા હતા. પરંતુ ચૂંટણી તંત્ર દ્વારા સાત કિલોમીટર દૂર મતદાન મથક ખસેડી દેતા બંને ગામના મતદારો રોષે ભરાયા છે. ગ્રામજનોએ મતદાન બહિષ્કારની ચિમકી ઉચ્ચારી છે.

ઠાસરા તાલુકામાં આવેલા ખડગોદરાના પેટા ગામ વેણીદાસના મુવાડા અને રાયણના મુવાડાના ૪૦૦થી વધુ મતદારો માટે ખડગોદરા ખાતે મતદાન મથક આવેલું હતું. પરંતુ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે ચૂંટણી તંત્ર દ્વારા આ મતદાન મથકને સાત કિલોમીટર દૂર બાલાસિનોર તાલુકાના વડદલા ગામે એમપી વસાહત ખાતે ખસેડવામાં આવ્યું છે. ત્યારે મતદારોની માંગણી વિરૂદ્ધ મતદાન મથક ફેરવવામાં આવતા બંને ગામોના ૪૦૦થી વધુ મતદારોએ મતદાનનો બહિષ્કાર કર્યો છે.

એમપી વસાહતના નવા મતદાન મથકે જવા માટેનો રસ્તો ખખડધજ છે. તેમજ મરજી વિરૂદ્ધ મતદાન મથક ફેરવી દેવાતા બંને ગામના મતદારો મતદાન બહિષ્કાર કરવાના હોવાની લેખિત રજૂઆત ગ્રામજનો ગુરુવારે ઠાસરા મામલતદાર, પ્રાંત અધિકારી અને ખેડા જિલ્લા કલેક્ટરને કરવાના છે.

# રૂ. ૨૮૦ કરોડના બ્લેક ટ્રેપ ગેરકાયદે ખનન મામલે વોન્ટેડ આરોપી ઝડપાયો

## સાત મહિનાથી પોલીસને હાથતાળી આપીને ભાગતો ફરતો હતો

ગુજરાત | વંદન

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલામાં વર્ષોથી જમીન ખનન અને કાળા પથ્થર(બ્લેક ટ્રેપ) નું ખનન અને ચોરી ચાલી રહી હોવાની બાબત સરકારના ધ્યાન પર આવતા તપાસના આદેશ અપાયા હતા. જેમાં રૂપિયા ૨૮૦ કરોડનું ખનન થયું હોવાની ફરિયાદ નોંધાઇ હતી.

આ પ્રકરણમાં સ્થાનિક પોલીસે ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી હતી. જોકે પોલીસ ખનન માફિયા સામે ઢીલી પડતી હોવાથી આ તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલને સોંપવામાં આવી હતી, આ પ્રકરણમાં રીઢા ગુનેગાર ભરત વાળાને સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે સાયલામાંથી જ ઝડપી લીધો છે. ખનીજ ખનન ઉપરાંત



એક્સ્પ્લોઝિવ એક્ટ અને હથિયાર સાથે લૂંટના સંખ્યાબંધ ગુનામાં ભરત વાળા વોન્ટેડ હતો.

સુરેન્દ્રનગરમાં જમીન માફિયાઓ, ખનન માફિયાઓનો આતંક વર્ષોથી વધતો રહ્યો છે. ખનન માફિયા સરકારી જમીનમાંથી કાળા પથ્થર(બ્લેક ટ્રેપ) ખોદતા હતા. આ માફિયા ૨૮૦ કરોડ રૂપિયાનું ખનન કરી ગયા બાદ સરકારે તેમની વિરૂદ્ધ ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી. જેમાં મુખ્ય સાગરિત ભરત સાર્દુલભાઇ વાળા(રહે. સુદામડા, સાયલા-સુરેન્દ્રનગર) સાત મહિનાથી પોલીસને હાથતાળી આપીને ભાગતો ફરતો હતો. આ પ્રકરણની તપાસ આખરે સ્ટેટ મોનિટરિંગ સેલને સોંપવામાં આવી હતી.

અનુસંધાન પેજ 01 પરથી...

## શું ગુજરાતમાં

આંકડા કહેશે. પણ જે ચર્ચા છે તે એ છે કે આ વખતે તમામે તમામ બેઠકો સરળતાથી મળવામાં અડચણો આવી શકે.

ઉપરાંત આ વખતે કોંગ્રેસ અને આપ પાર્ટી સાથે મળીને ભાજપની સામે સીધી ટક્કર છે. તેથી આપવાળા કોંગ્રેસના વોટ તોડશે એવી શકયતા પણ નથી.એવી શક્યતા છે કે ભાજપને એક કે બે બેઠક ઓછી મળી શકે. બે બેઠકો પર આપના ઉમેદવારો નશીબ અજમાવી રહ્યાં છે.

ભાજપે તમામ બેઠકો પાંચ લાખની લીડ સાથે જીતવાનો લક્ષ્યાંક જાહેર કર્યો છે અને તે માટે પ્રત્યેક બુથમાં ગઇ વખત કરતાં 370 મતો વધારે મળે તેવા પ્રયાસો કરવા પેજ પ્રમુખો સહિત તમામ કાર્યકરોને કહેવામાં આવ્યું છે. વડાપ્રધાન મોદીની બે દિવસની મુલાકાતથી ચિત્ર ભાજપની તરફેણમાં કેટલુ આવ્યું તે મતદાનના આંકડા અને પરિણામ કહેશે. નોંધનીય છે કે આ વખતે ચૂંટણીમાં કોઇની પણ તરફેણમાં કોઇ વેવ કે મોજુ નથી. ગઇ વખતે પુલવામાનો મુદ્દો અને વેવ હતો. આ વખતે એવુ કોઇ વાતાવરણ નથી કે ભાજપ માટે મતોનું ધ્રુવીકરણ થઇ શકે.

દરમ્યાન ગુજરાતમાંઃ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જામનગર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, બારડોલી, નવસારી, અને વલસાડ બેઠક માટે મતદાન હાથ ધરાશે. કુલ મતદારોની સંખ્યા 3.97 કરોડ છે.

આમ તો રાજ્યમાં લોકસભાની કુલ 26 બેઠક છે, પરંતુ સુરત લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવારના ફોર્મ રદ થયા અને અન્ય ઉમેદવારોએ પોતાના ફોર્મ પાછા ખેંચતા ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે., જેને પગલે રાજ્યમાં હવે 25 બેઠક માટે મતદાન થશે.

લોકસભાની ચૂંટણીમાં આ વખતે કુલ 266 ઉમેદવારો છે. જ્યારે 2019ની લોકસભા ચૂંટણીમાં 371 ઉમેદવારો હતા. ગુજરાતમા 1996ની લોકસભા ચૂંટણીમાં સૌથી વધુ 577 ઉમેદવાર નોંધાયા હતા લોકસભાની સાથે વિધાનસભાની 5 બેઠકોની પણ પેટાચૂંટણી 7મીએ યોજાશે.જેમાં સૌથી વધુ આઠ ઉમેદવારો વીજાપુર બેઠક પરથી મેદાનમાં છે.

## નિજ્જર હત્યા કેસમાં

હત્યા કરવામાં આવી હતી કે કેમ. જેના મૂળિયા કેનડાના શીખો અને વિશ્વમાં અન્ય જગ્યાએ રહેતા શીખો સુધી છે. કેનેડાની પોલીસ હાલ એ મુદ્દે પણ ચર્ચા કરી રહી છે કે નિજ્જરની હત્યા એ ભારતીય ગુપ્તચર ઓપરેશન દિલ્હીનો એક ભાગ હતો કે શું? જેમાં ભારતના વિદેશમાં ભણતા વિદ્યાર્થીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વ્યવસાયે પ્લમ્બર અને ગુરુદ્વારાના પ્રેસિડન્ટ એવા નિજ્જર(45) પર ભારતે આક્ષેપ લગાવ્યો હતો કે તેઓ ખાલીસ્તાન ટાઈગર ફોર્સ ટેરરિસ્ટ ગ્રુપના નેતા હતા. જોકે તેમણે આ વાતને ઠુકરાવી હતી. આ સિવાય કેનેડામાં પણ તેમની સામે કોઈ જ ગુનાનોંધાયાનહોતા.

## મસૂરી-દેહરાદૂન

અન્ય લોકોને વાહનના કાટમાળમાંથી બહાર કાઢી હોસ્પિટલ લઈ જવાયા હતા. અહીં વધુ બે ઈજાગ્રસ્તોના મોત થયા હતા. અકસ્માતમાં જીવ ગુમાવનારાઓમાં ચાર યુવક અને એક યુવતીનો સમાવેશ થાય છે. મસૂરી ફાયર સર્વિસ અને એસડીઆરએફની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને બચાવ કાર્ય શરૂ કર્યું.

પોલીસે જણાવ્યું હતું કે કારના કાટમાળમાંથી બે છોકરીઓને બચાવી લેવામાં આવી હતી અને 108 એમ્બ્યુલન્સ દ્વારા દહેરાદૂન હાયર સેન્ટર મોકલવામાં આવી હતી, પરંતુ તેમાંથી એકને બચાવી શકાઈ ન હતી. અકસ્માતમાં જીવ ગુમાવનારા પાંચેય લોકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મસૂરી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. મસૂરી પોલીસ તમામની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહી છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ તમામે દેહરાદૂન IMS કોલેજમાં અભ્યાસ કર્યો હતો અને મુલાકાત માટે મસૂરી આવ્યા હતા. દેહરાદૂન પરત ફરતી વખતે આ અકસ્માત થયો હતો.

## સિદ્ધુ મૂસેવાલા

આરોપીઓની ભૂમિકાથી વધુ પંજાબ સરકારનો રોલ વધુ જણાય છે. લોરેન્સ બિશ્નોઈએ જેલથી દોઢ વર્ષ પહેલા ઈન્ટરવ્યૂ આપ્યો પણ સરકાર હજુ સુધી આ મામલે કંઇ શોધી શકી નથી. શિરોમણી અકાલી દળના વરિષ્ઠ નેતા બિક્રમસિંહ મજિઠિયાએ કહ્યું કે મૂસેવાલાની હત્યા મામલે સરકાર વિરૂદ્ધ કેસ નોંધવો જોઈએ. સુરક્ષા કવર પાછો ખેંચ્યાના બે દિવસમાં જ સિંગરની હત્યા કરી દેવામાં આવી હતી.

મૂસેવાલાના પરિજનો પણ આ જ વાત કહી રહ્યા હતા. તેમણે કહ્યું કે સરકારે ન ફક્ત સિંગરની સુરક્ષા ઘટાડી પણ બિશ્નોઈને જેલથી ઈન્ટરવ્યૂ આપવાની છૂટ પણ આપી હતી. તેનાથી સ્પષ્ટ થાય છે કે મુખ્યમંત્રી ભગવંત માનના નેતૃત્વમાં પંજાબમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ અત્યંત દયનીય થઈ ચૂકી છે. ખરેખર તો પંજાબ સરકારે સિદ્ધુ મૂસેવાલાની સુરક્ષામાં 4 સુરક્ષાકર્મી તહેનાત કર્યા હતા જેમને ઘટાડી બે કરી દેવાયા હતા. તેનો ફાયદો ઊઠાવી ગોલ્ડી બરાડે તેના શૂટર્સને સિંગરની હત્યા કરવા મોકલ્યા હતા. પોલીસ ચાર્જશીટમાં પણ આ વાત સ્વીકારી ચૂકી હતી. પોલીસે 26 મેના રોજ સુરક્ષા ઘટાડી અને પછી 29 મે 2022ના રોજ મૂસેવાલાની હત્યા કરી દેવામાં આવી હતી.

## ચીનના ઇશારે

રોજ નેપાળના વડાપ્રધાન પુષ્પકમલ દહલ 'પ્રચંડ'ની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટ બેઠક દરમિયાન કેબિનેટે 100 રૂપિયાની નોટને ફરીથી ડિઝાઈન કરવા અને નોટમાં છપાયેલા જૂના નકશાને બદલવાની મંજૂરી આપી હતી."નેપાળે તેના બંધારણમાં 18 જૂન, 2020 ના રોજ સુધારો કર્યો હતો, જેમાં નેપાળે વ્યૂહાત્મક રીતે ત્રણ વિવાદાસ્પદ વિસ્તારો લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરાને તેના રાજકીય નકશામાં સામેલ કરવાની પ્રક્રિયા પૂરી કરી હતી. ભારતે આ અંગે વિરોધ કરતા નેપાળની આ હરકતને એકપક્ષીય કાર્યવાહી ગણાવી હતી.

# પેપરલીક કાંડ વચ્ચે સૌરાષ્ટ્ર યુનિ.ના ઈન્ચાર્જ રજિસ્ટ્રારે આપ્યું રાજીનામું...



ગુજરાત | વંદન

સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં BCA સેમ-4ના પેપરલીક કાંડ વચ્ચે ઈન્ચાર્જ રેજિસ્ટ્રાર ડૉ.રમેશ પરમારે રાજીનામું આપી દીધું છે. ડૉ.રમેશ પરમારે કામનું ભારણ અને નાદુરસ્ત તબિયતનું બહાનું બનાવી રાજીનામું આપી દીધું છે. હવે ડેપ્યુટી રજિસ્ટ્રાર અમિત એસ. પારેખને ઈન્ચાર્જ રેજિસ્ટ્રાર તરીકેની જવાબદારી સોંપાઈ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં BCA સેમે-4ની પરીક્ષા દરમિયાન ગત તા.15- 16 ને 18 એપ્રિલ દરમિયાન ત્રણ દિવસ સુધી પ્રત્યેક પેપરમાંથી પાંચ-પાંચ માર્કનાં પ્રશ્નો હાથેથી લખીને સોશ્યલ મીડીયામાં વાઈરલ કરવામાં આવ્યા હતાં. આ બાબતે વિદ્યાર્થી સંગઠનો દ્વારા રજૂઆત કરવામાં આવ્યા બાદ કોલેજ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવાને બદલે નિવૃત જજની કમીટીની રચના કરવાનું જાહેર કરી યુનિવર્સીટીએ જાણે હાથ ખંખેરી નાખ્યા હોય તેવી છાપ ઉભી થતા વિદ્યાર્થી કાર્યકરો યુનિ. કાર્યાલયે ધસી ગયા હતાં.

અનુસંધાન પેજ 12 પરથી...

## ગુજરાતના ઉમેદવારોમાં...

26 ટકા) કરોડપતિ છે એટલે કે તેમની સંપત્તિ 1 કરોડ રૂપિયાથી વધુ છે. ADR મુજબ સુરત બેઠક પરથી બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયેલા ભાજપના ઉમેદવાર મુકેશ દલાલે 17 કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જાહેર કરી છે.

જામનગર લોકસભામાંથી ફરી ચૂંટણી લડી રહેલા પૂનમ માડમે 2019ની લોકસભા ચૂંટણીમાં તેમની સંપત્તિ 42.7 કરોડ રૂપિયા જાહેર કરી હતી, જે 2024માં વધીને 147 કરોડ રૂપિયા થઈ ગઈ છે. જેમાં રૂ. 60 કરોડની જંગમ મિલકતો અને રૂ. 87 કરોડની સ્થાવર મિલકતોનો સમાવેશ થાય છે. આ મિલકત પૂનમ માડમ, તેમના પતિ અથવા HUFના નામે છે. અલબત તેમાં વધારો કઇ રીતે થયો તેનો કોઇ ચોક્કસ ખુલાસો કરાયો નથી.

ADR મુજબ વિવાદોમાં ઘેરાયેલા કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ રૂ. 17 કરોડથી વધુની સંપત્તિ જાહેર કરી છે, જેમાં રૂ. 11.5 કરોડની જંગમ સંપત્તિ અને રૂ. 5.9 કરોડની સ્થાવર સંપત્તિનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ 7 કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ હોવાની માહિતી આપી છે, જેમાં 3 કરોડ રૂપિયાની જંગમ સંપત્તિ અને 4.95 કરોડ રૂપિયાની સ્થાવર સંપત્તિનો સમાવેશ થાય છે.

ભાજપે 24 'કરોડપતિ' ઉમેદવારો ઉભા રાખ્યા છે જ્યારે 21 કોંગ્રેસ અને ચાર BSP ઉમેદવારો કરોડપતિ છે.

ADR રિપોર્ટ અનુસાર, "ભાજપના ઉમેદવારોની સરેરાશ સંપત્તિ 15 કરોડ રૂપિયા છે જ્યારે કોંગ્રેસના ઉમેદવારોની સરેરાશ સંપત્તિ 6 કરોડ રૂપિયા છે. "ગુજરાતના 15 સૌથી ધનિક ઉમેદવારોમાંથી 8 ભાજપના અને સાત કોંગ્રેસના છે."

## જ્યારે સિવિલ

આથી દરેક માતા પિતા જેના બાળકો નાના હોય તેમણે બાળકોને આવી વસ્તુ ઓ હાથ માં ન આવે તેનુ ખાસ ધ્યાન રાખવું જોઈએ તેમ જણાવ્યું હતું. હાલમાં સામે આવેલા કિસ્સામાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં એક અઠવાડિયાના ટૂંકા ગાળામાં બે બાળકો ના પેટમાંથી સર્જરી દ્વારા ફોરેન બોડી બહાર કાઢવામાં આવી હતી , જેંની સફળ સર્જરી કરવામાં આવી તેવા પ્રથમ કિસ્સાની વિગત એવી છે કે , મહેસાણાના વતની અને વ્યવસાયે સુથારી કામ કરતા ખોડાભાઈની ત્રણ વર્ષની દીકરી ૧લી એપ્રિલના રોજ રમત માં આકસ્મિક રીતે સોયાબીન શ્વાસ નળીમાં જતા તીવ્ર શ્વાસોશ્વાસની તકલીફ ઉભી થઈ. ખોડાભાઈનાં પત્ની મનીષાબેનને સોયાબીનનો દાણો ખાધા પછી તરત જ ઉધરસ આવતા શ્વાસ નળીમાં સોયાબીનનો દાણો ગયો હોવાની શંકા જતા સાંજે ૭ વાગ્યાની આસપાસ મહેસાણા સિવિલ હોસ્પિટલમાં લઇ ગયા.

મહેસાણા સિવિલમાં તેણીને શ્વાસ લેવામાં તકલીફ હોવાથી સતત ઓક્સિજનની જરૂર પડી રહી હતી. ત્યારબાદ ૫ મી એપ્રિલના રોજ મહેસાણા સિવિલથી આર્યાને ખાનગી હોસ્પિટલમાં રીફર કરવામાં આવી. પાંચ દિવસ માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરીને આર્યાનો છાતી નો સીટી સ્કેન કરતા શ્વાસનળીના નીચેના ભાગ માં કોઈ વસ્તુ ફસાયેલી હોવાનુ માલુમ પડ્યુ. જેથી વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં રીફર કરવામાં આવી જ્યાં તાત્કાલિક ધોરણે બાળરોગ સર્જન ડૉ. જયશ્રી રામજી, ડૉ. સ્મિતા અને ડૉ. નિલેશ એનેસ્થેસિયા વિભાગની ટીમ દ્વારા તેની બ્રોન્કોસ્કોપી કરવામાં આવી આર્યા ને માતાએ જે શંકા કરી હતી તે સાચી પડી.બ્રોન્કોસ્કોપી દ્વારા તેની શ્વાસ નળી માંથી સોયાબીનનો દાણો કાઢવામાં આવ્યો. જે ઓપરેશન પછી ધીરે ધીરે તેણીને શ્વાસની તકલીફ દુર થતા અને પોસ્ટઓપરેટીવ કોઈપણ બીજી તકલીફ ન રહેતા સ્વસ્થ જણાતા રજા આપવામાં આવી છે.

# ભાજપે લીડની જિદ છોડી..!! પાંચ લાખની લીડ ભૂલભૂલૈયા

■ હવે માત્ર જંગી બહુમતીથી જીતવાનો લક્ષ્યાંક

ગુજરાત | વંદન

ચિંતન આચાર્ય ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં 151 બેઠકોના વિજય બાદ લોકસભાની ચૂંટણીમાં દરેક બેઠક પાંચ લાખથી વધુની લીડથી જીતવાનું લક્ષ્યાંક બહુ પહેલા કાર્યકરો સામે મૂકી દીધું છે. લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારો જાહેર થયા ત્યાં સુધી પાંચ લાખની લીડના શબ્દો ગૂંજતા હતા, પરંતુ તે પછી તરત જ ભાજપની આંતરિક જૂથબંધીને કારણે જે વિરોધ ફાટી નીકળ્યો અને રૂપાલાની ટિપ્પણીથી ક્ષત્રિય સમાજ ભડક્યો ત્યારથી ઘણીબધી બેઠકો પર ભાજપ માટે પડકાર છે.

હવે ભાજપના નેતાઓ પાંચ લાખની લીડ એવું પોતાના ભાષણમાં બોલતા નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી તો પોતાની સભામાં ઉમેદવારને જંગી બહુમતીથી જીતાડવાની વાત કરે છે, પરંતુ હવે પાટીલ પણ પોતાના પ્રવચનમાં આ લીડની વાત દબાતા સ્વરે જ કરે છે. થોડા દિવસ પહેલાં સાબરકાંઠામાં યોજાયેલા સહકાર સંમેલનમાં જ પાટીલે સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને કહ્યું કે આ ચૂંટણીમાં જો તમારા વિસ્તારમાં ઉમેદવારને પાંચ લાખની લીડ મળવામાં ઓટ આવે તેમ હોય તો તે તમે પૂરી કરી આપજો. ભાજપના નેતાઓ જ હવે માને છે કે વર્તમાન સ્થિતિમાં ભાજપના ઉમેદવારો માટે લીડ કરતાં જીત મહત્ત્વની થઈ ગઈ છે.

ઘણી જગ્યાએ જ્ઞાતિઓને કારણે અને કેટલીક બેઠકો પર આંતરિક મુદ્દાઓને લઈને આ સ્થિતિ ઊભી થઈ છે.

કાર્યકરોથી સંતોષ અસંતુષ્ટ થોડા સમય પહેલાં ભાજપના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષ ગુજરાત આવ્યા હતા.

તેમણે પણ કાર્યકરો અહીં ખાસ લોકસંપર્ક કરી શક્યા નથી અને ઉમેદવારોનો પ્રચાર ઘર-ઘર સુધી થઈ શક્યો નથી તે મામલે અસંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે તે બાબતે શંકા પણ વ્યક્ત કરી હતી કે મતદાન નીચું જાય તો ભાજપ માટે સ્થિતિ વિકટ બની શકે.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગાંધીનગર બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે અને તેમણે કાર્યકરોને 10 લાખની લીડનો લક્ષ્યાંક આપ્યો છે. આ તરફ પાટીલની નવસારી બેઠક પર ગુજરાતમાં સૌથી વધુ 22 લાખ ઉપરાંત મતદાતાઓ છે, તેથી તેઓ આ વખતે ગઇ ચૂંટણીમાં મળેલી 6.86 લાખની લીડ કરતાં વધુ મતે વિજેતા બનવા માગે છે.

આ સંજોગોમાં શાહ અને પાટીલ પૈકી કોને વધુ મતોની લીડ મળે છે તે જોવું રસપ્રદ રહેશે.

ભાજપની 5 લાખથી વધુ લીડ ધરાવતી બેઠકો સુરત- 5.48 લાખ, ગાંધીનગર- 5.57 લાખ, વડોદરા- 5.89 લાખ, નવસારી- 6.86 લાખ ભાજપની 3 લાખથી વધુ લીડ ધરાવતી બેઠકો પંચમહાલ- 4.28 લાખ, વલસાડ- 3.53 લાખ, ભરૂચ, 3.34 લાખ, છોટા ઉદેપુર- 3.77 લાખ, ખેડા- 3.67 લાખ, રાજકોટ- 3.68 લાખ, અમદાવાદ પૂર્વ- 4.34 લાખ, બનાસકાંઠા- 3.68 લાખ અને કચ્છ 3.05 લાખ. ભાજપ ગુજરાતની દરેક બેઠક પર વિજય માટે જે-તે ઉમેદવારને બદલે મોદીનો ચહેરો જ આગળ ધરે છે. સ્વયં મોદી પણ બે દિવસ દરમિયાન ગુજરાતની પ્રચારસભામાં બોલતા રહ્યા કે તમે તમારો મત અહીંના ઉમેદવારને આપશો તો તે મત સીધો મને મળશે. પાંચ લાખ જેટલી મોટી લીડ મેળવવા માટે પક્ષ કે તેના નેતાની સાથે ઉમેદવારની પોતાની છબિ પણ તેટલી જરૂરી હોય છે.

## મોંઘી કાર પર મોદીના ફોટા સાથે પ્રચાર....



હાલ લોકસભાની ચૂંટણીને લઈ દેશભરમાં માહોલ જામ્યો છે. દરેક પાર્ટી પોતાની રીતે પ્રચાર પ્રસાર કરી રહી છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુરતમાં રહેતા તેમના એક ચાહક અનોખી રીતે પ્રચાર કરી રહ્યા છે તેમણે પોતાની લાખો રૂપિયાની ગાડી પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસ્વીર તેમના સ્લોગન સાથોસાથ તેમની યોજનાઓ અંગે ખાસ ડિઝાઈન તૈયાર કરાવી છે.

# મહારાષ્ટ્રમાં મતદાન પહેલા સરકારનો નિર્ણય, ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવ્યો

ગુજરાત | વંદન

ભારત સરકારે એક મોટો નિર્ણય કરતા ડુંગળીની નિકાસ પર લાદવામાં આવેલા પ્રતિબંધને હટાવી લીધો છે. સરકારના આ નિર્ણયના પગલે મહારાષ્ટ્રના વેપારીઓને મોટી રાહત મળી છે. ઉલ્લેખનીય છે કે સરકારે આ નિર્ણય આગામી ત્રીજા તબક્કામાં મહારાષ્ટ્રમાં ચૂંટણી યોજાવવાની છે, તે પહેલા લીધો છે.

ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડે(ડીજીએફટી) તેના એક



નોટિફિકેશનમાં ડુંગળીની મિનિમમ એક્સપોર્ટ પ્રાઈસ (ડુંગળીની લઘુતમ કિંમત) પ્રતિ ટન 550 ડોલર નક્કી કરી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ ભારત સરકારે બાંગ્લાદેશે, શ્રીલંકા અને યુએઈ સહિતના દેશોની સરકારોએ વિનંતી કર્યા પછી ડુંગળીની ભારતમાંથી થતી નિકાસને મર્યાદિત કરી હતી. મહારાષ્ટ્રાના ડુંગળીનો વેપાર કરતા વેપારીઓ અને ખેડૂતો દ્વારા છેલ્લા ઘણા સમયથી ડુંગળીની સારી કિંમત મળે તે હેતુથી ડુંગળીની નિકાસ શરૂ કરવા માટેની માંગ કરવામાં આવી રહી હતી. જોકે સરકારે જો ડુંગળીની નિકાસ શરૂ થશે તો દેશમાં જ ડુંગળીના ભાવ વધશે તેવા ભયના પગલે તેની નિકાસને મર્યાદિત કરીને 'પ્રોહિબિટેડ' કેટેગરીમાં મુકી દીધી હતી.

અનુસંધાન પેજ 10 પરથી...

## ઓનલાઇન ચિટીંગ

આ બંને આરોપીઓ ધોરાજી રાજકોટના રહેવાસી છે અને અમદાવાદ સાયબર સેલ દ્વારા બંનેની ધરપકડ કરવામાં આવી હતી. હાલ સુરત સાયબર સેલે આ બંને આરોપીની ટ્રાન્સફર વોરન્ટના આધારે ધરપકડ કરીને તેમની રિમાન્ડ મેળવવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

ઓનલાઈન ફસાવીને માનસિક હેરાન પરેશાન કરીને કે પછી ટોર્ચર કરીને કોઇને ડિજિટલ એરેસ્ટ કરવાની નવી મોડસ ઓપરેન્ડી અથવા ગુનો કરવાની નવી પધ્ધતિ અંગે જોઈએ તો, ડિજિટલ ધરપકડનો સીધો અર્થ એ છે કે વ્યક્તિની ડિજિટલી ધરપકડ કરવી છેતરપિંડી કરવાની આ એક નવી રીત છે. જેમાં પહેલા લોકોને વીડિયો કોલિંગ દ્વારા બ્લેકમેલ કરવામાં આવે છે. તમારા આધારકાર્ડ, સીમકાર્ડ તથા બેંક એકાઉન્ટનો ગુનાઈત પ્રવૃત્તિઓ માટે ઉપયોગ થાય છે, એવું કહી ડરાવી- ધમકાવી એક રીતે વર્ચ્યુઅલી તે વ્યક્તિને ઈન્ટ્રોગેશનના નામે બાનમાં લે છે. જેમાં ટેક્નોલોજીની મદદથી પોલીસ સ્ટેશન કે અન્ય કોઈ ઓફિસ બેકગ્રાઉન્ડમાં બનાવીને સાયબર ગુનેગારો નકલી પોલીસ ઓફિસર, નકલી પોલીસ મથક અથવા અન્ય એજન્સીઓના તપાસ અધિકારી તરીકે લોકોને ધમકી આપે છે.

જેના કારણે સામેના વ્યક્તિને એવું લાગે છે કે જાણે સામેની વ્યક્તિ સાચે જ કોઇ પોલીસ સ્ટેશનમાં બેસીને કોઈ પોલીસ અધિકારી તરીકે વાત કરી રહ્યો છે. પરિણામે જે તે વ્યક્તિ ડરી જાય છે. અને પોતાની બધી વિગત આપી દે છે. આવી રીતે લોકોની સાથે છેતરપિંડી કરીને પૈસા પડાવી લેવામાં આવે છે. ડિજિટલ એરેસ્ટ પછી ઓનલાઇન છેતરવાની કઇ નવી પધ્ધતિ આવશે..?! આવો કોઇ નવતર ચિટીંગનો કિસ્સો બને ત્યાં સુધી ઈંતેજાર..... પણ સંભાળજો આવો કોઇ ફોન આવે તો ગભરાશો નહીં અને કોઈ અજાણ્યો ફોન હોય તો વાત કરશો નહીં....જાગ્યા ત્યારથી સવાર અને ચેતતો નર સદા સુખી.....છેતરનારા દુઃખી.... દુઃખી....!

અનુસંધાન પેજ 04 પરથી...

## હિટલરે...

29 વર્ષીય ખેલાડીએ આ વર્ષની શરૂઆતમાં પુનરાગમન કર્યું હતું અને સારું પ્રદર્શન કર્યું હતું. તેણે ઈરાકમાં એશિયા કપ 2024 સ્ટેજ Iમાં બે ગોલ્ડ મેડલ જીત્યા હતા. શાંઘાઈમાં તાજેતરના વર્લ્ડ કપમાં, દીપિકાએ મહિલાઓની વ્યક્તિગત રિકર્વ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો. તેણીએ બીજી મેચમાં વિશ્વની નંબર 2 લિમ સિહ-યોન સામે 0-6 (26-27, 27-29, 27-28) થી હારી હતી.

મિશન ઓલિમ્પિક સેલ (MOC), તેની 133મી બેઠક દરમિયાન, એવી પણ જાહેરાત કરી હતી કે અન્ય તીરંદાજ, મૃણાલ ચૌહાણ, TOPS વિકાસ જૂથમાં ઉમેરવામાં આવી છે. પ્રવિણ જાધવને ડેવલપમેન્ટમાંથી કોર ગ્રુપમાં ખસેડવામાં આવ્યા છે અને પેરા-પાવરલિફ્ટર અશોકને ટોપ્સ કોર ગ્રુપમાં સામેલ કરવામાં આવ્યા છે.આ વર્ષના ઓલિમ્પિક માટે, ફક્ત ધીરજ બોમ્માદેવરા (પુરુષોની વ્યક્તિગત) ઈવેન્ટ માટે ક્વોલિફાય થયો છે જે તેણે ગયા વર્ષે બેંગકોકમાં એશિયન ક્વોલિફાઈંગ ટુર્નામેન્ટમાં જીતેલા સિલ્વર મેડલને કારણે છે. અંતાલ્યા જૂનમાં પેરિસ ગેમ્સ માટે અંતિમ ક્વોલિફાઈંગ ટુર્નામેન્ટનું આયોજન કરશે.

# બીજી ટી20માં ભારતીય મહિલા ટીમનો બાંગ્લાદેશ સામે વિજય

■ વરસાદના આશીર્વાદે ડકવર્થ-લુઈસ મેથડને આધારે 19 રને જીત

ગુજરાત | વંદન



વરસાદથી પ્રભાવિત સિલ્હટમાં બીજી ટી20 મેચમાં ભારતીય મહિલા ટીમનો બાંગ્લાદેશ સામે ડકવર્થ-લુઈસ મેથડના આધારે 19 રને વિજય થયો હતો. રાધા યાદવ અને દયાલાન હેમલતાએ ઓલ-રાઉન્ડ દેખાવ કર્યો હતો. ડાબોડી સ્પિનર રાધાએ 19 રનમાં ત્રણ વિકેટ ઝડપતા બાંગ્લાદેશની મહિલા ટીમ 119 રનમાં સમેટાઈ ગઈ હતી. મુર્શિદા ખાતુને સર્વાધિક 46 રન કર્યા હતા. જવાબમાં ભારતીય મહિલા ટીમે શેફાલી (શૂન્ય)ની વહેલી વિકેટ ગુમાવ્યા બાદ 5.2 ઓવરમાં એક વિકેટે 47 રન કર્યા હતા.

મેચમાં આ સમયે બીજી વખત વરસાદ પડ્યો હતો જેને પગલે ડીએલએસ મેથડ મુજબ ભારતને 28 રનનો ટારગેટ મળ્યો હતો પરંતુ ભારતીય મહિલા ટીમ 19 રન આગળ હોવાથી તેને વિજેતા જાહેર કરવામાં આવી હતી. હેમલતા 24 બોલમાં 41 રન કરીન અણનમ રહી હતી જેમાં પાંચ ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થયો હતો.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# સુપ્રીમકોર્ટ: પત્નીના સ્ત્રીધન પર પતિનો હક નથી

■ કટોકટી વખતે સ્ત્રીધનનો ઉપયોગ કર્યો તો પરત કરવું નૈતિક ફરજ છે

ગુજરાત | વંદન

સુપ્રીમકોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું હતું કે પત્નીના સ્ત્રીધન પર પતિનું કોઈ જ નિયંત્રણ નથી. અને જો કટોકટીના સમયે પતિએ સ્ત્રીધનનો ઉપયોગ કર્યો હોત તો બાદમાં તે પરત કરવું તેની નૈતિક ફરજ છે. ગુમાવેલા સોના બદલ પત્નીને 25 લાખનું વળતર ચૂકવવાનો પતિને આદેશ આપતા સુપ્રીમકોર્ટે આ સ્પષ્ટતા કરી હતી.

મૂળ કેરળના કેસમાં પત્નીએ દાવો કર્યો હતો કે લગ્ન સમયે તેને પિયર પક્ષ તરફથી સોનાના 89 દાગીના મળ્યા હતા. વધુમાં તેના પિતાએ મહિલાના પતિને 2 લાખ રૂપિયાનો ચેક પણ આપ્યો હતો. પત્નીના જણાવ્યા પ્રમાણે લગ્નની પ્રથમ રાતે જ પતિએ સુરક્ષાનું કારણ આગળ ધરીને તમામ દાગીના પોતાના કબજા હેઠળ



લઈ લીધા હતા. જો કે પત્નીએ આરોપ મુક્યો હતો કે પતિ તથા તેના સાસુએ અગાઉની આર્થિક જવાબદારીઓમાંથી છૂટકારો મેળવવા માટે સોના-ચાંદીના દાગીનાનો દુરુપયોગ કર્યો હતો.

આ કેસમાં 2011માં ફેમિલિ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે પતિ અને તેની માતાએ મહિલાની જ્વેલરીનો ગેરવહીવટ કર્યો છે. તેથી આ નુકસાનની ભરપાઈ કરવાનો તેને અધિકાર છે. જો કે કેરળ હાઈકોર્ટે ફેમિલિ કોર્ટના ચુકાદાને રદ ઠેરવીને મહિલાના પતિ તથા સાસુને રાહત આપી હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે પતિ અને તેની માતા દ્વારા જ્વેલરીનો ગેરવહીવટ થયો છે એ પુરવાર થયું નથી. એ પછી મહિલાએ ચુકાદાને સુપ્રીમકોર્ટમાં પડકાર્યો હતો.

સુપ્રીમકોર્ટના જસ્ટિસ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાએ જણાવ્યું હતું કે સ્ત્રીધન એ પત્ની અને પતિની સંયુક્ત સંપત્તિ નથી. તેથી આ સંપત્તિ પર પતિનો અધિકાર નથી. આ સંપત્તિ મહિલાને લગ્ન પહેલા કે લગ્ન પછી મળી હોય છે તેથી તેના પર માત્ર તેનો જ અધિકાર છે. આ કેસમાં હાઈકોર્ટના ચુકાદાને ખામી ભરેલો ગણાવતા સુપ્રીમકોર્ટની બેન્ચે જણાવ્યું હતું કે લગ્નસંબંધ પતિ-પત્નીના પરસ્પર વિશ્વાસ પર ટકેલો છે. તેથી પત્નીને પહેલેથી જ પતિ પર ભરોસો ન હતો એવું માનવું શક્ય નથી.

# રશિયા એ 1997માં "હિજાબ" પર મૂકાયેલો પ્રતિબંધ દૂર કર્યો

■ મુસ્લિમ મહિલાઓ અંગે પુતિનનો મોટો નિર્ણય

ગુજરાત | વંદન

રશિયા તરફથી મુસ્લિમોને મોટી ભેટ આપવામાં આવી છે. રશિયન સરકારે પાસપોર્ટમાં હેડસ્કાર્ફ વાળા ફોટો માટે મંજૂરી આપી દીધી છે. એટલે કે હવે ત્યાં મહિલાઓને હેડસ્કાર્ફ કે પછી હિજાબ વાળા ફોટો પાસપોર્ટમાં ઉપયોગ કરવાનો અધિકાર રહેશે. રશિયાના ગૃહ મંત્રાલય તરફથી આ જાણકારી મળી છે. આ કાયદો રવિવારથી દેશમાં લાગુ થઈ જશે અને રાષ્ટ્રીય સુરક્ષાને જાળવી રાખતાં ધાર્મિક માન્યતાઓનું પણ સન્માન કરાશે.

રિપોર્ટ અનુસાર પાસપોર્ટના ફોટોના કારણે મુસ્લિમ મહિલાઓ ચહેરાને વધુ કવર કરી શકતી નથી. દરમિયાન નવા કાયદા હેઠળ તેમને માથુ ઢાંકેલો ફોટો પાસપોર્ટ માટે ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવશે. જોકે, આ દરમિયાન તેઓ દાઢી ઢાંકેલી તસવીરનો ઉપયોગ કરી શકશે નહીં.

આ ફેરફાર પાસપોર્ટ એપ્લિકેશન્સ, ડ્રાઈવિંગ લાયસન્સ, વર્ક પર્મિટ્સ અને



પેટેન્ટ્સ વગેરે સાથે જોડાયેલો છે. રશિયન પાર્લિયામેન્ટ્રી ગેજેટ ને સ્ટેટ ડ્યૂમા સિક્યોરિટી અને એન્ટી કરપ્શન કમિટીના સભ્ય બિયસુલ્તાન ખામજેવે જણાવ્યું કે રશિયન સરકારનો આ નિર્ણય દેશની સુરક્ષાની સાથે ધાર્મિક માન્યતાઓનું પણ સન્માન કરે છે.

સોવિયત સંઘ દરમિયાન મહિલાઓને પાસપોર્ટમાં હેડ સ્કાર્ફ વાળા ફોટોનો ઉપયોગ કરવા દેવામાં આવતો નહોતો. જોકે, વર્ષ 1991 બાદ મુસ્લિમ મહિલાઓએ એવી તસવીરોનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું, જે બાદ 1997 માં તેની પર પ્રતિબંધ મૂકાયો હતો અને બાદમાં વર્ષ 2003માં રશિયાની સુપ્રીમ કોર્ટે તેને ગેરકાયદેસર જાહેર કરી દીધુ હતું. દરમિયાન તાજેતરના પગલાં હેઠળ રશિયન સરકારે 27 વર્ષ બાદ તેના પરથી પ્રતિબંધ હટાવ્યો છે.

# દક્ષિણ બ્રાઝિલમાં ભારે પૂર, 21 હજાર લાપતા, 10નાં મોત

■ દેશની અનેક નદીઓમાં પૂર આવ્યાં, લોકો ત્રાહિમામ

ગુજરાત | વંદન



૩વિશ્વમાં સૌથી વધુ ગાઢ જંગલો ધરાવતા અને વિશ્વમાં સૌથી વધુ જળપ્રવાહ ધરાવતી મહાનદી એમેઝોનના દેશ બ્રાઝિલમાં દક્ષિણ વિસ્તારમાં તો અનરાધાર વર્ષાએ તબાહી મચાવી દીધી છે. દક્ષિણનાં રાયો ગ્રાન્ડ શહેર પાસેની નદીમાં પ્રચંડ પૂર આવતાં ૧૦નાં મોત થયાં છે, ૨૧ હજી લાપતા છે, પૂર અને વર્ષાને લીધે મૃત્યુઆંક વધવાની ભીતી સેવાઈ રહી છે.ઉલ્લેખનીય છે કે બ્રાઝિલ ભારતનો મિત્ર દેશ છે, બ્રિક્સ સમુહનો તે સભ્ય છે. ભારત પછી જી-૨૦નું પ્રમુખ પદ ક્રમાનુસાર બ્રાઝિલને ફાળે ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જી-૨૦નો સિમ્બોલ સ્વહસ્તે જ પ્રમુખ લુલા દ'સિલ્વાને આપ્યો છે.

છેલ્લા કેટલાયે દિવસોથી બ્રાઝિલ અનરાધાર વર્ષા અનુભવી રહ્યું છે. જૈ પૈકી દક્ષિણ બ્રાઝિલમાંના ધોધમાર વર્ષાએ માઝા મુકી છે, બુધવારે સાંજે યોજેલી પત્રકાર પરિષદમાં રાજ્યના ગવર્નર એડયુઆર્ડો લીટેએ કહ્યું હતું કે અત્યારે તો આપણે ઈતિહાસમાં નોંધાયેલી એક કટોકટીની સ્થિતિ અનુભવી રહ્યાં છીએ, સાથે તેવું લાગે છે કે કમનસીબે પરિસ્થિતિ હજી પણ બગડવા સંભવ છે.

ગવર્નર લીટેએ પ્રમુખ લુલા દ'સિલ્વાનો સંપર્ક સાધ્યો હતો તેઓએ તમામ સહાયની ખાતરી આપી હતી. ગુરૂવારે તેઓ જાતે જ તે અસરગ્રસ્ત રાજ્યની મુલાકાતે ગયા હતા, એ યુદ્ધ ધોરણે બચાવ કાર્યવાહી શરૂ કરાવી દીધી હતી. રાયો ગ્રાન્ડેમાં તો પ્રચંડ વર્ષા થઈ છે. પરંતુ લગભગ સમગ્ર દેશમાં ભારે વર્ષા થઇ રહી છે. પરિણામે દેશની અનેક નદીઓમાં પૂર આવ્યાં છે, હજી સુધીમાં ૩૪૦૦ લોકોને સલામત સ્થળે ખશેડવામાં આવ્યાં છે. સૌથી વધુ પુર આ દક્ષિણનાં રાજ્યમાં આવ્યાં છે.

મધ્ય અને દક્ષિણ બ્રાઝિલ પર્વતીય વિસ્તારો છે. તે પર્વતો વનાચ્છાદિત છે. તે પણ ભારે વર્ષા અનુભવી રહ્યાં છે. ટૂંકમાં ગાઢ જંગલોમાં વસતા ૪૦ ફીટના પ્રચંડ એનેકોન્ડાનો આ દેશ અત્યારે તો, પ્રચંડ વર્ષા અને પૂરોના ભરડામાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ માહિતી મળતાં તેઓએ પ્રમુખ લુલા દ'સિલ્વાનો સંપર્ક સાધી આશ્વાસન કર્યા હોવાનું પણ જાણવા મળ્યું છે.

# પીએમ મોદી સામે રાહુલનો ગંભીર આરોપ -બળાત્કારી માટે મત માગી રહ્યાં છે

■ વડાપ્રધાને કથિત બળાત્કારીને ભારતમાંથી ભાગી જવામાં મદદ કરી....

ગુજરાત | વંદન

રાહુલ ગાંધીએ 2 મે, ગુરુવારે કર્ણાટકના શિવમોગામાં એક જાહેરસભાને સંબોધી હતી. તેમણે આરોપ લગાવ્યો કે વડાપ્રધાન



માસ રેપિસ્ટ (અનેક પર બળાત્કાર કરનાર) માટે મત માગી રહ્યા છે. તેમણે બળાત્કારીને ભારતમાંથી ભાગી જવામાં મદદ કરી, આ મોદીની ગેરંટી છે. કર્ણાટકમાં ભાજપ અને જેડીએસ વચ્ચે ગઠબંધન છે. જેડીએસ સાંસદ અને એચડી દેવગૌડાના પૌત્ર પ્રજ્વલ રેવન્ના ગૌડા પર બળાત્કાર અને અશ્લીલ વીડિયો બનાવવાના આરોપ છે.

રાહુલે એમ પણ કહ્યું હતું કે મહાલક્ષ્મીની વાત કરતાં જ ભારતના વડાપ્રધાન ચીડાઈ જાય છે, કારણ કે તેમના અબજોપતિ મિત્રોને પૈસા મળતા નથી.અમારી સરકાર યુવાનોને એપ્રેન્ટીસશિપનો અધિકાર આપવા જઈ રહી છે. હાલમાં તમને યુવાનિધિ હેઠળ દર મહિને 3,000 રૂપિયા મળે છે. અમે પહેલી જોબ ગેરંટી સ્કીમ લાગુ કરવા જઈ રહ્યા છીએ. તમને દર વર્ષે નોકરી મળશે, દર મહિને તમારા ખાતામાં 8500 રૂપિયા જમા થશે. ભારતીય ગ્રેજ્યુએટને બેસ્ટ ગુણવત્તાની તાલીમ મળશે. તેમણે તમને બેરોજગારી આપી, અમે તમને એપ્રેન્ટીસશિપનો અધિકાર અને વિશ્વની શ્રેષ્ઠ ટ્રેનિંગ આપવા જઈ રહ્યા છીએ.

કર્ણાટકની હાસન લોકસભા સીટ પર 26 એપ્રિલ 2024ના રોજ મતદાન થયું હતું. પૂર્વ પીએમ એચડી દેવગૌડાના 33 વર્ષીય પૌત્ર પ્રજ્વલ અહીંથી ચૂંટણી લડી રહ્યા છે. મતદાન પહેલાં સોશિયલ મીડિયા પર 200થી વધુ અશ્લીલ વીડિયો વાઈરલ થયા હતા.

# દિલ્હી કોંગ્રેસમાં વધુ એક વિકેટ પડી : પ્રમુખ લવલી બાદ બિધુરીએ પાર્ટી છોડી

■ કોંગ્રેસના હજારો કાર્યકરો આ ગઠબંધનથી ખુશ નથી- દાવો

ગુજરાત | વંદન

દિલ્હીમાં કોંગ્રેસ નેતા ઓમપ્રકાશ બિધુરીએ



ગુરુવારે પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ છોડવાના ઘણા કારણો છે. તેમાં સૌથી મોટું કારણ દિલ્હીમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનું ગઠબંધન છે. કોંગ્રેસના હજારો કાર્યકરો આ ગઠબંધનથી ખુશ નથી.

બિધુરીએ કહ્યું કે, "આમ આદમી પાર્ટી કોંગ્રેસ અને તેના નેતાઓને ભ્રષ્ટ અને ચોર કહીને સત્તામાં આવી છે. AAP સાથે ગઠબંધન કોંગ્રેસના કાર્યકર્તાઓની ભાવનાઓ વિરુદ્ધ છે. બિધુરીએ કહ્યું કે હાલમાં તેમની કોઈ રાજકીય પાર્ટીમાં જોડાવાની કોઈ યોજના નથી. .

AAP સાથે ગઠબંધનથી નારાજ બિધુરી છેલ્લા બે દિવસમાં કોંગ્રેસ છોડનારા ત્રીજા નેતા છે. તેમની પહેલા 1 મેના રોજ પૂર્વ ધારાસભ્યો નીરજ બસોયા અને નસીબ સિંહે કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું. દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષ અરવિંદર સિંહ લવલીએ પણ 28 મેના રોજ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.

લવલીએ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પત્ર લખ્યો હતો. 4 પાનાના પત્રમાં તેમણે લખ્યું- દિલ્હી કોંગ્રેસ તે પાર્ટી સાથે ગઠબંધનની વિરુદ્ધ છે, કે જે કોંગ્રેસ પાર્ટીની વિરુદ્ધ ખોટા, બનાવટી અને દૂષિત ભ્રષ્ટાચારના આરોપો મૂકવાના આધારે બની છે.

# અમેરિકાને આતંકવાદનો ગઢ નહીં બનવા દઉં : ટ્રમ્પનો હુંકાર

■ ઈઝરાયલ વિરુદ્ધ પ્રદર્શન પર ભડક્યાં ટ્રમ્પ

ગુજરાત | વંદન




ગાઝા પર ઈઝરાયલ દ્વારા હુમલાના વિરોધમાં અમેરિકામાં પ્રદર્શન થઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ રસ્તા પર છે. અમેરિકાની કેટલીક યુનિવર્સિટીમાં ઈઝરાયલ સમર્થક અને વિરોધી સમૂહો વચ્ચે ઘર્ષણ થયું. આ વચ્ચે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ પ્રોટેસ્ટને લઈને મોટું નિવેદન આપ્યું છે.

ટ્રમ્પે કહ્યું હતું, કે 'કોલંબિયા યુનિવર્સિટીની એક બિલ્ડિંગમાં પેલેસ્ટાઈન સમર્થક વિદ્યાર્થીઓએ કબજો કરી લીધો હતો, જે રીતે ન્યૂયોર્ક પોલીસે આ વિદ્યાર્થીઓને પાઠ ભણાવ્યો. તેને જોઈને ખુબ મજા આવી. ટ્રમ્પે આ પ્રદર્શનકારીઓને પાગલ અને હમાસના સમર્થક ગણાવતા કહ્યું, કે 'આપણે અમેરિકામાં જેહાદની જરૂર નથી.'2024ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટી તરફથી ઉમેદવાર ટ્રમ્પે કહ્યું, કે 'શું કોઈ પણ પરિસ્થિતિમાં આપણે ગાઝા જેવા હમાસ નિયંત્રિત આતંકવાદી ગઢથી હજારો શરણાર્થીઓને અમેરિકામાં લાવવા જોઈએ. આપણે એવું ન કરી શકીએ. આપણે આપણો દેશ ચલાવવાનો છે. આ દેશ સારો રહેવો જોઈએ. આપણે દેશ સંકટમાં છે.'


ટ્રમ્પે કહ્યું હતું, કે 'મને નથી લાગતું કે જો અમે ચૂંટણી હારીશું તો આ દેશ બચી શકશે. મને ઘણા સમયથી અનુભવ થઈ રહ્યો હતો. આપણે ઘણા મુસ્લિમ દેશોનો સામનો કરવાનો છે. અમેરિકામાં જેહાદ નથી જોઈતો, અમે નથી ઈચ્છતા કે આપણાં શહેર આતંકવાદના ગઢ બની જાય.'ટ્રમ્પે કહ્યું, કે 'એકવાર રાષ્ટ્રપતિ બની ગયા બાદ ફરી ટ્રાવેલ બેન પર કામ કરીશું, શરણાર્થીઓને અમેરિકા આવવા પર રોક લાગશે અને આતંકવાદીઓને આ દેશથી દૂર રાખવામાં આવશે.

'ઈઝરાયેલ વિરોધી દેખાવો માટે અમેરિકન યુનિવર્સિટીઓને નોટિસ . વાત બહુ સ્પષ્ટ છે. અમેરિકા બહારથી જે કહે તે પરંતુ હાર્દથી ઈઝરાયલ તરફી રહ્યું છે. બીજી તરફ અમેરિકાની યુનિવર્સિટીઓમાં ઈઝરાયલ વિરોધી દેખાવો જોર પકડતા જાય છે. પેલેસ્ટાઈન તરફી વિદ્યાર્થીઓ અને ઈઝરાયલ તરફી વિદ્યાર્થીઓ વચ્ચે સંઘર્ષ થતા રહે છે. યહુદી વિદ્યાર્થીઓ ઉપર પેલેસ્ટાઈન તરફી વિદ્યાર્થીઓ હુમલા કરી રહ્યા છે. આ બાબત પ્રમુખ જો બાયડેન સુધી પણ પહોંચી છે.

# 'જા જઈને, ફાંસી પર લટકી જા'..એમ કહેવું આત્મહત્યા માટે ઉશ્કેરણી નથી

■ કર્ણાટક હાઈકોર્ટેનું અવલોકન

ગુજરાત | વંદન




કર્ણાટક હાઈકોર્ટે જણાવ્યું છે કે, 'ગો હેંગ યોરસેલ્ફ એટલે કે જાવ, ફાંસી પર લટકી જાવ' એવું કહેવું આત્મહત્યા માટે ઉશ્કેરણી કરી હોવાનું કહી શકાય નહીં. ઉડુપીના એક ચર્ચના પાદરીની આત્મહત્યાના કેસની સુનાવણી વખતે કોર્ટે આવી ટિપ્પણી કરી હતી. કેસની વિગત અનુસાર કોર્ટમાં અરજી કરનાર પર પાદરીને 'ગો હેંગ યોરસેલ્ફ' કહીને આત્મહત્યા માટે ઉશ્કેર્યો હોવાનો આરોપ હતો. બચાવ પક્ષે જણાવ્યું હતું કે, "અરજદારને તેની પત્ની અને પાદરી વચ્ચે અનૈતિક સંબંધ હોવાની જાણ થઈ હતી. તેને લીધે ગુસ્સામાં આવીને વ્યક્તિએ પાદરીને આવા શબ્દો કહ્યા હતા." અરજદારે કહ્યું હતું કે, "પાદરીએ આત્મહત્યાનો નિર્ણય મારા શબ્દોને કારણે નહીં, લોકોને તેના કથિત સંબંધની જાણ થવાને કારણે લીધો હતો." પાદરીનો પક્ષ રજૂ કરનાર વકીલે જણાવ્યું હતું કે, "આરોપીએ લોકો સામે સમગ્ર ઘટના જાહેર કરવાની ધમકી આપીને (પાદરીને) આત્મહત્યા કરવા જણાવ્યું હતું."

કોર્ટે સુનાવણી વખતે જણાવ્યું હતું કે, "માત્ર આવા નિવેદનો આત્મહત્યા જેવા મોટા પગલાનું કારણ બની શકે નહીં." કોર્ટે 'ગો હેંગ યોરસેલ્ફ' શબ્દોને ઉશ્કેરણીની કેટેગરીમાં મૂકવાનો ઈનકાર કર્યો હતો અને આત્મહત્યા માટે ઘણા કારણોને જવાબદાર ઠેરવ્યા હતા. જેમાં સૌથી મોટું કારણ એક પાદરી હોવા છતાં અનૈતિક સંબંધોમાં સંડોવણીને ગણાવ્યું હતું. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "ફરિયાદી જે સ્થિતિમાં હતો તેમાં આવા વાક્યો બોલવા હ્યુમન સાઈકોલોજીનો ભાગ છે. એટલે 'ગો હેંગ યોરસેલ્ફ'ને આત્મહત્યાનું કારણ માની શકાય નહીં."

# બંગાળમાં નવો વિવાદ : ગવર્નર સામે જાતીય સતામણીની ફરિયાદ

■ રાજ ભવનમાં પોલીસ પ્રવેશ પર પ્રતિબંધ મુકાયો

ગુજરાત | વંદન



પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝ પર રાજભવનની એક મહિલા કર્મચારીએ જાતીય સતામણીનો આરોપ લગાવ્યો છે. તેણે હરે સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં આ અંગે લેખિત ફરિયાદ આપી છે. મહિલાનો આરોપ છે કે તે 24 માર્ચે રાજ્યપાલ પાસે કાયમી નોકરીની વિનંતી સાથે ગઈ હતી. પછી રાજ્યપાલે ગેરવર્તણૂક કરી. જ્યારે ગુરુવારે ફરીથી આવું જ થયું, ત્યારે તે ફરિયાદ લઈને રાજભવનની બહાર તૈનાત પોલીસ અધિકારી પાસે ગઈ.

જો કે રાજ્યપાલે મહિલાના આરોપોને નકારી કાઢ્યા છે. તેમણે કહ્યું કે આ મને બદનામ કરવાનું ષડયંત્ર છે. મારા પર પાયાવિહોણા આક્ષેપો કરવામાં આવ્યા છે. સત્યનો વિજય થશે. તેમણે વધુમાં કહ્યું કે હું ઘડી કાઢેલી વાતોથી ડરતો નથી. જો કોઈ મને બદનામ કરીને ચૂંટણીમાં ફાયદો મેળવવા માંગતું હોય તો ભગવાન ભલું કરે. હું ભ્રષ્ટાચાર અને હિંસા સામેની લડાઈને રોકી શકતો નથી.

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સાગરિકા ઘોષે મહિલાના આરોપોને લઈને એક વીડિયો નિવેદન જાહેર કર્યું છે. તેમણે કહ્યું છે કે બંગાળના ગવર્નર સીવી આનંદ બોઝ પર ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. જ્યારે એક મહિલા રાજભવન ગઈ ત્યારે રાજ્યપાલ સીવી આનંદ બોઝ દ્વારા તેની છેડતી, જાતીય સતામણી અને ગેરવર્તણૂક કરવામાં આવી હતી. મહિલા હવે પોલીસ સ્ટેશન પહોંચી છે, જ્યાં તે પોતાની ફરિયાદ નોંધાવી રહી છે.

તેમણે વધુમાં કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોલકાતા પહોંચી રહ્યા છે ત્યારે આ ગંભીર આરોપો લગાવવામાં આવી રહ્યા છે. મોદીજી રાજભવનમાં જ રોકાશે. શું મોદીજી રાજ્યપાલ પાસે સ્પષ્ટતા માંગશે? શું મોદીજી પૂછશે કે રાજભવનમાં આવી ઘટના કેવી રીતે બની?

રાજ્યપાલ પર લાગેલા આરોપો અંગે બીજેપી નેતા શુભેન્દુ અધિકારીએ કહ્યું કે એ જોવાનું રહેશે કે આરોપો સાચા છે કે પછી કોઈ ષડયંત્ર છે. 26,000 શિક્ષકોએ તેમની નોકરી ગુમાવી, સંદેશખાલી મુદ્દે તૃણમૂલ ઘેરાઈ. આ ફરિયાદ રાજકીય ષડયંત્ર છે કે કેમ તે જોવું રહ્યું. જો આ વાત સાચી હશે તો કેન્દ્ર સરકાર ચોક્કસ પગલાં લેશે.દરમિયાન પોલીસને રાજભવન પરિસરમાં પ્રવેશવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. આ સાથે જ રાજ્યપાલે રાજ્ય મંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્યના પ્રવેશ પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે. રાજ્યપાલે ચંદ્રીમા પર બંધારણ વિરોધી નિવેદનો કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે મંત્રી સામે કાર્યવાહી કરવા માટે એટર્ની જનરલ પાસેથી સલાહ માંગી છે.

## તમે વિદેશથી મંગાવેલા પાર્સલમાં ડ્રગ્સ છે, એવો કોઇ ફોન કોલ આવે તો ચેતી જજો.....

# જાગતે રહો: ઓનલાઇન ચિટીંગની નવી પધ્ધતિ- ડિજિટલ એરેસ્ટથી સાવધાન..!

ગુજરાત | વંદન

વર્ષો પહેલાં જ્યારે દેશમાં ડાકૂઓનો આતંક હતો ત્યારે તેઓ જેમને ત્યાં ધાડ પાડવી હોય તેને જાસાચિઠ્ઠી મોકલતા. ડાકૂઓમાં કોઇ ભણેલો હોય તેની પાસેથે ધમકીનો સંદેશો લખાવીને કોઇ શાહુકાર કે પૈસાવાળાના ઘરે રાતના સમયે જાસાચિઠ્ઠી ફેંકવામાં આવતી. આજે સય બદલાયો છે અને આજના ડિજીટલ યુગમાં લોકોની સાથે ઠગાઇના નીત નવા નુસ્ખા અજમાવવામાં આવી રહ્યાં છે. જેમાં વિડીયો કોલમાં અશ્લિલતા દર્શાવીને પૈસા પડાવવાથી એક કદમ આગળ વધીને ડિજિટલ એરેસ્ટ નામના એક નવા ફ્રોડ કહેતા ઠગાઇ કે નાણાં પડાવવાનો નવો કિમિયો ચિટીંગબાજો દ્વારા થઇ રહ્યો છે.

તાજેતરમાં ગજરાતમાં જ એવા બે ચોંકાવનારા કિસ્સા બન્યા છે જેમાં લાખો રૂપિયા ઓનલાઇન પડાવી લેવામાં આવ્યાં છે. ખાસ કરીને એકલી રહેતી વૃધ્ધાને અને વેપારીઓને કઇ રીતે ફસાવવામાં આવે છે તે જાણવુ જરૂરી છે. અમદાવાદના કિસ્સામાં એક વૃધ્ધાને ફોન આવ્યો કે તમારા પુત્રએ વિદેશથી પાર્સલ મોકલ્યુ છે પણ તેમાં શકાસ્પદ વસ્તુ નશીલી દવાઓ છે અને જો પૈસા નહીં આપો તો પુત્રની સામે અને તમારી સામે કેસ થશે. ધાકધમકીથી વૃધ્ધા પાસેથી લાખો રૂપિયા ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લીધા. આ અંગે પોલીસને જાણ કરાતં તપાસ ચાલી રહી છે. પણ તેમાં ગુના પધ્ધતિ એવી છે કે તમારા નામનું પાર્સલ આવ્યું છે અને તેમાં ડ્રગ્સ હોવાનું કહીને ડરાવી



નકલી અધિકારી નકલી પોલીસ સ્ટેશનમાં બેસીને ધમકાવશે...લાખો પડાવી લેશે...

ધમકાવી નાણાં પડાવવામાં આવ્યાં.

આર્થિક નગરી સુરતમાં પણ ડિજિટલ અરેસ્ટના નામનો વધુ એક ફ્રોડનો કિસ્સો નોંધાયો છે. તેની વિગતમાં જોઈએ તો, સોશિયલ મીડિયાનો વધી રહેલા ઉપયોગમાં લોકો સાઈબર ક્રાઈમનો ભોગ ખુબ જ બની રહ્યા છે. સાઈબર ફ્રોડમાં ગુનાખોરો લોકોને છેતરવા માટે અને પૈસા પડાવવા માટે નવા નવા ઉપાયો શોધી રહ્યાં ત્યારે આજકાલ લોકો 'ડિજિટલ અરેસ્ટ 'ના નવા સાઈબર ફ્રોડનો ભોગ બની રહ્યાં છે.

આવો જ એક બનાવ સુરત શહેરમા બન્યો છે.જેમાં સુરતના એક વેપારીને ડિજિટલ અરેસ્ટ કરીને 23.30 લાખ પડાવી લીધા હતા. જો કે આ કિસ્સામાં તમામ આરોપીઓને સુરત સાયબર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે. જો કે આ રસપ્રદ કેસ સૌ કોઇએ વાંચવો જોઇએ, જેથી કોઇ તેમની સામે આ રીતે ફસાવી ન શકે.

આ બનાવની વિગતો જોઈએ તો,સુરતના ભટાર રોડના કેમિકલના વેપારીને એક અજાણ્યા નંબર પરથી ફોન કોલ આવ્યો.જેમાં કોલ કરનારે આ કેમિકલ વેપારીને એવું કહ્યું હતું કે મુંબઈ એરપોર્ટ ઉપર તમારા નામનું એક પાર્સલ આવ્યું છે. જેમાં 200ગ્રામ એમડી ડ્રગ્સ પકડાયું છે ઉપરાંત અન્ય ચીજ વસ્તુઓ પણ છે.

વેપારીએ આવું કોઈ પાર્સલ મે મંગાવ્યું નથી એમ કહેતા તેને ડીજીટલી સ્કાય પે એપ ડાઉનલોડ કરાવી હતી અને તમે ડિજિટલી અરેસ્ટ કરવામાં આવ્યા છે તેવી વાત કરી હતી અને ત્યાર બાદ વેપારીને સતત હેરાન પરેશાન કરવામાં આવી રહ્યો હતો.

આ વેપારી પાસેથી સતત નવ કલાક વીડિયો કોલ ચાલુ રખાવી ધંધાકીય, પરિવાર, સહિત અન્ય પૂછપરછ કરી અને વીડિયો કોલ કટ ના કરવા દઈ ઠગ ટોળકીએ ટોર્ચર કરી અલગ-અલગ બેંક એકાઉન્ટમાંથી ઓનલાઈન રૂ.23.30 લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા.

આ સમગ્ર મામલે કેમિકલ વેપારીને પોતે છેતરાયાનો અહેસાસ થતા તેણે તુરત જ સાયબર સેલનો સંપર્ક કર્યો હતો અને સાયબર સેલમાં ફરિયાદ નોંધાવી જેના આધારે સુરત સાયબર સેલે ચાર આરોપીની ધરપકડ કરી હતી. જે ચાર આરોપીની ધરપકડ કરવામાં આવી હતી તેમના નામ નેવિલ ઉર્ફે બીટુ મહેશભાઈ હેડાઉ, મહેશભાઈ પ્રવીણભાઈ સંધ્યા, ધ્રુવ ઉર્ફે ધુલો,પરસોત્તમ વેકરીયા,પાર્થ ધીરજલાલ જોધાણીનો સમાવેશ થાય છે.જોકે આ ચારની ધરપકડ કરાયા બાદ સુરત સાયબર સેલ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી અને વધુ તપાસમાં અન્ય બે આરોપીના નામ ખુલ્યા હતા.

તાજેતરમાં જ અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે જે ટોળકી પકડી હતી એ ટોળકી આ ટોળકીની સાથે મળેલી હોવાની વિગતો તપાસ દરમિયાન સામે આવી છે. સુરત સાયબર સેલ દ્વારા ઝડપી પાડવામાં આવેલા બે આરોપી મુસ્તુફા ઉર્ફે રાજુ પ્લાસ્ટિક યુનુસ નવીવાલા અને મોઈન ઉર્ફે અલ્તાફ ઈંગારીયાની ધરપકડ કરી છે.

...અનુસંધાન પેજ 6 પર

# પરિણીતિની નિખાલસતા- હું ફિલ્મી હસ્તીઓ માટે કોફીનો ઓર્ડર કરતી હતી...વોટ્સ રોંગ..?! નથીંગ...




એક એવો રસપ્રદ ખુલાસો થયો છે કે પરિણીતિ ચોપડા ઍક્ટિંગમાં કરીઅર બનાવવા પહેલાં સેલિબ્રિટીઝ માટે કૉફી ઑર્ડર કરતી હતી..... તેણે ૨૦૧૧માં આવેલી ‘લેડીઝ vs રિકી બહલ’ દ્વારા ઍક્ટિંગ કરીઅરની શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં તે સપોર્ટિંગ ઍક્ટર તરીકે હતી.

તેણે લીડ હિરોઇન તરીકે ‘ઇશ્કઝાદે’ દ્વારા ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરી હતી. જોકે આ પહેલાં તે યશરાજ ફિલ્મ્સમાં માર્કેટિંગ અને પબ્લિક રિલેશન્સ ડિપાર્ટમેન્ટમાં કામ કરતી હતી. આ વિશે વાત કરતાં પરિણીતિ કહે છે, ‘મેં રાની મુખરજી માટે ‘દિલ બોલે હડિપ્પા’, દીપિકા પાદુકોણ અને નીલ નીતિન મુકેશ માટે ‘લફંગે પરિંદે’ તેમ જ અનુષ્કા શર્મા અને શાહિદ કપૂર માટે ‘બદમાશ કંપની’નું પ્રમોશન કર્યું હતું.


હું આ ઍક્ટર્સે કોને અને ક્યારે ઇન્ટરવ્યુ આપવો એ નક્કી કરતી હતી. તેમ જ તેમના માટે કૉફી પણ ઑર્ડર કરતી હતી. મારી ઇન્ટર્ન તરીકે છેલ્લી ફિલ્મ ‘બૅન્ડ બાજા બારાત’ હતી. યાદ રહે કે પરિણિતીએ આપ પાર્ટીના નેતા રાઘવ ચઢ્ઢા સાથે લગ્ન કર્યા છે.

# બે સ્ટારકિડ સિમર-અગત્સ્ય નંદા મોટા પડદા પર ધૂમ મચાવવા આવી રહ્યાં છે



દેશભરમાંથી રોજ નવા નવા ચહેરા પોતાનું નસીબ બૉલીવુડમાં અજમાવવા માટે મુંબઈ આવતા હોય છે. તેમાંથી સ્ટારકિડ પણ બાકાત નથી , એવામાં રુપેરી પડદે વધુ એક સ્ટાર કિડની એન્ટ્રી થઈ રહી હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં અક્ષય કુમારની ભાણેજ સિમર ‘ઈક્કિસ’ ફિલ્મથી બોલિવૂડ ડેબ્યૂ કરી રહી છે. આ ફિલ્મમાં તેનો હિરો અમિતાભ બચ્ચનનો દૌહિત્ર અગત્સ્ય નંદા હશે તેવા સમાચાર સામે આવ્યાં છે. મહત્વનું છે કે, આ ફિલ્મ પરમવીર ચક્ર વિજેતા અરુણ ક્ષેત્રપાલની જિંદગી પર આધારિત હશે. ફિલ્મનું દિગ્દર્શન શ્રીરામ રાઘવન કરવાના છે.ઉલ્લેખનીય છે કે, સિમર બોલિવૂડ સ્ટાર અક્ષય કુમારની બહેન અલકાની દીકરી છે. તે હમણા સુધી લાઈમલાઈટથી દૂર રહી હતી. શાહરુખની દીકરી સુહાના કે રવિના ટંડનની દીકરી રાશા ફિલ્મોમાં આવ્યાં પહેલાં જ સોશિયલ મીડિયા થકી છવાઈ ગયાં છે.આ ફિલ્મમાં અગત્સ્યની પસંદગી બહુ લાંબા સમય પહેલાં જ થઈ ચૂકી હતી. તેણે પોતાના કેટલાક ભાગનું શૂટિંગ પણ પૂર્ણ કરી દીધું છે. ફિલ્મ આવતાં વર્ષે જાન્યુઆરીમાં રીલિઝ કરવાનું પ્લાનિંગ છે.

# ગુજરાતી ફિલ્મ ‘ત્રિશા ઑન ધ રૉક્સ’ રિલીઝ માટે તૈયાર, હિન્દી રિમેક બનશે?




જાનકી બોડીવાલાની ‘શૈતાન’ આ વર્ષે માર્ચમાં રિલીઝ થઈ હતી. આ હૉરર ફિલ્મ લોકોને ખૂબ પસંદ પડી હતી. આ ફિલ્મ તેની ગુજરાતી ફિલ્મ ‘વશ’ની હિન્દી રીમેક હતી. હવે જાનકીની રોમૅન્ટિક ગુજરાતી ફિલ્મ ‘ત્રિશા ઑન ધ રૉક્સ’ રિલીઝ માટે તૈયાર છે. આ ગુજરાતી ફિલ્મ ૨૧ જૂને હિન્દીમાં પણ રિલીઝ થવાની છે. ફિલ્મમાં તેની સાથે હિતેન કુમાર પણ જોવા મળશે. આ ફિલ્મનું પહેલું પોસ્ટર જાનકીએ ગયા વર્ષે તેના બર્થ-ડે નિમિત્તે રિલીઝ કર્યું હતું

બૉલિવૂડ સતત રીમેકને કારણે ચર્ચામાં રહે છે, બલિવૂડને પોતાની રીમેક ગમે છે, અને તે ફિલ્મોમાં પૉપકૉર્નની જેમ જ સામાન્ય છે. ઓલ ટાઈમ ફેવરેટ શોલે હોય કે પછી વિવાદાસ્પદ રહેલી કબીર સિંહ અને તાજેતરનું ઉદાહરણ ગુજરાતી ફિલ્મ વશ`માંથી બનેલી `શૈતાન સુદ્ધા, આ કામ હંમેશા લોકોને એ વાત વિચારવા પર મજબૂર કરે છે કે શું ખરેખર ફિલ્મની રીમેક બનાવવી જોઈએ.

જ્યાં બૉલિવૂડની પ્રેરણા માટે મોટા ભાગે દક્ષિણ ભારતની ફિલ્મો તરફ જોવામાં આવતું હતું, ત્યાં હવે બૉલિવૂડ મેકર્સ પોતાનું ધ્યાન ગુજરાતની લાઈવ સ્ટોરીઝ તરફ પણ કેન્દ્રિત કરી રહ્યા છે. આનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે ગુજરાતી ફિલ્મ વશ, જેને હિન્દીમાં શૈતાન નામે બનાવવામાં આવી છે, આ ફિલ્મમાં અજય દેવગન, આર. માધવન, જ્યોતિકા, જાનકી બોડીવાલા અને અંગદ રાજે પણ અભિનય કર્યો છે. આ રીમેક ગુજરાતી સંસ્કૃતિની રચનાત્મકતાનો ઉપયોગ કરે છે, આની અવનવી સ્ટોરી કહેવાની કળાની ઝલક રજૂ કરે છે.

મિક્સ રિવ્યૂઝ છતાં શૈતાન ક્ષેત્રીય વાર્તાઓ પ્ર ત્યે બૉલિવૂડના ચાલ્યા આવતા આકર્ષણને દર્શાવે છે, ઈન્ડસ્ટ્રીની સ્ટોરી કહેવાની શોધ અને રાષ્ટ્રીય સ્તરે ગુજરાતી સ્ટોરીના આકર્ષણને દર્શાવે છે.

# પહેલાં ‘ફક્ત મહિલાઓ માટે’ અને હવે ‘ફક્ત પુરુષો માટે’, રીલિઝ ડેટ જાહેર થઈ




એક સમયે ગુજરાતી ફિલ્મોની છાપ ગ્રામિણ પ્રકારની ગણાતી હતી. પરંતુ હવે આધુનિક સમયની સાથે તાલ સે તાલ મિલાવીને એવી બની રહી છે કે લોકો હવે ગુજરાતી ફિલ્મ વધુ જોવાનું પસંદ કરે છે.જેનાથી ફિલ્મને સારો એવો પ્રતિસાદ પણ મળે છે. કોઈ એવી ફિલ્મ હોય છે કે, તેના બીજા પાર્ટને પણ રિલીઝ કરવામાં આવતો હોય છે. ‘ફક્ત પુરૂષો માટે’ની ફિલ્મ આ વર્ષે રિલીઝ થશે.

ચિંતન પરીખે બનાવેલી ગુજરાતી ફિલ્મ ‘ફક્ત મહિલાઓ માટે’ને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો. આ ફિલ્મને સારા પ્રતિસાદ મળ્યા બાદ હવે ‘ફક્ત પુરુષો માટે’ ફિલ્મ પણ બનવા જઈ રહી છે, જેનું શૂટિંગ શરુ થવાની તૈયારીમાં છે અને આ વર્ષે જ આ ફિલ્મ રીલીઝ થવાની છે.

ફક્ત મહિલાઓ માટે ફિલ્મની સ્ટોરી ચિંતન પરીખ એક 28 વર્ષીય મધ્યમવર્ગીય માણસ તેના જીવનમાં સતત મહિલાઓથી ઘેરાયેલો અને પરેશાન રહે છે. અંબાજી મંદિરની એક સફર પર તે પ્રાર્થના કરે છે અને એવી શક્તિ માંગે છે કે તે સ્ત્રીઓની મનની વાત સમજી શકે, આ સાથે આ ફિલ્મમાં કોમેડી અને થોડો રોમાન્સનો મસાલો પણ જોવા મળ્યો હતો.

બોલિવુડ મેગાસ્ટાર અમિતાભ બચ્ચન તેના આટલા લાંબા કરિયરમાં પહેલી વખત એક ગુજરાતી ફિલ્મમાં જોવા મળ્યા હતા. આ ફિલ્મ 19 ઓગસ્ટ 2022ના રોજ રિલીઝ થઈ હતી. જેને ગુજરાતી ચાહકોનો સારો એવો પ્રતિસાદ પણ મળ્યો હતો. આ ફિલ્મમાં એક ગીત પણ આવે છે બોલો મારી અંબે જય જય અંબે આ ગીત કીર્તિદાન ગઢવીએ ગાયું હતુ.

ફકત મહિલા માટે ફિલ્મને લોકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. લોકોએ “મનોરંજનની સાથે સંદેશ મેળવવા અને મેગાસ્ટાર અ મિ ત ા ભ બ ચ્ચ ન ને ગુજરાતી બોલતા જોવાનો લહાવો પણ લીધો હતો. આ ફિલ્મનું નામ માત્ર ફક્ત મહિલાઓ માટે છે, પરંતુ પુરુષો પણ આ ફિલ્મને જોઈ શકે છો, આ ફિલ્મમાં એક આખા પરિવારની સ્ટોરી રજુ કરવામાં આવી છે. સાથે સાથે શાનદાર ડાયલોગ પણ ચાહકોને પસંદ આવ્યા હતા. ફક્ત મહિલાઓ માટે ફિલ્મે બોક્સ ઓફિસ પર 20 કરોડની કમાણી કરી હતી.

# એનિમલના 5 દમદાર સ્ટાર્સ ટૂંક સમયમાં બોક્સ ઓફિસ પર મચાવશે ધમાલ!



એનિમલ.. થોડા મહિના પહેલા સુધી આ નામ જ ગુંજતું હતું. રણબીર કપૂર દરેક જગ્યાએ હતો. આ ફિલ્મની અસર અત્યાર સુધીના ઘણા કલાકારોની કારકિર્દી પર દેખાઈ રહી છે અને કદાચ ભવિષ્યમાં પણ જોવા મળશે. આ ફિલ્મ 1 ડિસેમ્બરના રોજ સિનેમાઘરોમાં આવી અને થોડી જ વારમાં તેણે વિશ્વવ્યાપી બોક્સ ઓફિસ પરથી 915 કરોડ રૂપિયાની કમાણી કરી. હવે બધા તેની સિક્વલની રાહ જોઈ રહ્યા છે. . બોબી દેઓલ હોય કે તૃપ્તિ ડિમરી અને અનિલ કપૂર... આ ફિલ્મની સફળતાએ દરેકની કારકિર્દીને વેગ આપ્યો છે. એનિમલના સ્ટાર્સ પાસે પહેલેથી જ ઘણી મોટી ફિલ્મો હતી. પરંતુ તે ભૂમિકા પછી, અન્ય માર્ગો ખુલ્યા છે. રણબીર કપૂર, અનિલ કપૂર, બોબી દેઓલ, રશ્મિકા અને તૃપ્તિ ડિમરી... આ પાંચમાંથી એક પણ એવું નથી કે જેની પાસે ત્રણથી ઓછી ફિલ્મો હોય અને તે બધી મોટી ફિલ્મો છે. તેમના આગામી પ્રોજેક્ટ પર એક નજર.

**1. રણબીર કપૂરઃ** ‘એનિમલ’ બનીને રણબીરે આખી દુનિયામાં હલચલ મચાવી દીધી હતી. આ તેની કારકિર્દીની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. બસ, આ માત્ર એક ઝલક છે. . હાલમાં તે નિતેશ તિવારીની ‘રામાયણ’ના શૂટિંગમાં વ્યસ્ત છે. કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મ ત્રણ ભાગમાં આવશે. પ્રથમ હપ્તામાં માત્ર સીતા હરણ સુધીની વાર્તા બતાવવામાં આવશે. આ સિવાય ચાહકો તેની ‘બ્રહ્માસ્ત્ર 2’ની પણ રાહ જોઈ રહ્યા છે, જેનો પહેલો ભાગ વર્ષ 2022માં રિલીઝ થયો હતો. આ યાદીમાં સંજય લીલા ભણસાલીની ‘લવ એન્ડ વોર’ પણ સામેલ છે. આ ફિલ્મમાં તેની સાથે આલિયા ભટ્ટ અને વિકી કૌશલ હશે.

**2. રશ્મિકા મંદન્નાઃ** આ વર્ષે તે માત્ર રશ્મિકા-રશ્મિકા જ હશે, કારણ કે તેની બહુ અપેક્ષિત ફિલ્મ આવવાની છે. હા ‘પુષ્પાઃ ધ રૂલ’. શ્રીવલ્લી પરત ફરી રહ્યો છે. આ પિક્ચર 15 ઓગસ્ટ, 2024ના રોજ સિનેમાઘરોમાં આવશે. આ રશ્મિકાની તે ફિલ્મોમાંથી એક છે, જે એકલી 5 ફિલ્મોના રેકોર્ડ તોડવાની શક્તિ ધરાવે છે.


**3. બોબી દેઓલઃ** એનિમલે બોબીના કરિયરને માત્ર જીવન જ નહીં પરંતુ નવું જીવન આપ્યું છે. કોણ જાણતું હતું કે માત્ર 10-15 મિનિટની ભૂમિકા એ સિદ્ધિ હાંસલ કરી લેશે જેના માટે તે વર્ષોથી ઝંખતો હતો. વેલ, બોબી દેઓલ પાસે હાલમાં ઘણી સારી ફિલ્મો છે. ટૂંક સમયમાં તે સૂર્યાની ‘કંગુવા’થી ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. હાલમાં તે નંદામુરી બાલકૃષ્ણાની ફિલ્મ NBK109નું શૂટિંગ કરી રહ્યો છે. રામચરણની ‘RC16’માં તેની મહત્વની ભૂમિકા હોઈ શકે છે. આ સિવાય તેણે YRF જાસૂસ બ્રહ્માંડમાં પણ પ્રવેશ કર્યો છે.

**4. તૃપ્તિ ડિમરીઃ** ‘એનિમલની ભાભી 2’ને કોણ ભૂલી શકે? આ ભૂમિકાએ તેને રાતોરાત રાષ્ટ્રીય ક્રશ બનાવી દીધો. તૃપ્તિ હાલમાં કાર્તિક આર્યન સાથે ‘ભૂલ ભુલૈયા 3’નું શૂટિંગ કરી રહી છે. જાણવા મળ્યું છે કે તેણે વિકી કૌશલની ‘મેરે મહેબૂબ મેરે સનમ’નું શૂટિંગ પૂર્ણ કર્યું છે. દરમિયાન, ફિલ્મ ‘વિકી વિદ્યા કા વો વાલા વીડિયો’ પર સતત મોટા અપડેટ્સ આવી રહ્યા છે. ચર્ચા છે કે ‘તુ આશિકી હૈ’ અને ‘ધડક 2’માં પણ તેની મહત્વની ભૂમિકા હશે

**5. અનિલ કપૂરઃ** શરૂઆતથી જ તેની સંપૂર્ણ માંગ છે. આ વર્ષે તેની એક તસવીર સામે આવી છે, જે છે ‘ફાઈટર’. આમાં તેણે ગ્રુપ કેપ્ટનની ભૂમિકા ભજવી હતી યાદીમાં પહેલું નામ YRF સ્પાય યુનિવર્સનું છે. અહેવાલો છે કે તે ફિલ્મમાં RAW ચીફની ભૂમિકા ભજવશે.

. આ સિવાય તે અજય દેવગનની ‘દે દે પ્યાર દે 2’માં પણ જોવા મળશે. આ ફિલ્મમાં અજય દેવગન સાથે તેણીનો મુકાબલો હોવાની ચર્ચા છે. ટૂંક સમયમાં તે ‘સુબેદાર’માં પણ જોવા મળશે, જેનું પોસ્ટર તાજેતરમાં જ શેર કરવામાં આવ્યું હતું. તે ‘હાઉસફુલ 5’ અને ‘એનિમલ પાર્ક’માં પણ જોવા મળશે.

# “ઠગ લાઈફ”માં કમલ હાસન ડબલ નહીં પણ ત્રિપલ રોલમાં ચમકશે...



ફિલ્મમેકર મણિ રત્નમની ફિલ્મ ‘ઠગ લાઈફ’ માટે સાઉથના સ્ટાર અને ફિલ્મ એક દુજે કે લિયેનો વાસુ કમલ હાસન અને અલી ફઝલ નવી દિલ્હીમાં એક મહિનો શૂટિંગ કરવાના છે. મે મહિનાથી શૂટિંગ શરૂ થશે. તેઓ નવી દિલ્હી પહોંચી ગયા છે. ઍક્શન અને ડ્રામાથી ભરપૂર આ ફિલ્મની સ્ટોરી મણિ રત્નમ અને કમલ હાસને સાથે મળીને લખી છે. એવું જાણવા મળ્યું છે કે ફિલ્મમાં કમલ હાસન ત્રણ રોલમાં દેખાવાના છે. ૧૯૮૭માં આવેલી ‘નાયકન’ બાદ ઘણાં વર્ષો પછી મણિ રત્નમ અને કમલ હાસન ફરીથી સાથે કામ કરવાના છે. નવી દિલ્હીના અગત્યના લોકેશન પર ફિલ્મ શૂટ કરવામાં આવશે.

કમલ હાસને ‘ઠગ લાઈફ’નું એક ગીત લખ્યું છે. અગાઉ પણ તેઓ અનેક તામિલ ગીતો લખી ચૂક્યા છે. તેમણે ખૂબ ઓછા સમયમાં ‘ઠગ લાઈફ’નું ગીત લખ્યું હતું અને એ. આર. રહમાને માત્ર બે કલાકમાં એ ગીતનું મ્યુઝિક કમ્પોઝ કર્યું અને એને રેકૉર્ડ પણ કર્યું હતું. તેમના ફૅન્સ પણ ગીતની ઝલક જોવા માટે અને સાંભળવા માટે આતુર છે. આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થવાની છે.



# ‘મારે પહેલાં પાર્ટનર શોધવો પડશે ત્યાર પછી હું લગ્ન વિશે જણાવીશ’

સોનાક્ષી સિંહાને લગ્ન વિશે સવાલ કરવામાં આવતાં તેણે પહેલાં પાર્ટનર પસંદ કરવા દો એવો જવાબ આપ્યો છે. સોનાક્ષીની ‘ડબલ XL’માં જોવા મળેલા તેના કો-સ્ટાર ઝહીર ઈકબાલને તે ડેટ કરી રહી હોવાની ચર્ચા છે. તેઓ ઘણી વાર સાથે જોવા મળે છે અને સોશ્યલ મીડિયા પર પણ તેમની પોસ્ટને લઈને તેઓ ચર્ચામાં રહે છે. તે હવે ‘હીરામંડી : ધ ડાયમન્ડ બઝાર’માં જોવા મળવાની છે. આ શોમાં તેની સાથે રિચા ચઢ્ઢા, અદિતિ રાવ હૈદરી, મનીષા કોઈરાલા, સંજીદા શેખ અને શર્મિન સહગલ જોવા મળી રહી છે. આ શોના એક ગીતના શૂટિંગના દસ દિવસ પહેલાં જ રિચાએ લગ્ન કર્યાં હતાં. અદિતિએ પણ શૂટિંગ પૂરું થતાં જ સગાઈ કરી છે. તેમ જ શર્મિન સહગલે પણ હાલમાં જ લગ્ન કર્યાં છે. રિચાએ શોના શૂટિંગ દરમ્યાન શોના ડિરેક્ટર સંજય લીલા ભણસાલીને કહ્યું હતું કે આ એક મૅરેજ બ્યુરો જેવું છે.

આથી સોનાક્ષીને પણ લગ્ન વિશે પૂછવામાં આવતાં તેણે સવાલને ફગાવતાં મસ્તીમાં જવાબ આપ્યો હતો કે તમારી શુભેચ્છા માટે આભાર. જોકે તેણે પાર્ટનર શોધી કાઢ્યો કે કેમ એ વિશે પૂછતાં સોનાક્ષી કહે છે, ‘મારે પહેલાં પાર્ટનર શોધવો પડશે. ત્યાર પછી હું લગ્ન વિશે જણાવીશ.....’

# કલ્કી 2898 એડીનું ટીઝર જાહેર




ફિલ્મ નિર્માતાઓ હમેશા કઈક નવું કરવાની કોશિશ માં લાગેલા હોય છે. બીજાથી તેઓ અલગ કેમ અને કેવી રીતે છે તે બતાવવાની હરીફાઈમાં દર્શકોને કેટલીક વખત લાભ થાય છે, જ્યારે કોઈ વખત નિરાશ પણ થવું પડે છે. બૉલીવુડમાં હાલમાં એક એપિક સાય-ફાઈ ડિસ્ટોપિયન ફિલ્મને લઈને ખૂબ ચર્ચા ચાલી રહી છે. અને નિર્માતાઓ પણ આ ફિલ્મને લઈને ઉત્સાહ જૉવા મળી રહ્યો છે. તેનું કારણ આ ફિલ્મમાં બધાથી કઈક વિશેષ છે, તેની વાર્તા ,ટેકનોલોજી ,નિર્માણ બધુંજ અલગ છે.

ઉપરાંત કલ્કી 2898 એડી ફિલ્મ માટે ફેન્સ પણ ખુબજ ઉત્સાહમાં છે, આ ફિલ્મમાં પ્રભાસ, અમિતાભ બચ્ચન , કમલ હસન, દીપિકા પાદુકોણ અને દિશા પટણી મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ એક એપિક સાય-ફાઈ ડિસ્ટોપિયન ફિલ્મ છે. હમણાં તાજેતરમાં જ ફિલ્મ મેકર્સએ અમિતાભ બચ્ચનના પાત્રનો ફર્સ્ટ લુક રિલીઝ કર્યો છે, જાણવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મ આ વર્ષની મચ વેઈટેડ ફિલ્મોમાંથી એક છે.

ફિલ્મનું ટીઝર 69 સેકન્ડ છે જેમાં બચ્ચને માટીના અને કપડાંથી ફેસ કવર કરીને, એક ગુફામાં શિવલિંગની પ્રાર્થના કરતા બેઠેલા દેખાય છે, શાંત બેકગ્રાઉન્ડ મ્યુઝિક વચ્ચે, એક બાળકનો અવાજ સંભળાય છે, તે પૂછે છે કે, “શું તમે અમર છો? શું તમે દૈવી છો? તમે કોણ છો?” ત્યારબાદ બચ્ચન ભારે અવાજે જણાવે છે, “પ્રાચીન સમયથી, હું અવતારની રાહ જોતો હતો. હું ગુરુ દ્રોણનો પુત્ર છું. અશ્વત્થામા.”

ટ્વિટર પર બચ્ચને લખ્યું, “મારા માટે આ એક અલગ અનુભવ રહ્યો છે. પ્રોડક્ટિવ વિચારોનું અમલીકરણ, આધુનિક ટેક્નોલોજીથી વાકેફ અને ખાસ સ્ટ્રેટોસ્ફેરિક સુપર સ્ટારની હાજરીને લીધે એક ખાસ અલગ અદ્ભુત અનુભવ રહ્યો છે.”

IPL 2024 મેચની શરૂઆત પહેલા સ્ટાર સ્પોર્ટ્સ પર આ ફિલમનું ફર્સ્ટ લુક રિલીઝ કરવામાં આવ્યું હતું .આ પહેલા નિર્માતાઓએ ફર્સ્ટ લુક રિલીઝ ઈવેન્ટ વિશે જાહેરાત પોસ્ટર પણ બહાર પાડ્યું હતું. પોસ્ટરમાં, બિગ બીને સંપૂર્ણ રીતે કપડામાં ઢાંકેલા અને માસ્ક પહેરીને મંદિરમાં બેઠેલા દર્શાવવામાં આવ્યા હતા.આ અગાઉ થોડા મહિના પહેલા અશ્વિને એપિક સાયન્સ-ફિક્શન ફિલ્મ વિશે કેટલાક રસપ્રદ ખુલાસા કર્યા હતા, વચન આપ્યું હતું કે કલ્કિ 2898 એડી એક ઍક્સટ્રાઓર્ડિનરી વિઝ્યુઅલ ફિલ્મ હશે.

તાજેતરમાં ગુડગાંવમાં સિનેપ્સ 2024 ઈવેન્ટને સંબોધિત કરતી વખતે, નિર્માતાએ કહ્યું, “મેં ઈચ્છ્યું કે ત્રણ-ચાર વર્ષ પહેલાં જ્યારે ફિલ્મ પ્રી-પ્રોડક્શનમાં હતી ત્યારે આ વધુ એડવાન્સ્ડ ટેક્નોલોજી હોત તો ફિલ્મમાં ઘણી મદદ મળી હોત. ફિલ્મમાં અમે નવી દુનિયા બનાવી છે જેમ કે... હું હમણાં જ સ્ક્રીન પર આ ચિત્રને જોઈ રહ્યો છું, અમે ઘણા બધા વિવિધ ખ્યાલ અને કલાકારો સાથે કામ કરીએ છીએ અને સંકેતો આપીએ છીએ અને અહીં ફરીથી, એક ખૂબ જ પર્સનલ, અલગ સંદર્ભો આપવા અને આ વિશ્વનું નિર્માણ કરવાનો પ્રયાસ કર્યો છે.”આ ફિલ્મ વૈશ્વિક સ્તરે 9 મે, 2024 નારોજરિલીઝથશે,

# રેલી-સભામાં કાળા વાવટા ફરકાવવા પર પ્રતિબંધનો મુદ્દો કોર્ટમાં

## ■ ક્ષત્રિય સમાજ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં કરાઈ રિટ

ગુજરાત | વંદન

રાજપૂત અને ક્ષત્રિય આંદોલનના પડઘા હાઈકોર્ટમાં પણ પડ્યા છે. જેમાં એક રિટ પિટિશન મારફતે માત્ર અમદાવાદમાં ધારા-૧૪૪ લાગુ હેઠળનું જાહેરનામું પ્રસિદ્ધ કરી રાજકીય રેલી, સભા વગેરેમાં કાળા વાવટા ફરકાવવા કે ઉશ્કેરણીજનક બેનર્સ કે સૂત્રોચ્ચાર પર પ્રતિબંધ મૂકતા પોલીસ કમિશનરના નિર્ણયને પડકારવામાં આવ્યો છે. આ રિટમાં અરજદાર અને રાજ્ય સરકાર તરફથી થયેલી પ્રાથમિક રજૂઆતોના અંતે હાઈકોર્ટના જસ્ટિસ વૈભવી ડી. નાણાવટીએ ચુકાદો અનામત રાખ્યો છે.

આ કેસમાં અરજદાર અર્જુનસિંહ ગોહિલ તરફથી એડવોકેટ સુધાંશુ ઝાએ હાઈકોર્ટ સમક્ષ રિટ પિટિશન કરીને એ મતલબના મુદ્દા ઉપસ્થિત કર્યા હતા કે, 'પોલીસ કમિશનર દ્વારા ધારા ૧૪૪ હેઠળનું જે જાહેરનામું કર્યું છે એ કાયદાની જોગવાઈઓ વિરુદ્ધ છે. જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે આગામી લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ અને ભયમુક્ત વાતાવરણ વચ્ચે યોજાય અને કોઈ કાયદા-વ્યવસ્થાનો ભંગ ન થાય એ સુનિશ્ચિત કરવા અને નાગરિકો મત આપવાના અધિકારનો યોગ્ય ઉપયોગ કરી શકે એ મુદ્દાઓને ધ્યાનમાં લઈ અમદાવાદ શહેરમાં પ્રવર્તમાન હાલની શાંતિ અને સલામતી જળવાઈ રહે તે અનુસંધાને લોકસભા ચૂંટણીમાં થનારા પ્રચાર પ્રસાર અન્વયેની રેલી, સભા, સરઘસમાં કોઈના કોઈ કારણો આગળ ધરી કેટલાક ઈસમો કે જૂથ દ્વારા વિરોધ કરવાની તથા કાળા વાવટા ફરકાવી સૂત્રોચ્ચાર કરી, પ્લે કાર્ડ-બેનરો દર્શાવી કે આક્રમક કે ઉશ્કેરણી જનક ભાષણ કરી જેતે વિસ્તારની શાંતિ સલામતી જોખમાવવાની પૂરેપૂરી શક્યતા જણાય છે. જાહેર સુલેહ શાંતિ ભંગ કે હુલ્લડ થવાની શક્યતા રહેલી છે. જેને ધ્યાનમાં લઈ સામાન્ય નાગરિકોની સલામતી અને સુરક્ષા તથા જાહેર વ્યવસ્થા જાળવવા માટે નિયમન રાખવાની જરૂર હોઈ આ



જાહેરનામું કરવામાં આવ્યું છે.'


વધુમાં એવું જણાવ્યું હતું કે, 'પો. કમિશનરે ધારા ૧૪૪ની સત્તાની રૂએ ઉક્ત હુકમ કર્યો છે. જેમાં ચૂંટણીમાં નીકળતી રેલી, સભા, સરઘસમાં કાળા વાવટા નહીં ફરકાવવા, ઉશ્કેરણીજનક બેનર, પ્લે કાર્ડ નહીં બતાવવા કે વિરોધમાં સૂત્રોચ્ચાર નહીં કરવાનું ઠરાવવામાં આવ્યું છે. જોકે ધારા-૧૪૪ મુજબ જિલ્લા મેજિસ્ટ્રેટ વગેરેના અભિપ્રાય લેવાયા નથી. કટોકટીની કોઈ પરિસ્થિતિ ગુજરાતમાં નથી અને માત્ર અમદાવાદ માટે જ આ જાહેરનામું કરવામાં આવ્યું છે. જે સંપૂર્ણપણે ગેરકાયદેસર હોઈ તેને રદ કરવો જોઈએ. હકીકતમાં રાજપૂત સમાજ એક રાજકીય નેતાના નિવેદનથી નારાજ હોઈ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે અને તેમનો અવાજ ડામવાના આશય સાથે આ જાહેરનામું કરવામાં આવ્યું છે.'

રાજ્ય સરકાર તરફથી એડિશનલ એડવોકેટ જનરલે આ રિટ પિટિશન રદ કરવાની દલીલ કરતાં કહ્યું હતું કે, 'અરજદારની દલીલ યોગ્ય નથી. પોલીસ કમિશનરને આ પ્રકારના જાહેરનામા પ્રસિદ્ધ કરવાની સત્તા છે. બીજી તરફ અરજદારના સમાજને કોઈ પણ રીતે રેલી, સરઘસ કે સભા કરવાથી રોકવામાં આવ્યા નથી, તેથી તેમની અભિવ્યક્તિની સ્વતંત્રતા ભંગ થતી નથી. માત્ર રાજકીય સભા, સરઘસ દરમિયાન કોઈને પણ કાળા વાવટા ફરકાવવા કે ઉશ્કેરણીજનક પ્લે કાર્ડ નહીં બતાવવાનું ઠરાવવામાં આવ્યું છે. જેથી કરીને રાજકીય સભા-સરઘસમાં કોઈ ઉશ્કેરણીજનક કૃત્ય ન થાય અને કાયદો-વ્યવસ્થા જોખમાય નહીં.' હાઈકોર્ટે બંને પક્ષની રજૂઆતોના અંતે ચુકાદો અનામત રાખ્યો છે.

# તસ્વીર બોલે છે.....21મી સદીનો રસ્તો...વાહન કઇ રીતે જશે...



પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના પાલ્લા ગામ નજીક કરાડ ડેમ જતાં હનુમાનજી મંદિર પાસે બનાવેલો રસ્તો ચર્ચામાં છે. જેમાં રસ્તાની વચ્ચોવચ્ચ વીજળીના ટ્રાન્સફોર્મરનો થાંભલો દેખાય છે. આ રસ્તા પરથી માત્ર બે પૈડાવાળા વાહનો જ જઈ શકે તેમ છે. લોકલ સ્તરે કેટલાક સવાલો થઈ રહ્યાં છે: 1) શુ રસ્તો બન્યા બાદ સ્વયંભૂ પોલદાદા બાજુમાંથી ખસીને *રસ્તા વચ્ચોવચ્ચ આવી ગયા હશે?! 2) ડામર રોડ_પોતે જ ખસ્યો હશે અને MGVCLનો પોલદાદા એટલે કે વીજળીનો થાંભલો ખોળામાં લઈ લીધા હશે?! સામાન્ય લાગતી વાત અનેકના મોતનું કારણ બની જાય છે.. શું તપાસ થશે કે આ રસ્તો પર ડામર પાથરતી વખતે કોઈએ સામાન્ય બુધ્ધિનો ઉપયોગ નહીં કર્યો હોય..?!



# અમે પ્રજાના કામો પૂરા કરીને વિપક્ષને નવરાધૂપ કરી નાંખ્યા: વડાપ્રધાન મોદી

## ■ કોંગ્રેસ છોડતા આગેવાનો અંગે વડાપ્રધાને આપ્યું કારણ

ગુજરાત | વંદન

ગુજરાત કોંગ્રેસમાંથી સંખ્યાબંધ ધારાસભ્યો પક્ષ છોડીને ભાજપમાં જોડાયા છે. છેલ્લે અર્જુન મોઢવાડિયાએ પાર્ટી છોડી ત્યારે રાજકીયક્ષેત્રે ઘણાંને નવાઈ લાગી હતી. કોંગ્રેસમાંથી ધારાસભ્યો કે અન્ય નેતાઓ પાર્ટી કેમ છોડે છે એ અંગે વડાપ્રધાન મોદીનું માનવુ છે કે વિપક્ષના લોકો મોજી થઈ ગયા છે.

એક ગુજરાતી ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં પીએમ મોદીને સવાલ કર્યો કે ગુજરાત કોંગ્રેસના મોટા નેતાઓ પણ આજે કોંગ્રેસને અલવિદા કહી ચુક્યા છે તો તેમના કોંગ્રેસ છોડવા પાછળ એવા તો શું કારણો જવાબદાર હોય છે જે વર્ષોથી સમર્પિત મોટા નેતાઓ પણ પાર્ટી છોડવા તૈયાર થઈ જાય છે.

આ સવાલના જવાબ પર પીએમ મોદીએ જણાવ્યુ કે હું જ્યારે ગુજરાતનો સીએમ હતો એ સમયે હું જોતો હતો કે વિધાનસભા ગૃહમાં વિપક્ષમાં ઘણો જૂથવાદ હતો. દળ ઘણુ નાનું હતુ પરંતુ વિપક્ષ અનેક જૂથોમાં વિભાજીત થયેલો હતો. ક્યારેક મારી તેમની સાથે આ મુદ્દે વાત પણ થતી અને હું કહેતો પણ હતો કે હું ઈચ્છુ કે એક સારા વિપક્ષની ભૂમિકામાં તમે લોકો પર્ફોર્મ કરો.

એ હાઉસમાં જો કોઈ સવાલ પૂછતા હતા તો હું મારી સરકારને પણ કહેતો હતો કે હાઉસમાં જે જવાબ આપવાનો હોય તે તો આડવાત છે. પરંતુ બે મહિનામાં તમારે મને એમના સવાલ પર કામગીરી બતાવવી પડશે. જો કોઈ વિપક્ષી નેતાએ રોડનો સવાલ કર્યો હોય તો મારે ત્યાં રોડ બનેલો જોઈએ, જો તેમણે રસ્તા પરના ખાડાઓની વાત કરી હોય તો ખાડાઓ ભરાઈ જવા જોઈએ. તો સ્થિતિ એવી આવી ગઈ હતી કે વિપક્ષ પાસે કોઈ કામ જ નહોંતુ બચ્યુ.બીજુ એવુ હતુ કે વિપક્ષના લોકો મોજી થઈ ગયા હતા. દિલ્હીવાળાઓને ખુશ રાખવાની કામગીરીમાં જ લાગેલા રહેતા. દિલ્હીથી તેમને કોઈ સૂચના આવશે તો કામ કરશે એ આદત બની ગઈ હતી.

# મતદાન જાગૃતિ માટે રિવરફ્રન્ટ ખાતે આજે 'રન ફોર વોટ' કાર્યક્રમ, કલેકટરે રૂટની સમીક્ષા કરી

## ■ અટલ બ્રિજથી અટલબ્રિજ સુધીની દોડમાં સેકડો લોકો જોડાશે

ગુજરાત | વંદન

રિવરફ્રન્ટ ખાતે 5મીએ યોજાનારા 'રન ફોર વોટ' કાર્યક્રમમાં 2500થી વધુ યુવાનો જોડાશે. રાજ્યમાં આગામી 7 મેના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી યોજાનાર છે, જેના ભાગરૂપે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સર્વગ્રાહી કામગીરી હાથ ધરાઈ છે. મહત્તમ મતદાન થાય તે



દિશામાં ચૂંટણી તંત્ર દ્વારા ટર્નઆઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મતદાન જાગૃતિ માટે સઘન પ્રયાસો હાથ ધરાયા છે.

સમગ્ર રાજ્યની સાથે સાથે અમદાવાદમાં 'મતદાન જાગૃતિ' સંદર્ભે 5મી મેના રોજ 'રન ફોર વોટ' કાર્યક્રમનું આયોજન કરાયું છે.જેમાં અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આજે .5મી મેના રોજ સવારે 7 વાગ્યે 'રન ફોર વોટ' કાર્યક્રમ યોજાયો . ગુજરાત રાજ્યનાં મુખ્ય નિર્વાચન અધિકારી સુશ્રી પી.ભારતીએ રન ફોર વોટને ફ્લેગઓફ આપશે.

રન ફોર વોટના સફળ આયોજનના ભાગરૂપે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ રિવરફ્રન્ટ ખાતે સ્થળ મુલાકાત લઈને રૂટની સમીક્ષા કરી હતી.જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ સમીક્ષા કરી ઉપસ્થિત સૌ અધિકારીઓને જરૂરી દિશા-નિર્દેશ કર્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમને સફળ બનાવવા માટે જે-તે વિભાગના સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચન પણ કર્યાં હતાં.

# ઉમેદવારોને કડક ચેતવણી : 'કામ નહીં તો વોટ નહીં..'




## ■ સોસાયટીઓની બહાર ચૂંટણી બહિષ્કારના બેનર લાગ્યા

ગુજરાત | વંદન

નડિયાદના ડભાણ રોડ પર કલેક્ટર કચેરી પાસે આવેલી ત્રણ સોસાયટીઓમાં છેલ્લા દોઢ વર્ષથી ગટર ઉભરાવાની સમસ્યા છે. જે અંગે તંત્ર દ્વારા કાયમી નિરાકરણ લાવવામાં ના આવતા સોસાયટીના રહિશોએ સોસાયટી બહાર ચૂંટણી બહિષ્કારના બોર્ડ લગાવ્યા છે. તેમજ સમસ્યાનો ઉકેલ નહીં આવે તો ચક્કાજામ કરવાની ચિમકી ઉચ્ચારી છે.

નડિયાદમાં ડભાણ રોડ પર કલેક્ટર કચેરીની બરાબર સામે આવેલી જીઈબી પાસેની પુષ્પવિહાર, પદ્માવતી અને શ્રીજી પુજન સોસાયટીમાં ૬૫થી વધુ પરિવારો વસવાટ કરે છે.

છેલ્લા દોઢ વર્ષથી આ સોસાયટીઓના કોમન રસ્તા પર ગટરનો પ્રશ્ન વણઉકેલ્યો રહ્યો છે. ગટરનું પાણી ભરાઈ રહેતા રસ્તા પર લીલના થર જામી જતાં અકસ્માતનો ડર રહે છે. અસહ્ય દુર્ગંધથી સોસાયટીના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠયાં છે.

આ અંગે સ્થાનિકોએ યોગીનગર ગ્રામ પંચાયતથી લઈ ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરી હતી. જે-તે સમયે તાલુકા વિકાસ અધિકારીએ સ્થળ મુલાકાત કરી પ્રશ્નના ઉકેલની ખાતરી આપી હતી. તે વખતે સમસ્યાનું ટેમ્પરરી સમાધાન થયું હતું પરંતુ બાદમાં સમસ્યા જૈસે થે રહી હોવાનો આક્ષેપ રોષે ભરાયેલા સ્થાનિકોએ લગાવ્યો છે.

તેમજ ત્રણેય સોસાયટીના રહીશોએ મતદાન બહિષ્કારનો નિર્ણય કરી સોસાયટીના પ્રવેશ માર્ગ પર ચૂંટણી બહિષ્કારના બેનર માર્યા છે. તથા આગામી બે દિવસમાં સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો નડિયાદ-ડભાણ રોડ પર સોસાયટીના નાકે ચક્કાજામ કરવાની ચિમકી સ્થાનિક મહિલાઓએ ઉચ્ચારી છે.

સમગ્ર મામલે સરપંચ પ્રદીપભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, આ સોસાયટીઓનું લેવલ નીચું છે અને ગટરનું લેવલ ઉંચું છે. જે-તે સમયે સોસાયટી બનાવતી વખતે ખારકૂવા બનાવ્યા નથી.



# અમદાવાદને મળશે અતિઆધુનિક રેલવે સ્ટેશન

## ■ રૂ.4 હજાર કરોડના ખર્ચે કાલુપુર રેલ્વે સ્ટેશન નવું નકોર બનશે

ગુજરાત | વંદન

રેલવે વિભાગ દ્વારા ગુજરાતનાં રેલ્વે સ્ટેશનોને અત્યાઆધુનિક તેમજ હેરીટેજ લુક આપવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેને લઈ આજથી અમદાવાદમાં કાલુપુર રેલ્વે સ્ટેશનનાં નવીનીકરણની કામ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં એક્ઝિટ ગેટ પાસે ઈમારતોને તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. અંદાજે 4 કરોડનાં ખર્ચે તૈયાર થનાર રેલ્વે સ્ટેશનનું નવીનીકરણની કામગીરી આજથી શરૂ કરવામાં આવ છે. ત્યારે હવે એક જ સ્થળ પરથી મુસાફરોને રેલવે, મેટ્રો, બુલેટ ટ્રેન તેમજ BRTS ની કનેક્ટિવિટી મળશે.

અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશનને હેરિટેજ લુક સાથે તૈયાર કર્યા બાદ હવે 4 હજાર કરોડના ખર્ચે કાયાપલટ કરવાનો નિર્ણય કરાયો છે. હડસન હાઈલાઈન પાર્ક પરથી તૈયાર ડિઝાઈન તૈયાર કરાઈ છે. 26 ફેબ્રુઆરીએ પ્રધાનમંત્રીની લીલીઝંડી મળ્યા બાદ પ્રથમ તબક્કાની કામગીરી શરૂ કરાશે. નવી સ્ટેશનમાં કોણાર્ક અને અડાલજ વાવ થીમની ડિઝાઈન તૈયાર કરાઈ છે.

નવા સ્ટેશનમાં જૂના ટ્રેકની સંખ્યા જાળવી ટ્રેકની સંખ્યા વધારાશે. પ્રથમ તબક્કાની કામગીરી માટે રૂપિયા 2400 કરોડ ફાળવાયા છે. નવા સ્ટેશનમાં કાલુપુર બ્રિજથી સારંગપુર બ્રિજ સુધીનો વિસ્તાર ડેવલપ કરાશે. જેમાં ગાર્ડન, મોલ સાથે એલિવેશન રોડ બનશે. આધુનિક ટેકનોલોજી સાથે બુકીંગ એરિયા અને રેસ્ટ રૂમ પણ હશે.

હેરિટેજ ઝુલતા મિનારાને યથાવત રાખી 20 એકર વિસ્તારમાં ગ્રીન સ્પેસ રાખી નવો લુક અપાશે. વિશાળ એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ સાથે મુસાફરો કાલુપુર અને સરસપુર તરફથી એન્ટ્રી લઈ શકશે. કાલુપુર રેલવે સ્ટેશન ઉપર બુલેટ ટ્રેન નીચે જમીનમાં મેટ્રો રેલ અને વચ્ચે પશ્ચિમ રેલવેની ટ્રેનો પસાર થતાં મુસાફરોને રેલવે સ્ટેશનનો એક અલગ અનુભવ થશે.

નવા સ્ટેશનની ડિઝાઈનમાં કોનારકની થીમ અને અડાલજ વાવ સહિતની થીમની ડિઝાઈન પર તૈયાર કરવામાં આવશે. જે ડિઝાઈન પ્રમાણે જુના ટ્રેકની સંખ્યા જાળવી રાખી ટ્રેકની સંખ્યા વધારે બનાવાશે. પ્રથમ તબક્કામાં 2400 કરોડના ખર્ચે કામ કરાશે. જેના માટે રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીઈનું ટેન્ડર પાસ કરાયું છે. તો ટ્રેનની અવર જવર પર કોઈ અસર ન પડે અને મુસાફરોને વધુ સારી અને આધુનિક સુવિધા મળી રહે તે માટે કાલુપુર ખાતે પ્લેટફોર્મ 7,8 અને 9 બંધ કરી ત્યાં પ્રથમ તબક્કામાં કામ શરૂ કરાશે.

# ગુજરાતના ઉમેદવારોમાં ચૈતર વસાવા સામે સૌથી વધુ કેસ

## ■ આપના ઉમેદવાર ભરૂચથી નસીબ અજમાવી રહ્યાં છે...



ગુજરાત | વંદન

ગુજરાતમાં લોકસભાની ચુંટણી લડી રહેલા ઉમેદવારો માંથી ચૈતર વસાવા સામે સૌથી વધુ ફોજદારી કેસો નોંધાયેલા છે. ચૈતર વસાવા પોતે આદિવાસી છે, ઈન્ડિયા બ્લોકના ભાગ રૂપે કોંગ્રેસના સમર્થન સાથે ભરૂચ મતવિસ્તારમાંથી ચૂંટણી લડે છે. ADRની યાદી - ECI ડેટાના આધારે - બતાવે છે કે, તે 36 ઉમેદવારોની યાદીમાં ટોચ પર છે જેમની સામે ફોજદારી કેસ પેન્ડિંગ છે. આશાસ્પદ ઉમેદવાર ગણાતા, આદિવાસીઓમાં લોકપ્રિય, ચૈતરનો મુકાબલો ભાજપના મનસુખ વસાવા સામે છે, જે છ ટર્મના લોકસભા સાંસદ છે.

ડિસેમ્બર 2023માં રમખાણોના કેસમાં એક મહિના માટે જેલમાં રહ્યા બાદ, ગુજરાત હાઈકોર્ટે ચૈતરની જામીન શરતને સ્થગિત કરી હતી, જેના હેઠળ તેમને નર્મદા જિલ્લામાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જેનો ભાગ ભરૂચ મતવિસ્તાર હેઠળ આવે છે. કેસની આગામી સુનાવણી 12 જૂને છે. આનાથી તેમને તેમની ઉમેદવારી રજૂ કરવાની મંજૂરી મળી. સેશન્સ કોર્ટે આ વર્ષે જાન્યુઆરીમાં જામીનની શરતો લાદી હતી.

ચૂંટણી સુધારણા લાવવા માટે સુપ્રીમ કોર્ટમાં ઘણા કેસ લડવા માટે જાણીતી એડીઆરે તાજેતરમાં ચૂંટણી બોન્ડ સ્કીમ માટે કેસ લડ્યો હતો, જેણે આ સંસ્થાને લાઈમલાઈટમાં લાવી હતી. ઉમેદવાર દ્વારા દાખલ કરાયેલ એફિડેવિટ પર આધારિત એડીઆર યાદી દર્શાવે છે કે ચૈતર વસાવાની સામે લૂંટ, જાતીય હુમલો, છેડતી, ગંભીર ઈજા પહોંચાડવા, મૃત્યુદંડ અથવા આજીવન કેદ, ધર્મ, જાતિ,જન્મ સ્થળ, રહેઠાણ, ભાષા વગેરેના આધારે વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવું અને સંવાદિતા જાળવવા માટે હાનિકારક કૃત્યો કરવા વગેરે સહિતની 12 ફોજદારી કેસ પેન્ડિંગ છે.

# ગુજરાતના ઉમેદવારોમાં પૂનમ માડમ એક તુ હી ધનવાન બાકી સબ...?!

## ■ 147 કરોડના માલકીન છે પૂનમ, બસપાના રેખા પાસે માત્ર બે હજાર..!

ગુજરાત | વંદન

લોકસભા ચૂંટણી 2024 માટે બે તબક્કાનું મતદાન થઈ ગયું છે હવે આગામી 7 મેના રોજ અન્ય રાજ્યોની સાથે ગુજરાતની તમામ 26ને બદલે 25 બેઠકો માટે એક સાથે મતદાન થશે. કેમ કે સુરતની બેઠક ભાજપે બિનહરીફ જીતી લીધી છે. રાજ્યની 25 બેઠકો પર રાજકીય જંગમાં કુલ 260 ઉમેદવારો પોતાનું નસીબ અજમાવી રહ્યા છે.

ગુજરાતના ઉમેદવારોમાં ભાજપના ઉમેદવાર પૂનમ માડમ રાજ્યના સૌથી અમીર ઉમેદવાર છે. પૂનમ માડમ પાસે 147 કરોડ



રૂપિયાની સંપત્તિ છે. ADR નામની એક એનજીઓએ ઉમેદવારોના ચૂંટણી એફિડેવિટ્સના વિશ્લેષણના આધારે આ દાવો કર્યો છે.

ADR મુજબ ગુજરાત રાજ્યના ઉમેદવારોની યાદીમાં BSPના બારડોલી (અનુસૂચિત જનજાતિ) બેઠકના ઉમેદવાર રેખા ચૌધરી છેલ્લા સ્થાને છે, તેમણે માત્ર 2,000 રૂપિયાની સંપત્તિ જાહેર કરી છે.એડીઆરએ જણાવ્યું હતું કે રાજ્યમાં લોકસભાની 26 બેઠકો માટે કુલ 266 ઉમેદવારો મેદાનમાં છે, જેમાંથી 68 (કુલ ઉમેદવારોના

...અનુસંધાન પેજ નં. 6 પર

# જ્યારે સિવિલ હોસ્પિટલના ડોક્ટરોએ એક બાળકીને આપ્યું નવજીવન....

## ■ નારિયેળનો ટુકડો ગળી ગઈ , શ્વાસ નળીમાં અટકી ગયો આખરે અમે બચાવી- ડો. રાકેશ જોશી

ગુજરાત | વંદન

શહેરની અને એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ માં અનેક પ્રકારની સમસ્યા લઈને દર્દીઓ આવતા હોય છે, સિવિલના સત્તાવાળાઓ તેનો યોગ્ય નિરાકરણ લાવીને દર્દી અને તેના સગા સંબંધીઓને ચહેરા પર સ્મિત લાવે . તાજેતરમાં એક આવો જટિલ કેસ આવ્યો જેમાં એક બાળક



નારિયેળનો એક ટુકડો ગળી ગયો અને શ્વાસ નળી માં અટકી ગયો ..

બાળકોનો ઉછેર કરવો હવે સહેલી વાત રહી નથી ,તેના માટે માતા-પિતાએ ૨૪ x ૭ અલર્ટ મોડમાં જ રહેવું આવશ્યક બની ગયું છે. અને એમાંય જો સહેજ ભૂલ થઈ ગઈતો પછી તેના પરિણામો ભોગવવા માટે તૈયાર રહેવું પડતું હોય છે. આવા ચેતવણીરૂપ કીસ્સા હાલમાં વધુ બની રહયા હોવાનું સામે આવી રહ્યું છે. જેનું જીવંત ઉદાહરણ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં જોવામાં આવી રહ્યું છે. જેમાંથી માતા-પિતાએ એમાંથી શીખ લેવી જોઈએ ,ખાસ કરીને જેમના બાળકને મોઢામાં નાખવાની ટેવ હોય તો તેમને સાવધ રહેવું જરૂરી છે. બાળક રમતા -રમતા કોઈ પણ વસ્તુ મોઢામાં નાખી દેતુ હોય છે. તેથી હમેશા તેની આજુ-બાજુ એવી વસ્તુ ન રાખવી કે તે તરત હાથમાં પકડીને મોઢાં નાખી દે. આવા કિસ્સાઓ વિષે વાત કરતાં સિવીલ સુપ્રિન્ટેનડેન્ટ ડૉ. રાકેશ જોષી એ જણાવ્યું હતું કે,નાના બાળકો મા શ્વાસ નળીમાં ફોરેન બોડી જતી રહેવાનાં કિસ્સા વારંવાર આવતાં હોય છે અને જો સમયસર ખબર પડી તેને ઓપેરેશન કરી બહાર કાઢવા મા નાં આવે તો ઘણી વખત જીવલેણ પણ સાબિત થઈ શકે છે.

...અનુસંધાન પેજ નં. 6 પર



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009